RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 18-05-2026 I VOL : 12 I Issue : 62 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN  Contact :- MO : 9662420070  E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

જે નસીબમાં નથી લખ્યું એને પણ મહેનતથી મેળવતા શીખો !!

3 
રાજધાની એક્સપ્રેસનો AC કોચ ભીષણ આગથી બળીને રાખ

4 
સહન બધું જ પ્રજાએ કરવાનું, રાજાએ તો માત્ર રાજ કરવાનું, તંત્ર મજા કરતું જાય છે

6 
જેને ડેટ કરો તેની સાથે જ લગ્ન જરૂરી નથી: કિયારા અડવાણી

7 
મારી સાથે પણ આવું જ કર્યું હતું, કોહલી પર દબાણ અંગે અશ્વિનનું દર્દ છલકાયું

**એક નજર...**

## સાક્ષી મલિકે કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



તાજેતરમાં જ અભિનેત્રી સાક્ષીએ ફરી એકવાર પોતાની લેટેસ્ટ બોલ્ડ પોસ્ટથી ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. આ તસવીરો પર ફેન્સ મનભરીને કોમેન્ટ કરી રહ્યા છે. સોનુ કે ટીટુ કી સ્વીટી ફિલ્મથી રાતોરાત ફેમસ બનેલી સાક્ષી મલિક આ દિવસોમાં ભોજપુરી દુનિયામાં હલચલ મચાવતી જોવા મળે છે. અભિનેત્રીના હાથમાં એકથી એક મોટા પ્રોજેક્ટ આવી રહ્યા છે.

# ગુજરાતમાં બનશે 'સુપર ચિપ્સ'

## નેધરલેન્ડ્સની સેમિકન્ડક્ટર કંપની સાથે મેગા ડીલ, આ કંપની વિના અમેરિકા-તાઈવાન પણ લાચાર!

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના પાંચ દેશોના પ્રવાસના બીજા દિવસે નેધરલેન્ડ પહોંચ્યા છે. 9 વર્ષ બાદ આ યુરોપીય દેશની મુલાકાતે ગયેલા પીએમ મોદીએ એક એવો મોટો દાવ ખેલ્યો છે, જેનાથી ચીનની ચિંતામાં જોરદાર વધારો થવાનો નક્કી છે. ભારતે ટેકનોલોજીના મામલે સુપરપાવર ગણાતા નેધરલેન્ડ સાથે સેમિકન્ડક્ટર (ચિપ) સેક્ટરમાં એક મોટો અને ઐતિહાસિક કરાર કર્યો છે. હવે ભારત અને નેધરલેન્ડ મળીને ભારતમાં ચિપ મેકિંગના સપનાને નવી પાંખો આપશે. ભારત લાંબા સમયથી ગ્લોબલ ચિપ મેન્યુફેક્ચરિંગ હબ બનવા માંગે છે. હવે આ સપનું નેધરલેન્ડની સૌથી મોટી ચિપ મેકિંગ કંપની ASML સાથે મળીને પૂરું થશે. આ કંપનીની તાકાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, ASML દુનિયાની એકમાત્ર એવી કંપની છે જે એડવાન્સ ચિપ્સ બનાવવા માટે જરૂરી લિથોગ્રાફી મશીનો બનાવે છે. આ મશીન વગર તાઈવાન કે અમેરિકા જેવા દેશો પણ એડવાન્સ ચિપ બનાવી શકતા નથી. ડચ કંપની ASML અને ભારતની ટાટા ઈલેક્ટ્રોનિક્સ વચ્ચે આ અંગે MoU સાઈન થયા છે. આ કરાર હેઠળ ટાટા ગ્રુપ ગુજરાતના ધોલેરામાં ચિપ પ્રોડક્શન માટે રૂ. 91,000 કરોડનું રોકાણ કરી રહ્યું છે. ટાટા આ પ્લાન્ટ તાઈવાનની 'પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન' (PSMC) સાથે મળીને લગાવી રહ્યું છે.



હવે ડચ કંપની ASML આ પ્લાન્ટમાં એડવાન્સ લિથોગ્રાફી કમ્પોનન્ટ્સ પુરા પાડશે. સેમિકન્ડક્ટર બનાવવાની પ્રક્રિયામાં લિથોગ્રાફી સૌથી જટિલ અને ખર્ચાળ કામ ગણાય છે. ASML કંપની ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના આગામી 300 mm (12 ઈંચ) સેમિકન્ડક્ટર પ્રોડક્શનમાં ટેકનિકલ મદદ કરશે. અહીં બનનારી ચિપ્સ વૈશ્વિક સ્તરે ઓટોમોબાઈલ, મોબાઈલ ડિવાઈસીસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ની જરૂરિયાતો પૂરી કરશે. આ ડીલથી ચીન કેમ ફફડી ગયું? હાલમાં વૈશ્વિક ચિપ માર્કેટ પર ચીનનો દબદબો છે અને તે પોતાની આ મોનોપોલીનો ઉપયોગ અવારનવાર નિકાસ પર પ્રતિબંધ મૂકીને દાદાગીરી કરવા માટે કરે છે. પરંતુ ભારતની આ એન્ટ્રીથી ચીનના એકાધિકારને સીધો પડકાર મળશે. ભારત જેવા મજબૂત દેશના આ સેક્ટરમાં આવવાથી ચીનનું વર્ચસ્વ ઘટશે. અમેરિકા અને ચીન વચ્ચેના તણાવને કારણે દુનિયાભરની ટેક કંપનીઓ ચીનના વિકલ્પ તરીકે ભારત તરફ જોઈ રહી છે. આ ડીલ ભારતને ચિપ મેકિંગમાં આત્મનિર્ભર બનાવવાની સાથે એક મોટો નિકાસકાર (Exporter) પણ બનાવશે.

## NEET પેપર લીકમાં વધુ એક મોટો ખુલાસો, 'ગેસ પેપર'ના સવાલો પણ બીજા પ્રશ્નપત્ર સાથે મેચ થયા

નવી દિલ્હી

નીટ-યુજી પેપર લીકમાં એક પછી એક ધરપકડ અને નવા-નવા ખુલાસાઓ થઈ રહ્યા છે. હવે આ કેસમાં વધુ એક ચોંકાવનારી માહિતી સામે આવી છે. કેસના મૂળ સુધી પહોંચેલી સીબીઆઈની તપાસમાં નવો ખુલાસો થયો છે કે, નીટનું માત્ર એક પેપર જ નહીં, પ્રશ્નપત્રનો બીજો સેટ પણ લીક થયો હતો. જોકે તપાસમાં મોટો ધડાકો થયો છે કે, પ્રશ્નપત્રની બીજા સેટના સવાલો પણ 'ગેસ પેપર' (સંભવિત પ્રશ્નપત્ર)ના સવાલો સાથે એકસરખા મેળ ખાતા હતા. પેપર લીકના મુખ્ય કિંગપિન મનાતા આસિસ્ટન્ટ પ્રોફેસર પી.વી.કુલકર્ણી, સીનિયર ટીચર મનીષા ગુરુનાથ માંધરે અને મનીષા વાઘમારેનું નામ સામે આવ્યું છે. વાસ્તવમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દર વર્ષે નીટ યુજી પ્રશ્ન પત્રના બે સેટ તૈયાર કરતી હોય છે. આમાંથી કયો સેટ પરીક્ષામાં ઉપયોગ કરાશે, તેની માહિતી માત્ર ડાયરેક્ટર જનરલ પાસે હોય છે. બે સેટમાંથી એક પ્રશ્નપત્રનો સેટ હોય છે, જ્યારે બીજો સેટ રિઝર્વમાં રાખવામાં આવે છે. પરીક્ષામાં જો કોઈ ગેરરીતિ થાય અથવા પેપર લીક થાય તો તાત્કાલીક બીજા સેટનો ઉપયોગ કરી શકાય તે માટે NTA બે સેટ તૈયાર કરતી હોય છે. જોકે સીબીઆઈની તપાસમાં હવે સામે આવ્યું છે કે, રિઝર્વ સેટનું પેપર પણ પહેલેથી જ લીક થઈ ગયું હતું. NTA દ્વારા નીટ પરીક્ષા માટે બીજો સેટ પણ તૈયાર કરાયો હતો. જોકે જે પ્રશ્નો NTAના બીજા સેટમાં હતા, તેવા જ પ્રશ્નો આરોપીઓના સંભવિત પ્રશ્નપત્રમાં પણ હોવાનો ખુલાસો થયો છે.


# સુપ્રીમ કોર્ટમાં 4 નવા જજોની નિમણૂકને રાષ્ટ્રપતિની મંજૂરી

## હવે કુલ ન્યાયાધીશની સંખ્યા 37 એ પહોંચી

નવી દિલ્હી

દેશની સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ કેસોનો બોજ હળવો કરવા અને ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકારે એક મોટું અને ઐતિહાસિક પગલું ભર્યું છે. સરકારે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની માન્ય સંખ્યા 33 થી વધારીને 37 કરી દીધી છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ સરકાર દ્વારા આ અંગેનો નવો વટહુકમ (અધ્યાદેશ) બહાર પાડવામાં આવ્યો છે.

કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ મહત્વપૂર્ણ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી છે. તેમણે માહિતી આપી હતી કે, રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વટહુકમ, 2026' ને પોતાની લીલી ઝંડી આપી દીધી છે. આ નવા પગલા અંતર્ગત વર્ષ 1956ના મૂળ કાયદામાં જરૂરી સુધારો કરવામાં આવ્યો છે. આ નવા સુધારા બાદ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોનું માળખું બદલાશે. જેના અનુસાર મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત માન્ય જજોની સંખ્યા 33 થી વધીને 37 થઈ જશે. જજોની આ વધેલી સંખ્યામાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) નો સમાવેશ થતો નથી. એટલે કે મુખ્ય ન્યાયાધીશને ગણતરીમાં લેતા, સુપ્રીમ કોર્ટમાં કુલ ન્યાયાધીશોની સંખ્યા હવે વધીને 38 થશે. આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણયથી ન્યાયિક પ્રણાલીમાં મોટા સકારાત્મક બદલાવ આવવાની આશા છે. દેશની સર્વોચ્ચ અદાલતમાં વર્ષોથી પેન્ડિંગ પડેલા હજારો મુકદ્દમાઓનો બોજ ઓછો કરવામાં મદદ મળશે. જજોની સંખ્યા વધવાને કારણે કેસોની સુનાવણી અને તેના નિકાલ (Case Disposal) ની પ્રક્રિયા વેગ



પકડશે. આ ન્યાયિક સુધારાથી દેશના સામાન્ય નાગરિકોને સમયસર અને ઝડપી ન્યાય મળી શકશે. દેશની સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ કેસોનો બોજ હળવો કરવા અને ન્યાયિક પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકારે એક મોટું અને ઐતિહાસિક પગલું ભર્યું છે.

**NEWS TRACK**

## UAEના ન્યુક્લિયર એનર્જી પ્લાન્ટ પર ડ્રોન હુમલો

UAEના અલ ધફરા વિસ્તારમાં આવેલા બરાકાહ ન્યુક્લિયર એનર્જી પ્લાન્ટની બહાર ડ્રોન હુમલા બાદ એક વીજળી જનરેટરમાં આગ લાગી ગઈ. અબુ ધાબી મીડિયા ઓફિસ અનુસાર આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી. સાથે જ ન્યુક્લિયર પ્લાન્ટની સુરક્ષા અને રેડિયેશન સ્તર પર પણ કોઈ અસર થઈ નથી. અધિકારીઓ અનુસાર, પ્લાન્ટના તમામ જરૂરી મશીનો અને સિસ્ટમ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. હાલમાં એ સ્પષ્ટ થયું નથી કે ડ્રોન હુમલો કોણે કર્યો. બીજી તરફ, ઈરાન યુદ્ધ વચ્ચે વધુ એક LPG ટેન્કર હોર્મુઝ પાર કરીને ભારત પહોંચી ગયું છે. માર્શલ આઈલેન્ડ્સના ધ્વજવાળું ટેન્કર 'સિમી' 20 હજાર ટન LPG લઈને ગુજરાતના કંડલા પોર્ટ પહોંચ્યું. ANIના રિપોર્ટ અનુસાર, યુદ્ધ શરૂ થયા પછી અત્યાર સુધીમાં 15 LPG જહાજો ભારત પહોંચી ચૂક્યા છે. ટેન્કર 'સિમી' એ 13 મેના રોજ હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું હતું. રિપોર્ટ્સ અનુસાર, ભારત આવનાર LPG જહાજ 'MV સનશાઈન' પણ તાજેતરમાં સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી ચૂક્યું છે. અમેરિકાની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે 45 દિવસનો યુદ્ધવિરામ લંબાવવામાં આવ્યો.

## યુક્રેનનો રશિયા પર 1000થી વધુ ડ્રોનથી હુમલો

રશિયાએ તાજેતરમાં જ યુક્રેન પર 2000 ડ્રોન અને મિસાઈલથી હુમલો કર્યો હતો, જેનો યુક્રેને આજે વળતો જવાબ આપ્યો છે. યુક્રેને આજે રશિયાની રાજધાની મૉસ્કોમાં ડ્રોન અને મિસાઈલો ઝિંકી છે, જેમાં એક ભારતીય સહિત ત્રણના મોત અને 12 લોકોને ઈજા થઈ છે. મૉસ્કો પર ડ્રોન હુમલો મીડિયો રિપોર્ટ મુજબ, યુક્રેને રવિવારે સવારે મૉસ્કો પર ડ્રોનથી હુમલો કર્યો હતો. ત્યારપછી રશિયામાં ભારતીય દૂતાવાસે કહ્યું છે કે, આ હુમલામાં એક ભારતીય શ્રમિકનું મોત થયું છે, જ્યારે ત્રણ ભારતીયો પણ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. દૂતાવાસના અધિકારીઓએ તાત્કાલીક ઘટનાસ્થળની અને ઈજાગ્રસ્ત શ્રમિકની પણ મુલાકાત લીધી છે. રશિયન સેનાએ છેલ્લા 24 કલાકમાં 120થી વધુ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, યુક્રેને મોસ્કો સહિત અનેક રાજ્યો પર આખી રાત હુમલા કર્યા હતા, જોકે અમે તેઓને 556 ડ્રોન તોડી પાડ્યા છે.

## જૈન સંતોને બદનામ કરી વસૂલાત કરનારી 'બ્લેકમેલિંગ સિન્ડિકેટ'નો પર્દાફાશ!

# ફોરેન્સિક તપાસમાં ફેક નીકળ્યા હતા આચાર્ય શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજીના ફોટો; હવે બચવા માટે કાવતરાખોરો ફેલાવી રહ્યા છે ખોટો ભ્રમ

વિશેષ પ્રતિનિધિ, સુરત/અમદાવાદ


ધર્મ, આસ્થા અને પૂજનીય સંતોની આડમાં બ્લેકમેલિંગ અને વસૂલાતનો ધંધો ચલાવતી એક શાતિર ગેંગનો પર્દાફાશ થયો છે. સુરતના પોશ વિસ્તાર વેસુના એક જિનાલયના આચાર્ય શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર જે કથિત તસવીરો વાયરલ કરવામાં આવી હતી, તે સંપૂર્ણપણે નકલી, મોર્ફ્ડ અને એડિટ કરેલી હતી. આ ઘૃણાસ્પદ કાવતરા પાછળ અમદાવાદના જગત પારેખ, વિક્રમ બાફના, કલ્પેશ સિંઘવી અને હાર્દિક હુડિયાના નામ સામે આવ્યા છે, જેમનો મુખ્ય હેતુ માત્ર અને માત્ર જૈન મુનિઓને ડરાવીને તેમની પાસેથી મોટી રકમ વસૂલવાનો અને બ્લેકમેલ કરવાનો હતો.


### ગચ્છાધિપતિ સામેથી ભાગી છૂટ્યા કાવતરાખોરો

મામલાની ગંભીરતાને જોતા જ્યારે ગચ્છાધિપતિ શ્રી નરદેવસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે કડક વલણ અપનાવ્યું અને આ તમામ આરોપીઓને તેડાવ્યા, ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા. ગચ્છાધિપતિએ તેમને વારંવાર આદેશ આપ્યો કે જો તસવીરો સાચી હોય તો તેના 'ઓરિજિનલ સોર્સ અને પુરાવા' લઈને સામે આવે. પરંતુ અઠવાડિયા વીતી જવા છતાં અને વારંવાર બોલાવવા છતાં પણ આમાંથી એક પણ આરોપી મહારાજ સાહેબ સામે આવવાની હિંમત ન કરી શક્યો.

### ફોરેન્સિક રિપોર્ટે ખોલી પોલ, ગચ્છાધિપતિએ આપી ક્લીનચિટ

જ્યારે આરોપીઓ પુરાવા આપવામાં નિષ્ફળ રહ્યા, ત્યારે ગચ્છાધિપતિ શ્રી નરદેવસાગર સૂરીશ્વર મહારાજે આ કથિત તસવીરોની ઉચ્ચ સ્તરીય ફોરેન્સિક તપાસ (Forensic Lab Investigation) કરાવી. તપાસ રિપોર્ટ આવતાની સાથે જ જૂઠાણાનો એ મહેલ ધરાશાયી થઈ ગયો જે આ બ્લેકમેલરોએ ઊભો કર્યો હતો. ફોરેન્સિક નિષ્ણાતોએ સ્પષ્ટ કર્યું કે તસવીરો સાથે છેડછાડ કરવામાં આવી હતી. આ પછી ગચ્છાધિપતિજીએ લેખિતમાં આચાર્ય શ્રી સાગરચંદ્રસાગરસૂરીશ્વરજીને પૂર્ણ રૂપે ક્લીનચિટ આપી દીધી હતી.




### મીડિયાને મોહરું બનાવવાનો હતો પ્રયાસ; આ રીતે થયો ભાંડાફોડ

આ કાવતરાનો સૌથી ખતરનાક પાસું એ હતું કે આ આરોપીઓ પોતાને સાફ-સુથરા સાબિત કરવા માટે મીડિયાનો ઉપયોગ કરવા માંગતા હતા. માસ્ટરમાઈન્ડ હાર્દિક હુડિયા સતત પ્રેસનોટ્સ અને સમાચારો છાપવા માટે દબાણ કરી રહ્યો હતો.

પરંતુ, તપાસાત્મક પત્રકારત્વના સિદ્ધાંતો પર ચાલતી ટીમને આ આખા મામલામાં ઊંડા કાવતરાની ગંધ આવી. અમારી ટીમે જ્યારે પોતાના સ્તરે આ મામલાની ગ્રાઉન્ડ ઈન્વેસ્ટિગેશન અને ટેકનિકલ તપાસ કરી, તો સત્ય કંઈક અલગ જ બહાર આવ્યું. સામે આવ્યું કે જગત પારેખ (જેના પર પહેલાથી જ ઘણા પોલીસ કેસ નોંધાયેલા છે) અને તેનો સાથી હાર્દિક હુડિયા મળીને જૈન સમાજમાં ભયનો માહોલ બનાવી રહ્યા હતા જેથી મુનિઓને બ્લેકમેલ કરી શકાય.

### હવે અકળામણમાં જૂના ન્યૂઝ વાયરલ કરવાનો પેંતરો

હવે જ્યારે આ બ્લેકમેલિંગ ગેંગની કાળી કરતૂતો સંપૂર્ણપણે જનતા અને કાયદાની સામે આવી ચૂકી છે, ત્યારે પોતાની શાખ બચાવવા માટે આ લોકો જૂના સમાચારો અને કતરણોને સોશિયલ મીડિયા પર તોડી-મરોડીને વાયરલ કરી રહ્યા છે. મામલો ભલે જૂનો હોય, પરંતુ આ ગેંગની ગીધ જેવી નજર આજે પણ જૈન સમાજની એકતા અને શાંતિ પર ટકેલી છે.

પાક્કો ગુજરાતનું વલણ: અપરાધીઓને બેનકાબ કરવા એ અમારો ધર્મ

'પાક્કો ગુજરાત' પોતાના વાચકો અને સમગ્ર જૈન સમાજને ખાતરી આપે છે કે પીળી પત્રકારત્વ (Yellow Journalism) અને બ્લેકમેલિંગના આ ગઠબંધનને આપણે ક્યારેય સફળ થવા નહીં દઈએ. સંતોની અસ્મિતા સાથે રમત રમનારા આ અપરાધીઓ સમાજ અને કાયદો બંનેના ગુનેગાર છે. આવા તત્વોથી સતર્ક રહો અને તેમના દ્વારા ફેલાવવામાં આવી રહેલા કોઈપણ ફેક ન્યૂઝ પર વિશ્વાસ ન કરો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## ડમ્પર ચલાવતા બે આદિવાસી શ્રમિકોને ઢોર માર મારવામાં આવ્યાનો આક્ષેપ

**કરજણ**

કરજણ વિધાનસભા મતવિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉઠાવતી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. ડમ્પર ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા બે આદિવાસી ડ્રાઈવર ભાઈઓને બંધક બનાવી, ઊંધા લટકાવીને નિર્મમતાપૂર્વક ઢોર માર મારવામાં આવ્યો હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બંને આદિવાસી ભાઈઓને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ચકચારી ઘટનામાં કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર અને તેના સાથી મિત્રોની સંડોવણી હોવાના આક્ષેપો ઉઠતાં સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિક સૂત્રો અને ચર્ચાતી વિગતો અનુસાર, કોઈ અગમ્ય કારણોસર ડમ્પર ચલાવતા આદિવાસી શ્રમિકો અને સામા પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત આટલેથી ન અટકતા, સત્તાના નશામાં ચૂર શખ્સો દ્વારા માનવતા નેવે મૂકીને બંને આદિવાસી ભાઈઓને પકડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને કોઈ અવાવરું જગ્યાએ લઈ જઈ, ઊંધા લટકાવીને લાકડીઓ અને પટ્ટા વડે બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. ભોગ બનનાર યુવકોની મરણતોલ ચીસો છતાં હુમલાખોરોનું દિલ પીગળ્યું નહોતો અને નૃશંસ અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. હુમલાના પગલે બંને ડ્રાઈવર ભાઈઓ લોહીલુહાણ હાલતમાં મળી આવતા સ્થાનિક લોકો અને પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું કહેવાય રહ્યું છે. આ ઘટનાની જાણ વાયુવેગે પ્રસરતાં જ સ્થાનિક આદિવાસી સમાજ અને સંગઠનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

## પોરબંદર LCBના હાથે ભાણવડ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

**ગોસા(ઘેડ)**

પોરબંદર એલ.સી.બી. પોલીસે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીને પોરબંદરના બોખીરા મહેર સમાજ પાસેથી ઝડપી પાડી ભાણવડ પોલીસ સ્ટેશનને જાણ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફાઈલ મુજબ, ગત તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ ભાણવડ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ હાજાભાઈ કારેણાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે ભાણવડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે રાણપર ગામ તરફથી એક સફેદ રંગની હ્યુન્ડાઈ આઈ-૨૦ કારમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમી મળી હતી.

બાતમીના આધારે ગડુ પાટિયા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. તે દરમિયાન શંકાસ્પદ કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કારચાલક વાહન મૂકી ઝાડી-ઝાંખરાનો લાભ લઈ નાસી ગયો હતો.

પોલીસે પંચોની હાજરીમાં કારની તપાસ કરતાં પાછળની સીટમાંથી વિવિધ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરના જથ્થા મળી આવ્યા હતા. જેમાં રોયલ ચેલેન્જ વ્હીસ્કીની ૧૨ બોટલ, ડીએસપી બ્લેકની ૨૦ નાની બોટલો (ચપલા) તેમજ બડવાઈઝર મેગ્નમ બિયરના ૩૦ ટીન મળી આવ્યા હતા. કુલ દારૂનો મુદ્દામાલ રૂ.૨૮,૧૦૦ તથા હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર કિંમત રૂ.૪,૫૦,૦૦૦ મળી કુલ રૂ.૪,૭૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે ભાણવડ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશન અધિનિયમની કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબ ગુનો નોંધાયો હતો. ગુનામાં સંડોવાયેલ આરોપી ત્યારથી ફરાર હતો.

## વાઘોડિયામાં દેવ ડેમ કેનાલની કામગીરીમાં કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપ

**વડોદરા**

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાંથી પસાર થતી દેવ ડેમ કેનાલની કામગીરીમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. સરકાર દ્વારા અંદાજે રૂ. ૯૦ કરોડના માતબર ખર્ચે આ કેનાલ તૈયાર કરવામાં આવી રહી છે, પરંતુ લોકાર્પણ થાય અને તેમાં પાણી છોડવામાં આવે તે પહેલાં જ ઠેર-ઠેર મોટી તિરાડો પડી જતાં સમગ્ર કામગીરી સામે મોટા સવાલો ઉભા થયા છે. તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતને કારણે પ્રજાના કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા હોવાનું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દેવ ડેમ કેનાલનું અંદાજિત ૭૦ ટકા જેટલું કામ માંડ પૂરું થયું છે, ત્યાં જ આખી કેનાલમાં અત્યારથી જ ગાબડાં અને તિરાડો પડવાનું શરૂ થઈ ગયું છે. સ્થાનિક ખેડૂતોનો સીધો આરોપ છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા સરકારી નિયમોને નેવે મૂકીને અત્યંત હલકી ગુણવત્તાનું મટીરીયલ વાપરવામાં આવ્યું છે. આટલું જ નહીં, કેનાલમાં પડેલી તિરાડો અને પોતાનો ભ્રષ્ટાચાર છુપાવવા માટે કોન્ટ્રાક્ટર દ્વારા ઉતાવળે સિમેન્ટના થીગડાં મારીને કામ ઢાંકવાનો બેશરમ પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે.

કેનાલની આ બિસ્માર હાલત જોઈને વાઘોડિયાના સ્થાનિક ખેડૂતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. જેના કારણે રોષે ભરાયેલા ખેડૂતોએ એકઠા થઈને જવાબદાર અધિકારીઓને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી છે. ખેડૂતોનું કહેવું છે કે, આ કેનાલ તેમના વિસ્તારની ખેતી માટે જીવાદોરી સમાન છે. જો પાણી છોડ્યા પહેલા જ આ હાલત હોય, તો પાણી છોડ્યા પછી કેનાલ તૂટી જશે અને ખેડૂતોના પાકને ભારે નુકસાન થશે.

ખેડૂતોએ પોતાના ભવિષ્ય અને પાયાની સુવિધા સાથે ચેડાં કરનારા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર અને બેદરકાર એન્જિનિયરો સામે કડક તપાસની માંગ કરી છે.

## લુણાવાડામાં નકલી સોનું ગીરવે મૂકી લાખોની છેતરપિંડી

**મહિસાગર**

મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાંથી એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં આવેલી જાણીતી ફાયનાન્સ કંપની 'મુથુટ ફિનકોર્પ'ની શાખામાં નકલી સોનું અસલી તરીકે ગીરવે મૂકીને લાખો રૂપિયાની લોન મેળવી આચરાયેલી છેતરપિંડીનો મોટો પર્દાફાશ થયો છે.

આ હાઈપ્રોફાઈલ ફ્રોડમાં ગોલ્ડ બાયર એજન્સી સાથે 12.65 લાખની છેતરપિંડી થઈ હોવાની સત્તાવાર ફરિયાદ લુણાવાડા પોલીસમથકે નોંધાતાં ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર કૌભાંડમાં મેનેજરની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી છે.

પોલીસમથકે નોંધાયેલી ફરિયાદની વિગતો મુજબ, અમદાવાદની પ્રતિષ્ઠિત 'રામદેવ ગોલ્ડ બાયર એજન્સી'માં કામ કરતા બંન્ટીસિંહ રાજપૂતનો સંપર્ક આંકલવા ગામના રહેવાસી મહેશકુમાર કેશવલાલ વાળંદે કર્યો હતો. મહેશકુમારે બંન્ટીસિંહને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે, તેણે લુણાવાડા સ્થિત મુથુટ ફિનકોર્પની શાખામાં પોતાનું સાડા બાર તોલા સોનું ગીરવે મૂક્યું છે. આ સોનું છોડાવવા માટે તેને આર્થિક મદદની જરૂર છે. ગોલ્ડ બાયર એજન્સીના નિયમો અને વ્યાપારી ગણતરી મુજબ, ફરિયાદી બંન્ટીસિંહ સોનું છોડાવવા માટે લુણાવાડા ખાતે આવેલી મુથુટ ફિનકોર્પની શાખા પર પહોંચ્યા હતા. ત્યાં હાજર મેનેજર ધવલ કડીયાએ પણ પુષ્ટિ કરી હતી કે મહેશકુમારનું સોનું લોકરમાં જમા છે અને તેને મુક્ત કરાવવા માટે 12,63,141 ભરવાના થાય છે.

મેનેજરની પ્રત્યક્ષ ખાતરી અને વાત પર વિશ્વાસ રાખીને ફરિયાદી પક્ષે મહેશકુમારના IDBI ખાતામાં 12.65 લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી આપી હતી. ત્યાર બાદ આ જ રકમમાંથી મુથુટ ફિનકોર્પના ખાતામાં લોનની ભરપાઈ પેટે નાણા જમા કરાવવામાં આવ્યા હતા.

**બુટલેગર રમેશ વસાવાના દેશી દારૂના અડ્ડાઓ ધમધમ્યા**

# અંકલેશ્વર GIDCમાં કાયદાના લીરેલીરા

**વહીવટદાર 'દત્તુ'ના જોરે પોલીસ નજરઅંદાજ, શું તંત્ર મોટા લઠ્ઠાકાંડની રાહ જોઈ રહ્યું છે?**



**ભરૂચ/ અંકલેશ્વર**

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડતી તસ્વીર ભરૂચ જિલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા અંકલેશ્વરમાં ખુલ્લેઆમ જોવા મળી રહી છે. અંકલેશ્વર અત્યારે જાણે ગુનેગારો અને બુટલેગરો માટે સ્વર્ગ સમાન બની ગયું છે. અહીં દેશી દારૂના અડ્ડાઓ કોઈ સેવાભાવી પાણીની પરબની જેમ ગલીએ ગલીએ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં રમેશ વસાવા નામના બુટલેગરનું સામ્રાજ્ય એ હદે વ્યાપેલું છે કે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના કડક આદેશોને પણ અહીં સરેઆમ ઘોળીને પી જવામાં આવ્યા છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનથી માત્ર એક જ કિલોમીટરના અંતરે દેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે, જે પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઉભા કરે છે.

સ્થાનિક સૂત્રો અને અંદરની વિગતો અનુસાર, અંકલેશ્વર જીઆઈડીસી હોય કે રેલવે સ્ટેશનની પાછળનો ભાગ, તમે જે પણ ગલીમાંથી પસાર થાવ ત્યાં રમેશ વસાવાના દેશી દારૂના અડ્ડાઓ ધમધમતા જોવા મળે છે. મજૂર વર્ગ અને સ્થાનિક યુવાધનને બરબાદ કરતા આ અડ્ડાઓ કોઈ પણ રોકટોક વગર બિનધાસ ચાલી રહ્યા છે. સવાલ એ ઉઠે છે કે કાયદાનો આટલો મોટો ભંગ કોની રહેમ નજર હેઠળ થઈ રહ્યો છે? આ ખુલ્લેઆમ ચાલતા કાળા કારોબાર પાછળ કોણ એવો આકા બેઠો છે જેના કારણે સ્થાનિક પોલીસ પણ આ અડ્ડાઓ પર રેડ પાડતા ખચકાઈ રહી છે?

અંકલેશ્વરના આ દારૂના સામ્રાજ્યને ટકાવી રાખવા પાછળ એક મોટું નામ ચર્ચામાં છે અને તે છે 'દત્તુ'. રમેશ વસાવાનો મુખ્ય વહીવટદાર કહેવાતો આ દત્તુ નામનો ઈસમ સમગ્ર વિસ્તારમાં કથિત રીતે મોટો વહીવટ ચલાવે છે. ચર્ચા તો એવી પણ છે કે અંકલેશ્વર પોલીસ હોય કે ભરૂચ એલસીબી, આ દત્તુ નામનો વહીવટદાર વર્ષોથી સૌને મોટો વહીવટ પહોંચાડીને આ ગેરકાયદેસર ધંધાને પ્રોટેક્શન અપાવે છે. કાયદાના રક્ષકો જ જ્યારે આવા વહીવટદારોના ઈશારે મૌન સેવી લે, ત્યારે જનતા ન્યાયની આશા કોની પાસે રાખે?

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં જે રીતે કેમિકલયુક્ત અને જોખમી દેશી દારૂની હાટડીઓ ધમધમી રહી છે, તે જોતા ભવિષ્યમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય તો નવાઈ નહીં. ભૂતકાળમાં રાજ્યમાં બનેલી લઠ્ઠાકાંડની ગંભીર ઘટનાઓમાંથી પણ અંકલેશ્વર પોલીસે કોઈ પાઠ ભણ્યો હોય તેવું લાગતું નથી. જનતામાં અત્યારે ભારે રોષ છે અને લોકો સવાલ કરી રહ્યા છે કે શું ઉચ્ચ અધિકારીઓ જાગશે ખરા? શું અંકલેશ્વર પોલીસ રમેશ વસાવા અને તેના વહીવટદાર દત્તુ સામે સપાટો બોલાવીને જેલના સળિયા પાછળ ધકેલશે, કે પછી કોઈ નિર્દોષ નાગરિકોના જીવ લેવાય એવા મોટા લઠ્ઠાકાંડની રાહ જોતી રહેશે?

**મોંઘવારીના ખપ્પરમાં હોમાયો ખેડૂત**

## ખાતરના ભાવ વધારા મુદ્દે જગતનો તાત બેહાલ

**'ખેડૂત નેતા રાજુ કરપડાને હવે કેમ ખાતરનો ભાવ વધારો નજરે નથી આવતો?'**

**રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ખેતીના કમરતોડ ખર્ચાને કારણે જગતનો તાત ભારે ચિંતામાં ડૂબ્યો છે. રાજ્યમાં યુરિયા, ડીએપી અને અન્ય રાસાયણિક ખાતરોના ભાવમાં થયેલા અસહ્ય વધારાને કારણે ખેડૂતોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. એક તરફ મોંઘું બિયારણ, મોંઘું ડીઝલ અને ઉપરથી ખાતરના આસમાને પહોંચેલા ભાવના કારણે નાના અને મધ્યમ વર્ગના ખેડૂતો માટે ખેતી કરવી હવે લોઢાના ચણા ચાવવા સમાન બની ગઈ છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સોશિયલ મીડિયાથી લઈને ગામડાના ચોરા સુધી એક સવાલ જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે કે, ખેડૂતોના નામે નેતાગીરી ચમકાવતા નેતાઓ હવે ક્યાં ગાયબ થઈ ગયા છે? લોકો સીધો સવાલ પૂછી રહ્યા છે કે, ખેડૂત નેતા રાજુ કરપડાને હવે કેમ ખાતરનો ભાવ વધારો નજરે નથી આવતો? એક સમય એવો હતો જ્યારે ખેડૂતોના નાનામાં નાના પ્રશ્નો, વીજળીની અછત કે પાક વીમાના મુદ્દે રસ્તા પર ઉતરીને તંત્રને ધ્રુજાવનારા અને જોરદાર અવાજ ઉઠાવનારા નેતાઓ આજે આટલા મોટા ભાવ વધારા મુદ્દે મૌન કેમ ધારણ કરીને બેઠા છે, તે અંગે ધરતીપુત્રો આક્રોશપૂર્વક પ્રશ્નો કરી રહ્યા છે.

**બદલાની રાજનીતિ કે કાયદાનો સિંકજો?**

## હરણી બોટ કાંડમાં શાસક પક્ષ સામે અવાજ ઉઠાવનાર આશિષ જોશીની દારૂ કેસમાં ધરપકડથી વડોદરાનું રાજકારણ ગરમાયું...!

**વડોદરા**

વડોદરાના ચકચારી હરણી બોટ કાંડના પીડિતોને ન્યાય અપાવવા માટે અને શાસક પક્ષની નીતિઓ સામે બંડ પોકારીને ચર્ચામાં આવેલા નેતા આશિષ જોશીની ધરપકડ થતાં જ રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ચૂંટણીના પરિણામો બાદ તરત જ ઘડાયેલી આ કાયદાકીય વ્યુહરચનાને પગલે કોંગ્રેસે શાસક પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે અને આ આખી કાર્યવાહીને રાજકીય કિન્નાખોરી અને સત્યનો અવાજ ઉઠાવનાર નેતાને 'પાડી દેવાનું' (રાજકીય રીતે ખતમ કરવાનું) પૂર્વનિયોજિત ષડયંત્ર ગણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરાના હરણી બોટ કાંડમાં નિર્દોષ બાળકોના મોતના મામલે તત્કાલીન ભાજપના કોર્પોરેટર આશિષ જોશીએ પોતાની જ પાર્ટીની લાઈનથી હટીને પીડિત પરિવારોના પક્ષમાં અવાજ ઉઠાવ્યો હતો. પાલિકાની સભામાં કોંગ્રેસ દ્વારા મૃતકોના પરિવારોને ૨૫ લાખનું વળતર આપવાની દરખાસ્ત મૂકવામાં આવી ત્યારે ભાજપમાં હોવા છતાં આશિષ જોશીએ તેને ખુલ્લું સમર્થન આપ્યું હતું. જેને પગલે ભાજપે તેમને નોટિસ ફટકારી હતી. આ ઘટના બાદ તેઓ સત્તાધારી પક્ષના અનેક મોટા નેતાઓની આંખમાં કૂંચતા હતા અને આખરે તેઓ ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા હતા અને વોર્ડ નંબર ૧૫ માંથી ચૂંટણી જીત્યા હતા.

તાજા ઘટનાક્રમ મુજબ, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સંખેડા પોલીસ મથકે એક શરાબનો જથ્થો પકડાવાના કેસમાં આશિષ જોશીનું નામ સંડોવવામાં આવ્યું હતું. ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ કાયદાકીય ગતિવિધિ તેજ થઈ અને રામોલ પોલીસની મદદથી કડી-અમદાવાદના રૂટ પરથી આશિષ જોશીની ધરપકડ કરી સંખેડા પોલીસને સોંપવામાં આવ્યા છે. આ ધરપકડને લઈને કોંગ્રેસના મીડિયા કોર્ડિનેટરો અને સ્થાનિક નેતાઓએ આક્ષેપ કર્યો છે કે, જ્યારે પણ કોઈ નેતા ભાજપના ભ્રષ્ટાચાર કે પાપને ઉઘાડું પાડે છે, ત્યારે તેની સામે પોલીસ અને સરકારી તંત્રને આગળ ધરીને ખોટા કેસો ઊભા કરી તેને રાજકીય રીતે નેસ્તનાબૂદ કરવાનો ઘાતક ખેલ ખેલાય છે. આશિષ જોશીની ધરપકડના સમાચાર વાયુવેગે પ્રસરતા જ વડોદરાના રાજકારણમાં ભારે ઉકાળો આવ્યો છે. પીડિત પરિવારો જેમની સાથે આશિષ જોશી શરૂઆતથી ઉભા રહ્યા હતા, તેઓ પણ આ ઘટનાક્રમને આશ્ચર્યથી જોઈ રહ્યા છે. વિપક્ષનો સીધો દાવો છે કે આ ધરપકડ કોઈ કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ સત્તા પક્ષ વિરુદ્ધ અવાજ ઉઠાવનાર નેતાને પાડી દેવાની અને ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરે તેવો ડર બેસાડવાની આક્રમક ચાલ છે. હવે જોવાનું એ રહેશે કે આ કાનૂની લડાઈમાં કોંગ્રેસ અને આશિષ જોશી આ રાજકીય ચક્રવ્યૂહને કેવી રીતે ભેદે છે.

**સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ**

## રાજકોટ હિરાસર એરપોર્ટ પરથી રૂપિયા 10 કરોડની 400 કિલો ચાંદીની દાણચોરી ઝડપાઈ

**રાજકોટ**

રાજકોટના આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ પરથી સેન્ટ્રલ એજન્સીઓએ દાણચોરીના એક બહુ મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. દેશભરમાં સોના અને ચાંદીના ભાવો આસમાને પહોંચ્યા છે, ત્યારે રંગીલા રાજકોટના એરપોર્ટ પરથી અંદાજે ૧૦ કરોડ રૂપિયાની કિંમતનો ૪૦૦ કિલો ચાંદીનો વિશાળ જથ્થો ઝડપાતા સનસનાટી મચી ગઈ છે. ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) દ્વારા આ કિંમતી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આટલી મોટી માત્રામાં બિનવારસી ચાંદીનો જથ્થો પકડાતા જ સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેને પગલે સ્થાનિક વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો અનુસાર, હિરાસર એરપોર્ટ પર આવેલા એક પાર્સલમાં મોટા પાયે શંકાસ્પદ હિલચાલ હોવાની બાતમી સેન્ટ્રલ એજન્સીને મળી હતી. જેના આધારે આઈબીના અધિકારીઓએ વોચ ગોઠવીને તપાસ હાથ ધરતા આ ચોંકાવનારો ખુલાસો થયો હતો. એરપોર્ટ પર ઉતરેલો આ ૪૦૦ કિલો ચાંદીનો જથ્થો ઉત્તર પ્રદેશના વારાણસીની સનરાઈઝ નામની કોઈ પેઢીના નામે મોકલવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. જો કે, આટલો કિંમતી જથ્થો હોવા છતાં એરપોર્ટ પર લાંબા સમય સુધી આ માલ લેવા માટે કોઈ દાવેદાર સામે ન આવતા તેને બિનવારસી જાહેર કરી જપ્ત કરવામાં આવ્યો હતો. હાલના સમયમાં કિંમતી ધાતુઓના ભાવ રેકોર્ડ સ્તરે હોવાથી ટેક્સ ચોરી કરવા અથવા ગેરકાયદેસર હેરાફેરી કરવાના ઈરાદે હવાઈ માર્ગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. આટલી મોટી માત્રામાં ચાંદી રાજકોટ એરપોર્ટ પર કોના ઈશારે અને કયા હેતુથી મંગાવવામાં આવી હતી, તેની પાછળ કયા મોટા માથાઓનો હાથ છે તે દિશામાં આઈબી અને કસ્ટમ્સ સહિતની એજન્સીઓએ આંતરરાજ્ય કનેક્શન શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.




**વડોદરા**

વડોદરાના વાઘોડિયા રોડ પર બરોડા પબ્લિક સ્કૂલ ખાતે ફુલમા પરફોર્મિંગ આર્ટ્સ એન્ડ એકેડમી દ્વારા આયોજિત "નાચ ગુજરાત" ડાન્સ વર્કશોપમાં બાળકો અને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જાણીતી ડાન્સ પરફોર્મર વાર્તિકા ઝાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ડાન્સની વિવિધ ટેકનિક્સ અને પરફોર્મન્સ કૌશલ્ય શીખવાની અનોખી તક મેળવી હતી. કાર્યક્રમ દરમિયાન ભાગ લેનાર બાળકોને સર્ટિફિકેટ ઓફ પાર્ટિસિપેશન એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા રજૂ કરી હતી.

**પૈસાની લેતી-દેતીમાં મિત્રો જ બન્યા કાળ!**

## સુરતના લિંબાયતમાં UPના 3 નરાધમોએ મિત્રની ઘાતકી હત્યા કરી

**સુરત**

'મિત્ર એવો શોધવો જે ઢાલ સરખો હોય...' પણ સુરતના લિંબાયત વિસ્તારમાંથી મિત્રતાને કલંકિત કરતી એક એવી ભયાનક ઘટના સામે આવી છે, જેને સાંભળીને કોઈપણ કાળજું ધ્રૂજી ઊઠે. જે મિત્રો સાથે ક્યારેક હસતા-રમતા દિવસો વિતતા હતા, તે જ મિત્રોએ માત્ર પૈસાની લેતી-દેતીના સામાન્ય વિવાદમાં પોતાના જ એક જિગરી મિત્રની ઘાતકી હત્યા કરી નાખી છે. ઉત્તર પ્રદેશ (UP) ના વતની એવા ૩ યુવકોએ ભેગા મળીને પોતાના જ મિત્ર પર તીક્ષ્ણ હથિયારો વડે ગળા અને પગના ભાગે આડેધડ ઘા ઝીંકીને ક્રૂરતાપૂર્વક વેર વાળ્યું છે.

પોલીસના પ્રાથમિક અનુમાન અને સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક યુવક અને આરોપીઓ તમામ ઉત્તર પ્રદેશના વતની હતા અને સુરતના લિંબાયત વિસ્તારમાં રહીને મજૂરી કે અન્ય નાનું-મોટું કામકાજ કરતા હતા. મિત્રો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પૈસાની લેતી-દેતી મામલે અણબનાવ ચાલી રહ્યો હતો. આ બાબતને લઈને અવારનવાર બોલાચાલી પણ થતી હતી. ઘટનાની રાત્રે આ વિવાદ એટલો વકરી ગયો કે ત્રણેય આરોપી મિત્રોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો. તેમણે પૂર્વઆયોજિત કાવતરું રચીને પોતાના જ મિત્રને ઘેરી લીધો હતો. આરોપીઓએ ક્રૂરતાની બધી જ હદો વટાવીને તીક્ષ્ણ હથિયાર વડે મિત્ર પર હુમલો કરી દીધો હતો. યુવક પોતાનો જીવ બચાવવા માટે ભાગે કે પ્રતિકાર કરે તે પહેલાં જ, હત્યારાઓએ તેના ગળાના ભાગે ઊંડો ઘા ઝીંકી દીધો હતો જેથી તેનો અવાજ દબાઈ જાય. એટલું જ નહીં, તે ભાગી ન શકે તે માટે તેના પગના ભાગે પણ ઘાતકી ઘા મારવામાં આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં યુવક ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો અને તેનું કરુણ મોત નીપજ્યું હતું. વારદાતને અંજામ આપીને ત્રણેય આરોપીઓ અંધારાનો લાભ લઈને ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

**ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ મામલતદારને આડેહાથ લીધા**

## વાઘોડિયા સેવા સદનમાં જાતિના દાખલા માટે જનતાના ધરમધક્કા

**વડોદરા**

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકા સેવા સદનમાં જાતિના દાખલા કઢાવવા માટે સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા 4 થી 5 દિવસથી અરજદારો આ કાળઝાળ ગરમીમાં ભૂખ્યા-તરસ્યા લાંબી લાઈનોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. જનતાની આ પરેશાની જોઈને વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા એક્શન મોડમાં આવ્યા છે. તેમણે સેવા સદનની મુલાકાત લઈ મામલતદાર એસ. એસ. કસોટા સામે લાલ આંખ કરી ઉગ્ર પૂછપરછ કરતા સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.



અરજદારો અને લાભાર્થીઓનો આક્ષેપ છે કે વર્ષ 1951 પહેલાના કાયદેસરના પુરાવા રજૂ કરવા છતાં મામલતદાર દ્વારા 7-12 ના ઉતારાની અયોગ્ય માંગણી કરવામાં આવી રહી છે. જેને કારણે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોએ ઉગ્ર રોષ સાથે સવાલ ઉઠાવ્યો હતો કે, જે ગરીબ પરિવારો પાસે પોતાની કોઈ જમીન જ નથી, તેઓ 7-12 ના ઉતારા ક્યાંથી લાવે? અને જેમના બાપ-દાદા ક્યારેય શાળાએ જ ગયા નથી, તેઓ શાળાના દાખલા ક્યાંથી લાવીને આપે? તંત્રના આવા જક્કી વલણના કારણે અનેક લોકો દાખલા મેળવવાથી વંચિત રહી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે વહીવટી તંત્રની વધુ એક ઘોર બેદરકારી સામે આવી છે. કાળઝાળ ગરમી હોવા છતાં સેવા સદન કેમ્પસમાં અરજદારો માટે પીવાના પાણીની પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી, જેના લીધે નાના બાળકો અને મહિલાઓ સહિતના લોકો ભારે હેરાન થઈ રહ્યા છે.

જનતાની વહારે આવેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ આ સમગ્ર મામલે સ્થળ પરથી જ વડોદરા જિલ્લા કલેક્ટરને ફોન કરીને પરિસ્થિતિની ગંભીરતાથી વાકેફ કર્યા હતા. ધારાસભ્યએ અધિકારીઓને કડક શબ્દોમાં ચીમકી આપતા જણાવ્યું હતું કે, જો સ્થાનિક અધિકારીઓ પોતાની મનસ્વી કાર્યપદ્ધતિ નહીં સુધારે અને જનતાને હેરાન કરવાનું બંધ નહીં કરે, તો આ બાબતે સીધી રાજ્ય સરકારમાં રજૂઆત કરીને કડક પગલાં લેવડાવવામાં આવશે.

**શક્તિસિંહે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને કેમ ચેતવ્યા?**

## અદાણીને આ ફાયદો ના કરાવતા, નહીં તો લોકોને 6,000 કરોડનો બોજો પડશે

**અમદાવાદ**

ગુજરાતમાં વીજળીના ભાવ અને ઉદ્યોગપતિઓને મળતા ફાયદાઓ અંગે ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને એક પત્ર લખીને ગંભીર ચેતવણી આપી છે. શક્તિસિંહે આક્ષેપ કર્યો છે કે, જો સરકાર અદાણી પાવર સાથેના કરારમાં ગ્રાહકોના ભોગે સુધારો કરશે, તો ગુજરાતના સામાન્ય નાગરિકો અને વીજ ગ્રાહકો પર રૂપિયા 6,000 કરોડનો સીધો બોજો પડશે. કોંગ્રેસના આ આક્રમક વલણ અને પત્રને કારણે સચિવાલયથી લઈને રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે.

અદાણી પાવર મુન્દ્રા અને ગુજરાત સરકાર (ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ - GUVNL) વચ્ચે વીજળી ખરીદીના લાંબાગાળાના કરાર થયેલા છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે આ કરારની શરતોમાં ખાનગી કંપનીને ફાયદો કરાવવા માટે સુધારા કરવાની પેરવી ચાલી રહી છે. શક્તિસિંહે જણાવ્યું છે કે, અગાઉ જે ભાવ નક્કી થયા હતા તે જ ભાવે વીજળી મળવી જોઈએ. જો કંપનીને મોંઘા કોલસા કે અન્ય બહાના હેઠળ કરોડો રૂપિયા ચૂકવવામાં આવશે, તો સરકારી તિજોરી ખાલી થશે અથવા તેનો બોજો જનતા પર નાખવામાં આવશે.

પાક્કો ગુજરાત
સોમવાર | 18 મે 2026 | અમદાવાદ

રતલામમાં મોટી દુર્ઘટના સર્જાઈ

# રાજધાની એક્સપ્રેસનો AC કોચ ભીષણ આગથી બળીને રાખ : દિલ્હી-મુંબઈ રેલ વ્યવહાર ખોરવાયો

નવી દિલ્હી

દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક પર એક મોટી રેલ દુર્ઘટના સર્જાઈ છે. ત્રિવેન્દ્રમથી હઝરત નિઝામુદ્દીન જઈ રહેલી રાજધાની એક્સપ્રેસ ટ્રેનના એક એસી (AC) કોચમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે આખા કોચને લપેટમાં લઈ લેતા અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ટ્રેન સ્ટાફ અને રેલવે સુરક્ષા દળ (RPF)ની તત્પરતાના કારણે સમયસર તમામ મુસાફરોને બહાર કાઢી લેવાતા મોટી જાનહાનિ ટળી છે.

અહેવાલો અનુસાર, ટ્રેન નંબર 12431 ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ રવિવારે સવારે લગભગ 5:30 વાગ્યે કોટા રેલવે ડિવિઝન હેઠળના રતલામ જિલ્લાના અલોટ સ્ટેશન નજીકથી પસાર થઈ રહી હતી. લુની રિચા અને વિક્રમગઢ અલોટ સ્ટેશનો વચ્ચેથી ટ્રેન પૂરપાટ ઝડપે દોડી રહી હતી ત્યારે ટ્રેન ગાર્ડની નજર 'B1' એસી કોચમાંથી નીકળતા કાળા ધુમાડા પર પડી હતી. ગાર્ડે તાત્કાલિક આ અંગે લોકો પાયલટને કટોકટીનો સંદેશો આપ્યો હતો.

ખતરાની ઘંટી વાગતા જ ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને અધવચ્ચે જ ટ્રેક પર રોકી દીધી હતી. જે કોચમાં આગ લાગી હતી તેમાં કુલ 68 મુસાફરો સવાર હતા. ટ્રેન ઊભી રહેતાની સાથે જ RPF સ્ટાફ અને એટેન્ડન્ટ્સે મોરચો સંભાળી લીધો હતો અને માત્ર 15 મિનિટના ટૂંકા ગાળામાં તમામ 68 મુસાફરોને સામાન સાથે સુરક્ષિત રીતે નીચે ઉતારી લીધા હતા.

આગ બાકીની ટ્રેનમાં ન ફેલાય તે માટે રેલવેની તકનીકી ટીમે તાબડતોબ અસરગ્રસ્ત 'B1' કોચને ટ્રેનના અન્ય ડબ્બાઓથી કાપીને અલગ કરી દીધો હતો. સાવચેતીના ભાગરૂપે ટ્રેનનો ઓવરહેડ વીજ પુરવઠો (OHE) પણ બંધ કરી દેવાયો હતો. આગના સમાચાર મળતા જ કોટા રેલવે ડિવિઝનની રાહત, બચાવ અને ફાયર ફાઈટર સહિતની ટેકનિકલ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં આખો એસી કોચ બળીને રાખ થઈ ગયો હતો. આ અકસ્માતને કારણે દેશના સૌથી વ્યસ્ત ગણાતા દિલ્હી-મુંબઈ રેલ્વે ટ્રેક પરનો ટ્રાફિક સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.



પ્રતિ કિલોએ 1 રૂ.નો વધારો

## દિલ્હીમાં 3 દિવસમાં બીજી વખત CNGના ભાવ વધ્યાં

નવી દિલ્હી

દિલ્હી-NCR માં રહેતા વાહનચાલકોને મોંઘવારીનો વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ગેસ કંપનીઓ દ્વારા સીએનજી (CNG) ના ભાવમાં પ્રતિ કિલોએ વધુ 1 નો વધારો કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ અગાઉ કંપનીઓએ 2 નો વધારો કર્યો હતો, જેનો અર્થ એ થાય કે છેલ્લા ત્રણ દિવસમાં જ સીએનજી 3 જેટલો મોંઘો થઈ ચૂક્યો છે. આ નવા વધારા બાદ હવે દિલ્હીમાં એક કિલો સીએનજી ની કિંમત વધીને 80.09 થઈ ગઈ છે. નવા ભાવ વધારા બાદ નોઈડા, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં સીએનજી નો નવો ભાવ પ્રતિ કિલો 88.70 થઈ ગયો છે. હરિયાણાના ગુરુગ્રામમાં આ દર 85.12 અને કરનાલમાં 84.43 થયો છે. જ્યારે દેશના અન્ય રાજ્યોની વાત કરીએ તો, ઉત્તર પ્રદેશના કાનપુર અને હમીરપુરમાં સીએનજી સૌથી મોંઘો એટલે કે 91.42 પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. રાજસ્થાનના અજમેર અને પાલીમાં નવો ભાવ 89.44 છે, જ્યારે દેશની આર્થિક રાજધાની મુંબઈમાં હાલ સીએનજી નો ભાવ 84 પ્રતિ કિલોગ્રામ છે. ભારત પોતાની જરૂરિયાતના 50 ટકા કરતા પણ વધુ કુદરતી ગેસ (નેચરલ ગેસ) આંતરરાષ્ટ્રીય બજારમાંથી આયાત કરે છે. હાલમાં ચાલી રહેલા 'હોર્મુઝ સંકટ' ના કારણે ગેસના પુરવઠામાં મોટી અછત સર્જાઈ છે અને તેની સામે વૈશ્વિક માંગ વધી છે. આ પરિસ્થિતિને કારણે ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (IGL) અને મહાનગર ગેસ લિમિટેડ (MGL) જેવી સપ્લાયર કંપનીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરેથી ગેસ ખરીદવો ઘણો મોંઘો બન્યો છે. કંપનીઓનું કહેવું છે કે મોટું નુકસાન અટકાવવા માટે આ વધેલી કિંમતનો બોજ ગ્રાહકો પર નાખવો જ એકમાત્ર વિકલ્પ હતો. જો કે, આ બધા વચ્ચે સામાન્ય જનતા માટે રાહતની વાત એ છે કે ઘરોમાં પાઈપલાઈન દ્વારા સપ્લાય થતા રાંધણ ગેસ (PNG) અને ઘરેલું એલપીજી (LPG) સિલિન્ડરની કિંમતોમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

બચતની અપીલ પર સિયાસત

## પીએમ મોદીએ જનતાને પેટ્રોલ-ડીઝલ બચાવવા કહ્યું, તો ભગવંત માને વિદેશયાત્રાઓનો ટોણો માર્યો!

### ઈંધણની બચત અને વધતી મોંઘવારીના મુદ્દે કેન્દ્ર સરકાર અને વિપક્ષ સામસામે

નવી દિલ્હી

દેશમાં ઈંધણની વપરાશ અને મોંઘવારીના મુદ્દે રાજકારણ ફરી એકવાર ગરમાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશની જનતાને પેટ્રોલ અને ડીઝલની બચત કરવાની કરવામાં આવેલી અપીલ સામે વિપક્ષે આકરા પ્રહારો કર્યા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વડાપ્રધાનના આ નિવેદન પર પલટવાર કરતા એક અત્યંત તીખો અને રાજકીય કટાક્ષ કર્યો છે, જેના કારણે દિલ્હીથી લઈને પંજાબ અને ગુજરાત સુધીના રાજકીય ગલિયારાઓમાં ચર્ચાઓ જાગી છે. તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને અપીલ કરી હતી કે, દેશના હિતમાં અને પર્યાવરણ તેમજ આર્થિક બચતના ભાગરૂપે પેટ્રોલ અને ડીઝલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ અને બને એટલી ઈંધણની બચત કરવી જોઈએ. પીએમની આ સલાહ બાદ વિપક્ષી નેતાઓએ સામાન્ય જનતા પર વધતા જતા મોંઘવારીના બોજને લઈને કેન્દ્ર સરકારને ઘેરવાનું શરૂ કરી દીધું છે. વડાપ્રધાનની આ અપીલ સામે પંજાબના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા ભગવંત માને વળતો પ્રહાર કર્યો છે. ભગવંત માને જણાવ્યું હતું કે, 'જો વડાપ્રધાન ખરેખર દેશમાં બચત કરવા ઈચ્છતા હોય, તો સૌપ્રથમ તો તેમણે પોતે જ અવારનવાર કરવામાં આવતી મોંઘી વિદેશયાત્રાઓ કરવાથી બચવું જોઈએ.

સીએમ માને ઉમેર્યું કે જનતાને સલાહ આપતા પહેલા સરકારે પોતે સરકારી ખર્ચાઓ અને વીવીઆઈપી (VVIP) પ્રવાસોમાં કાપ મૂકીને ઉદાહરણ પૂરું પાડવું જોઈએ.

દરબારા સિંહ વર્ષો પહેલા ભારતીય સેનામાં એક સૈનિક તરીકે ફરજ બજાવતો હતો

## 17 માસૂમ બાળકોનો ક્રૂર હત્યારો દરબારા સિંહ: દરેક હત્યા પછી 'સેલિબ્રેટ' કરવા પીતો હતો દારૂ

### ઇન્ડિયન આર્મીનો પૂર્વ સૈનિક આખરે દેશનો સૌથી નરાધમ સિરિયલ 'બેબી કિલર' કેવી રીતે બન્યો?




જલંધર

દેશના ક્રાઈમ ઈતિહાસમાં જ્યારે પણ સૌથી ક્રૂર અને નરાધમ સિરિયલ કિલર્સની વાત નીકળે છે, ત્યારે દરબારા સિંહનું નામ સાંભળીને આજે પણ લોકોની રૂંવાટી ઊભી થઈ જાય છે. જે ઇન્ડિયન આર્મીના સૈનિક પર દેશની રક્ષાની જવાબદારી હતી, તે નિવૃત્ત થયા પછી એક એવો રાક્ષસ બની ગયો જેણે એક પછી એક ૧૭ નિર્દોષ અને માસૂમ બાળકોને અત્યંત નિર્મમતાથી મોતને ઘાટ ઉતારી દીધા હતા. ખાખી કવરના આજના વિશેષ અહેવાલમાં આપણે એવા નરાધમની કહાની જાણીશું, જે દરેક હત્યા કર્યા પછી જાણે કોઈ મોટું પરાક્રમ કર્યું હોય તેમ સેલિબ્રેટ કરવા માટે દારૂ પીતો હતો. દરબારા સિંહ વર્ષો પહેલા ભારતીય સેનામાં એક સૈનિક તરીકે ફરજ બજાવતો હતો. પરંતુ તેની ગુનાહિત માનસિકતા અને ખરાબ વર્તનને કારણે તેને સેનામાંથી ડિસમિસ એટલે કે બરતરફ કરવામાં આવ્યો હતો. આર્થિક તંગી અને ગુસ્સાથી ભરેલો દરબારા સિંહ પંજાબના જલંધર અને આસપાસના વિસ્તારોમાં રહેવા લાગ્યો હતો. સેનામાંથી કાઢી મૂકાયા બાદ તેની અંદર છુપાયેલો રાક્ષસ બહાર આવ્યો અને તેણે પ્રવાસી મજૂરોના નાના બાળકોને પોતાના શિકાર બનાવવાનું શરૂ કર્યું.

તેની મોડસ ઓપરેન્ડી એટલી ભયાનક હતી કે તે ઝૂંપડપટ્ટી કે ગરીબ વિસ્તારોમાં એકલા રમતા, અથવા સૂતેલા નાના બાળકોને બિસ્કિટ કે ચોકલેટની લાલચ આપીને ઉપાડી જતો હતો. ત્યારબાદ તે માસૂમ બાળકો પર બળાત્કાર જેવું ઘૃણાસ્પદ કૃત્ય આચરતો અને પકડાઈ જવાના ડરથી તેમની ગળું દબાવીને કે ધડથી માથું અલગ કરીને ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખતો હતો. આ નરાધમની નબળાઈ દારૂ હતી.

ટ્રમ્પે કર્યું ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગનું ઘોર અપમાન

## ચીન તરફથી મળેલી તમામ કિંમતી ગિફ્ટ, ફોન અને બેજ એરપોર્ટ પર જ કચરાના ડબ્બામાં ફેંકાવી દીધા!

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના આકરા મિજાજ અને અણધાર્યા નિર્ણયો માટે સમગ્ર વિશ્વમાં જાણીતા છે, પરંતુ આ વખતે તેમણે ચીન સાથેના સંબંધોમાં એક એવો મોટો વિસ્ફોટ કર્યો છે જેણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને ચીન સરકારનું અત્યાર સુધીનું સૌથી મોટું અને ખુલ્લું અપમાન કર્યું હોવાના અહેવાલ સામે આવ્યા છે. ટ્રમ્પે ચીન પ્રવાસ અથવા ચીની વહીવટીતંત્ર તરફથી મળેલી તમામ સરકારી ભેટ-સોગાદો, સ્માર્ટફોન અને ઓફિશિયલ બેજને એરપોર્ટ પર જ જાહેરમાં કચરાના ડબ્બામાં ફેંકાવી દીધા છે. ટ્રમ્પના આ આક્રમક પગલાથી બેજિંગથી લઈને વોશિંગ્ટન સુધી ભારે સનસનાટી મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓએ ચીન તરફથી મળતી ભેટ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો અંગે કેટલીક ગંભીર ચેતવણીઓ આપી હતી. એજન્સીઓને આશંકા હતી કે ચીન દ્વારા આપવામાં આવેલા ફોન, ગેજેટ્સ અને અન્ય ગિફ્ટ આઈટમ્સમાં અત્યંત આધુનિક જાસૂસી ચિપ અથવા બગ હોઈ શકે છે, જેના દ્વારા અમેરિકાના ટોચના વહીવટીતંત્રની જાસૂસી કરવાનો ચીનનો ઈરાદો હતો. આ સુરક્ષા રીપોર્ટ સામે આવતાની સાથે જ ટ્રમ્પનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેમણે રાજદ્વારી શિષ્ટાચારને નેવે મૂકીને તાત્કાલિક મોટો નિર્ણય લીધો હતો. ટ્રમ્પે માત્ર સુરક્ષાના કારણોસર આ સામાન અલગ રાખ્યો નહોતો, પરંતુ ચીનને તેની ઓકાત બતાવવા માટે એરપોર્ટ પર જ તમામ સરકારી કિંમતી સોગાદો, મોંઘા સ્માર્ટફોન અને પ્રોટોકોલ બેજને કચરાપેટીના હવાલે કરી દીધા હતા. આ ઘટનાની તસવીરો અને અહેવાલો વાયુવેગે પ્રસરતા જ ચીન સરકાર સ્તબ્ધ થઈ ગઈ છે. રાજદ્વારી સ્તરે આને કોઈ દેશના રાષ્ટ્રીયાધ્યક્ષનું સૌથી મોટું અપમાન માનવામાં આવી રહ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ માટે આ એક બહુ મોટો આંચકો છે, કારણ કે ટ્રમ્પની આ હરકતે દુનિયા સામે સાબિત કરી દીધું છે કે અમેરિકા હવે ચીનને સહેજ પણ ભાવ આપવા તૈયાર નથી. આ હાઈ-પ્રોફાઈલ ઘટના બાદ બંને મહાસત્તાઓ વચ્ચે પહેલેથી જ ચાલી રહેલું ટ્રેડ વોર અને કોલ્ડ વોર હવે ચરમસીમાએ પહોંચી ગયું છે.

## જોસેફ વિજયે તામિલનાડુમાં રચ્યો નવો ઈતિહાસ

ચેન્નઈ

દક્ષિણ ભારતના રાજકારણમાં એક નવો સૂર્યોદય થયો છે. પ્રચંડ લોકપ્રિયતા ધરાવતા અભિનેતા અને 'તમિલગા વેત્રી કઝગમ' (TVK) પક્ષના વડા જોસેફ વિજયે તામિલનાડુના મુખ્યમંત્રી બનીને દેશભરના રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા છે. આ ઐતિહાસિક સફળતા પર દક્ષિણ ભારતીય સિનેમાના ભગવાન ગણાતા સુપરસ્ટાર રજનીકાંતે જોસેફ વિજયને ખાસ અભિનંદન પાઠવ્યા છે. રજનીકાંતે એક મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, વિજયે ખૂબ નાની ઉંમરમાં આંધ્રપ્રદેશના મહાન નેતા એન.ટી. રામારાવ (NTR) કરતાં પણ વધારે મોટી સિદ્ધિ હાંસલ કરી બતાવી છે.

આ સાથે જ દેશભરમાં એક નવો સવાલ ચર્ચાઈ રહ્યો છે કે, તામિલનાડુના રાજકારણમાં જે કામ ખુદ રજનીકાંત અને કમલ હાસન જેવા દિગ્ગજો ન કરી શક્યા, તે આ યુવા અભિનેતાએ કેવી રીતે કરી બતાવ્યું?

## મોંઘવારીનો માર અને સિયાસત: 'કોંગ્રેસ રાજમાં 120 ડોલર ક્રૂડ છતાં સસ્તું ઈંધણ

■ ભાજપ રાજમાં કાચા તેલના ભાવ ઘટ્યા છતાં જનતાનું તેલ નીકળ્યું!'

અમદાવાદ

દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાને લઈને રાજકીય માહોલ ગરમ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ના ભાવો અને દેશમાં વેચાતા ઈંધણના ભાવો વચ્ચેની વિસંગતતાને લઈને વિપક્ષ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ શાસન અને વર્તમાન ભાજપ શાસન દરમિયાન તેલના ભાવોની સરખામણી કરીને જનતા પર ઝીંકવામાં આવેલા આર્થિક બોજ અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

રાજકીય વિશ્લેષકો અને વિપક્ષી નેતાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં કાચું તેલ પ્રતિ બેરલ ૧૨૦ ડોલરની સર્વોચ્ચ સપાટી પર હતું, તેમ છતાં દેશમાં ડિઝલ ૬૫ અને પેટ્રોલ ૭૮ પ્રતિ લિટરના ભાવે મળતું હતું.

જ્યારે વર્ષ ૨૦૧૪ પછી, આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો હતો અને કોરોના કાળ દરમિયાન તો આ ભાવ ઘટીને પ્રતિ બેરલ માત્ર ૧૯ ડોલર સુધી નીચે આવી ગયા હતા. આટલો મોટો ફાયદો આંતરરાષ્ટ્રીય સ્તરે મળવા છતાં, સરકારે તેનો લાભ જનતાને આપવાને બદલે ૮૦ થી ૯૦ ની આસપાસ મોંઘા ભાવે પેટ્રોલિયમ પદાર્થો વેચ્યા હતા. આ જંગી નફાખોરી દ્વારા સામાન્ય જનતાનું 'તેલ' કાઢી નાખવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ થઈ રહ્યો છે.

અહેવાલો અનુસાર, વર્તમાન વૈશ્વિક કટોકટી (ક્રાઈસિસ) વચ્ચે આજે કાચા તેલનો ભાવ પ્રતિ બેરલ ૧૦૮ ડોલરની આસપાસ છે, છતાં સરકારે રાહત આપવાને બદલે તાજેતરમાં ફરીથી ભાવમાં ૩ નો તોતિંગ વધારો ઝીંકી દીધો છે. આ સતત થઈ રહેલા ભાવવધારાથી ટ્રાન્સપોર્ટેશન મોંઘું થતાં સામાન્ય ઘરવપરાશની ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચ્યા છે.


આ મુદ્દે સૌથી આશ્ચર્યજનક બાબત એ વિરોધના બદલાયેલા સ્વરૂપની છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં જ્યારે માત્ર ૨ જેવો નજીવો ભાવવધારો થતો, ત્યારે દેશભરમાં ભારે વિરોધ પ્રદર્શનો, ચક્કાજામ અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવા સુધીના આંદોલનો થતા હતા, જેના દબાણમાં આવીને સરકારે અડધો કે એક રૂપિયો ભાવવધારો પાછો ખેંચવો પડતો હતો.

## વાશીના 'જીવનદૂત' : માછીમારી કરતાં કરતાં 100થી વધુ જિંદગીઓ બચાવનાર મહેશ સુથારની પ્રેરણાદાયી કહાની

### મોતની સવારી રોકનારો રિયલ હીરો: વાશી ખાડી બ્રિજ પરથી કૂદનારાઓ માટે દેવદૂત બન્યા મહેશ સુથાર

મુંબઈ

આજના સ્વાર્થી જમાનામાં જ્યાં લોકો રસ્તા પર અકસ્માત જોઈને પણ વીડિયો બનાવવામાં મશગૂલ થઈ જાય છે, ત્યાં એક એવો માણસ પણ છે જે પોતાની જાન જોખમમાં મૂકીને અજાણ્યા લોકોના જીવ બચાવે છે. વાત થઈ રહી છે મુંબઈ નજીક આવેલા વાશીના રહેવાસી મહેશ સુથારની. વાશી ખાડી બ્રિજ પરથી આત્મહત્યા કરવા કૂદતા લોકો માટે મહેશ સુથાર 'જીવનદૂત' સાબિત થયા છે. વ્યવસાએ માછીમાર એવા મહેશભાઈએ અત્યાર સુધીમાં 100થી વધુ લોકોને મરતા બચાવ્યા છે અને 200થી વધુ કમનસીબોના મૃતદેહો પાણીમાંથી બહાર કાઢીને તેમના પરિવારને આખરી દર્શન કરાવ્યા છે.



મહેશ સુથાર રોજની જેમ વાશી ખાડીમાં માછીમારી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. પરંતુ વર્ષો પહેલાં તેમની નજર સામે બનેલી એક ઘટનાએ તેમના જીવનની દિશા હંમેશા માટે બદલી નાખી.

તેમના જ વતન ગામની એક પરિચિત વ્યક્તિએ આર્થિક તંગી અને માનસિક તણાવના કારણે વાશી બ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાથી મહેશભાઈ ધ્રૂજી ઉઠ્યા હતા. તેમણે વિચાર્યું કે જો તેઓ તે સમયે ત્યાં હાજર હોત, તો કદાચ તે વ્યક્તિનો જીવ બચી ગયો હોત. બસ, આ એક પસ્તાવા અને ખાલીપાએ તેમના હૃદયમાં એવી જગ્યા કરી લીધી કે તેમણે માછીમારીની સાથે-સાથે લોકોના જીવ બચાવવાને જ પોતાના જીવનનું અસલી મિશન બનાવી લીધું.

વાશી ખાડી બ્રિજ આત્મહત્યાના પ્રયાસો માટે ખૂબ સંવેદનશીલ માનવામાં આવે છે. મહેશ સુથાર હવે માત્ર માછલી પકડવા માટે જ નહીં, પરંતુ બ્રિજ તરફ પણ નજર રાખે છે. જ્યારે પણ કોઈ વ્યક્તિ બ્રિજ પર શંકાસ્પદ હાલતમાં ઊભેલી દેખાય અથવા કોઈ પાણીમાં કૂદે, ત્યારે સ્થાનિક પોલીસ કે ટ્રાફિક પોલીસ તરત જ મહેશ સુથારનો સંપર્ક કરે છે.

વિદેશી હૂંડિયામણ બચાવવા માટે વીજળીક વેગે લેવાઈ શકે છે મોટો નિર્ણય

## PM નરેન્દ્ર મોદીની અપીલ બાદ પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાનું કાઉન્ટડાઉન શરૂ

નવી દિલ્હી

દેશના અર્થતંત્ર અને સામાન્ય જનતાના ખિસ્સાને સીધી અસર કરતા એક સૌથી મોટા સમાચાર નવી દિલ્હીથી આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશહિતમાં કરવામાં આવેલી એક વિશેષ અપીલ બાદ હવે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો થવાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે. કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ આ બાબતે સ્પષ્ટ સંકેત આપતા જણાવ્યું છે કે દેશનું કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવવું અત્યંત જરૂરી બન્યું છે. સરકારી વર્તુળો અને ટોચના સૂત્રોને ટાંકતા મળી રહેલા અહેવાલો મુજબ, ૧૫ મે પહેલા જ ઈંધણના ભાવમાં આકરો વધારો ઝીંકી દેવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની સ્થિતિ અને વૈશ્વિક આર્થિક સમીકરણોને જોતા કેન્દ્ર સરકાર લાંબા સમયથી ઈંધણના ભાવો પર મંથન કરી રહી હતી. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે મહત્વનું નિવેદન આપતા દેશની જનતાને વાસ્તવિક સ્થિતિથી વાકેફ કરી છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ચૂકવણી કરવા માટે ભારત સરકારના વિદેશી હૂંડિયામણના ભંડોળને સુરક્ષિત રાખવું અનિવાર્ય છે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો અર્થતંત્ર પર વિપરીત અસર પડી શકે છે. આ જ કારણોસર વડાપ્રધાને પણ દેશવાસીઓને અર્થતંત્રની મજબૂતી માટે સહયોગ આપવાની અપીલ કરી છે. બીજી તરફ, સરકારી ઓઈલ કંપનીઓ અને નાણાં મંત્રાલયના આંતરિક સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો અનુસાર, ભાવ વધારાની બ્લુપ્રિન્ટ તૈયાર કરી લેવામાં આવી છે. મોંઘવારીનો આ નવો ડામ ગમે ત્યારે પ્રજા પર આવી શકે છે. સૂત્રોનું માનીએ તો આગામી ૧૫ મેની તારીખ પહેલા જ પેટ્રોલ અને ડીઝલના નવા દરો અમલી બની જશે. જો આ અહેવાલો સાચા સાબિત થશે, તો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાની સાથે જ રોજિંદી જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ શકે છે, જેનાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ ફરી એકવાર ખોરવાઈ જશે.

## તંત્રી લેખ...

# દુનિયાનું સૌથી શ્રેષ્ઠ અને અમૂલ્ય પુસ્તક એટલે 'આપણું જીવન'

### રોજ એક નવું પાનું ખુલે છે, ભૂલોમાંથી શીખીને ખુદ પોતાના લેખક બનો!

આપણે જીવનભર જ્ઞાન, શાંતિ અને સફળતાની શોધમાં ધાર્મિક ગ્રંથો, નવલકથાઓ કે મહાન પુરુષોના જીવનચરિત્રો ઉથલાવતા રહીએ છીએ. પુસ્તકો વાંચવા ચોક્કસપણે સારા છે, પરંતુ જો ગર્ભિત રીતે વિચારવામાં આવે તો આ આખી દુનિયામાં આપણા પોતાના 'જીવન' થી મોટું, શ્રેષ્ઠ અને જીવંત કોઈ પુસ્તક નથી. કુદરતે દરેક મનુષ્યને એક અદ્ભુત ડાયરી આપીને પૃથ્વી પર મોકલ્યો છે. આ પુસ્તકની સૌથી મોટી ખાસિયત એ છે કે તેનો દરેક દિવસ એક નવું, કોરું પાનું છે અને તેના પર શું લખવું, કઈ વાર્તા કંડારવી તે સંપૂર્ણપણે આપણા પોતાના હાથમાં છે. આપણા જીવન રૂપી પુસ્તકમાં સુખ, દુઃખ, સફળતા, નિષ્ફળતા, પ્રેમ અને વિરહ જેવા અનેક પ્રકરણો આવેલા છે. બાળપણ એ આ પુસ્તકની સુંદર પ્રસ્તાવના છે, જેમાં માત્ર નિષ્કપટ હાસ્ય અને સપનાઓ હોય છે. યુવાની એ સંઘર્ષ અને પુરુષાર્થનું સૌથી રોમાંચક પ્રકરણ છે, જ્યાં મનુષ્ય પોતાની ક્ષમતાઓની કસોટી કરે છે. અને ઘડપણ એ આખા પુસ્તકનો એવો સારાંશ છે, જે અનુભવોના નીચોડથી ભરેલો હોય છે. દુનિયાના અન્ય પુસ્તકો આપણને બીજાના વિચારો શીખવે છે, જ્યારે જીવન રૂપી પુસ્તક આપણને ખુદનો પરિચય કરાવે છે. જીવનના આ પુસ્તકમાં કેટલાક ક્ષણો એવી પણ આવે છે જે આપણને ગમતી નથી. ભૂતકાળમાં થયેલી ભૂલો, કોઈના તરફથી મળેલો દગો કે હારના પાનાઓ આપણને અવારનવાર પીડા આપે છે. પરંતુ સમજદારી એમાં છે કે ખરાબ પાનાઓના કારણે આખું પુસ્તક ક્યારેય ફાડી શકાતું નથી. વીતી ગયેલા પાનાઓને વારંવાર વાંચીને અફસોસ કરવાના બદલે, વર્તમાનના પાના પર એક નવી અને સકારાત્મક શરૂઆત કરવી જોઈએ. જીવન આપણને રોજ એક નવી તક આપે છે કે આપણે ગઈકાલ કરતાં આજે કંઈક વધુ સારું લખીએ. આજના આધુનિક અને દોડધામભર્યા યુગમાં, જ્યાં લોકો સોશિયલ મીડિયાની આભાસી દુનિયામાં ખોવાઈ ગયા છે, ત્યાં પોતાના જીવનના પુસ્તકને વાંચવું અને સમજવું ખૂબ જરૂરી બન્યું છે. રોજ રાત્રે સૂતા પહેલા પાંચ મિનિટ શાંતિથી બેસીને આજના પાના પર આપણે શું લખ્યું તેનો આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ. જો તમે કોઈ નિરાશ વ્યક્તિના ચહેરા પર સ્મિત લાવી શક્યા છો, તો સમજ લો કે તમારો આજનો દિવસ સાર્થક થયો છે. યાદ રાખો, તમે માત્ર આ પુસ્તકના વાચક નથી, પણ તેના મુખ્ય લેખક અને કિરદાર પણ છો. લોકપ્રિયતા, ધન અને વૈભવ તો સમય જતાં ભૂસાઈ જશે, પરંતુ તમે તમારા જીવનના પુસ્તકમાં માનવતા, સંતોષ અને સત્કર્મની જે કલમ ચલાવી હશે, તે હંમેશ માટે અમર રહેશે. માટે જ, હિંમત હાર્યા વગર, દરેક પરિસ્થિતિમાં હસતા રહીને તમારા જીવનના આ અદ્ભુત પુસ્તકને એટલું સુંદર અને પ્રેરણાદાયી બનાવો કે દુનિયા તેને વાંચવા માટે આતુર બની જાય.



- ગ્રુપ એડિટર પવન માકન

# ગરમીમાં તરસને હળવાશથી ન લો, જીવલેણ સાબિત થશે!

ઉનાળાની તીવ્ર ગરમીના કારણે શરીરની અંદર ઘણા ફેરફારો થાય છે. તેમાંથી એક છે 'હાઈપરનેટ્રેમિયા' એટલે કે લોહીમાં સોડિયમનું વધવું. આ સ્થિતિ ઘણીવાર અવગણવામાં આવે છે, પરંતુ સમયસર ધ્યાન ન આપવાથી ગંભીર સમસ્યા બની શકે છે. હાઈપરનેટ્રેમિયામાં શરીરમાં પાણીની ઊણપથી થાય છે અને લોહીમાં સોડિયમનું સ્તર વધવાથી ઘણી મુશ્કેલીઓ થાય છે. આનાથી ખૂબ તરસ લાગે છે, નબળાઈ આવે છે અને ચક્કર આવે છે. હીટવેવ દરમિયાન તેનું જોખમ અનેક ગણું વધી જાય છે. હાઈપરનેટ્રેમિયા એક મેડિકલ કન્ડિશન છે, જેમાં લોહીમાં સોડિયમનું સ્તર સામાન્ય કરતાં વધી જાય છે. લોહીમાં સોડિયમનું નોર્મલ લેવલ 135-145 mEq/L (બ્લડમાં રહેલા આયન માપવાનું યુનિટ) હોય છે. જ્યારે આ 145 mEq/L કરતાં વધી જાય, તો તેને હાઈપરનેટ્રેમિયા કહેવાય છે. ઉનાળામાં વધુ પડતો પરસેવો થવાથી શરીર ડીહાઈડ્રેટ થઈ જાય છે. તેનાથી લોહીમાં સોડિયમનું પ્રમાણ વધી જાય છે. ઉનાળામાં ડાયેરિયા (સતત ઝાડા), ઉલટી અથવા ડાયાબિટીસ ઈન્સિપિડસ (એક તબીબી સ્થિતિ છે, જેમાં વારંવાર ખૂબ પેશાબ આવે છે અને સતત તરસ લાગે છે.) જેવી સ્થિતિઓ વધુ જોવા મળે છે. તેથી આ સમસ્યા વધુ થાય છે. તડકામાં કામ કરવાથી કે કસરત કરવાથી પણ તેનું જોખમ વધી જાય છે. હાઈપરનેટ્રેમિયામાં દરેક કેસ ઈમરજન્સી નથી હોતો, પરંતુ કેટલીક પરિસ્થિતિઓમાં તરત હૉસ્પિટલ લઈ જવું જરૂરી છે. જેમ કે- જ્યારે વ્યક્તિને બેભાન અવસ્થા અથવા ખૂબ જ સુસ્તી લાગે. વારંવાર આંચકી આવે. ભ્રમની સ્થિતિ બને અથવા વિચિત્ર વર્તન દેખાય. ખૂબ જ તરસ લાગે, પરંતુ પાણી ન પી શકે. તેજ તાવ અને વધુ નબળાઈ અનુભવાય. હૃદયના ધબકારા તેજ હોય અથવા શ્વાસ લેવામાં તકલીફ હોય. પેશાબ ખૂબ ઓછો આવે અથવા બંધ થઈ જાય. વૃદ્ધો, બાળકો અથવા પહેલાથી બીમાર વ્યક્તિને તરત જ ડૉક્ટરને બતાવો. તેની સારવારમાં પાણી અને સોડિયમ વચ્ચે સંતુલન બનાવવામાં આવે છે. આ માટે- ધીમે ધીમે પાણીની ઊણપ પૂરી કરવામાં આવે છે. દર્દીઓને ઓરલ (પાણી/ORS) અથવા IV ફ્લુઈડ્સ આપવામાં આવે છે. સોડિયમને ખૂબ ઝડપથી ઓછું કરવું જોખમી હોઈ શકે છે, તેથી સારવાર ધીમે ધીમે કરવામાં આવે છે. હળવા કિસ્સાઓમાં પૂરતું પાણી પીવું જ પૂરતું હોય છે. આની સાથે હાઈપરનેટ્રેમિયાના કારણની પણ સારવાર કરવામાં આવે છે- ઝાડા/ઊલટી હોય તો તેની સારવાર. ડાયાબિટીસ ઈન્સિપિડસનું મેનેજમેન્ટ. તાવ કે ચેપની સારવાર. ઈલેક્ટ્રોલાઈટ્સનું નિરીક્ષણ. લોહીમાં સોડિયમ અને અન્ય ઈલેક્ટ્રોલાઈટ્સનું નિયમિત પરીક્ષણ. આ જીવલેણ હોઈ શકે છે, ખાસ કરીને જ્યારે તેનું સ્તર (સોડિયમ) ખૂબ વધી જાય અથવા સારવારમાં ખૂબ મોડું થઈ જાય. જ્યારે લોહીમાં સોડિયમ ખૂબ વધી જાય છે, ત્યારે તે મગજના કોષોને અસર કરે છે. તેનાથી મૂંઝવણ, ચક્કર અને બેભાન અવસ્થા થઈ શકે છે. ગંભીર સ્થિતિમાં ખેંચ આવી શકે છે. આ મગજના સંકોચન અને ન્યુરોલોજીકલ નુકસાનનું કારણ બની શકે છે. સમયસર સારવાર ન મળે, તો દર્દી કોમામાં જઈ શકે છે. ગંભીર કિસ્સાઓમાં મૃત્યુ પણ થઈ શકે છે. હીટવેવ દરમિયાન તેના કેસ વધી જાય છે. મુદ્દાઓમાં સમજીએ- હીટવેવમાં વધુ પડતો પરસેવો થાય છે, જેનાથી શરીરમાંથી પાણી ઝડપથી નીકળી જાય છે. પૂરતું પાણી ન પીવાથી ડિહાઈડ્રેશન થાય છે, જે તેનું મુખ્ય કારણ છે. ગરમીમાં લાંબા સમય સુધી રહેવાથી અથવા તડકામાં કામ કરવાથી ફ્લુઈડ લોસ વધી જાય છે.

# સીમાઓ વહુ માટે જ કેમ? દીકરા માટે કેમ નહીં?

### ભૂલ એ અનુભવ છે, અને એ ભૂલ પર થતી તમારી ટીકા એ તમારો મફતનો પ્રચાર છે. બંને રીતે ફાયદો તો તમારો જ છે!

બહુ થઈ 'કન્યા વિદાય', હવે શરૂ કરો 'કુમાર વિદાય'નો નવો અધ્યાય!

આપણા સમાજમાં લગ્ન એ બે આત્માનું મિલન ઓછું અને સ્ત્રીના અસ્તિત્વની આહુતિ વધુ બની ગયું છે. મંડપમાં વાગતી શરણાઈઓ એક તરફ ખુશીનું વાતાવરણ સર્જે છે, તો બીજી તરફ એક બાપ પોતાની આખી દુનિયા અજાણ્યાના હાથમાં સોંપીને ખાલી હાથે ઘરે પાછો ફરે છે. આ વિદાય માત્ર ઘર બદલવાની રીત નથી, પણ એક સ્ત્રીના સપનાઓ અને તેની ઓળખ પર લાગતા 'પરંપરા'ના સિક્કાની શરૂઆત છે.

આજે શિક્ષિત અને આત્મનિર્ભર સ્ત્રી લગ્ન કરતા ડરે છે, તેની પાછળ કોઈ પશ્ચિમી આંધળું અનુકરણ નથી, પણ માનસિક ગુલામીનો ડર છે. તેને ભય છે કે જે પાંખો આકાશ માપવા માટે બની હતી, તેને લગ્નના પિંજરામાં કેદ કરી દેવાશે. તેને લગ્ન સામે વાંધો નથી, પણ લગ્ન પછી બદલાતા 'બેવડા માપદંડો' સામે વાંધો છે. દીકરો મોંડે સુધી બહાર રહે તો 'કામ' ગણાય, પણ વહુ ઉંબરો ઓળંગે તો 'સંસ્કારો' સામે સવાલ ઉઠે છે. ઘણીવાર પતિ મદદ કરવા માંગતો હોય, તો પણ સામાજિક દબાણ આડે આવે છે. સાસુ-સસરા જ ટોકે છે.નવાઈની તારી વહુ એકલી નોકરી નથી કરતી આ માનસિકતા વહુને તોડી નાખે છે. જો ગંદકી આખા પરિવારની હોય, તો સફાઈ માત્ર વહુની જ કેમ? ઘરકામમાં પુરુષનો સહકાર એ ઉપકાર નથી, પણ સહજીવનનો પાયો છે. વહુનો પગાર ઘણીવાર ઘરના રોજિંદા ખર્ચમાં વપરાય છે, જેનો કોઈ હિસાબ રહેતો નથી. બીજી તરફ,



પતિનો પગાર 'સેવિંગ' માં જાય છે, જેમાંથી તેના કે તેના માતા-પિતાના નામે પ્રોપર્ટી વસાવવામાં આવે છે. આખી જિંદગી કાળી મજૂરી કરનાર વહુના નામે એક ઈંટ પણ હોતી નથી! અને જ્યારે તે પોતાના શોખ કે પિયર માટે થોડા પૈસા વાપરે, ત્યારે તેને 'સ્વાર્થી' ગણવામાં આવે છે. દીકરાને સામાન્ય શરદી થાય તો આખું ઘર ચિંતામાં ડૂબી જાય, પણ વહુ તાવમાં હોય તો પણ રસોડાનો ધુમાડો તેની જ રાહ જોતો હોય છે. અમને બહારનું નથી ફાવતું.કહીને બીમાર વહુ પાસે કામ કરાવવું એ સંસ્કાર નથી પણ માનવતાનો અભાવ છે. વહુના શરીરમાં પણ લોહી વહે છે, તે મશીન નથી. સમાજમાં બધા જ સરખા નથી. એવા ઉમદા પરિવારો પણ છે જે વહુને ખરા અર્થમાં દીકરી માને છે. એવા પતિ પણ છે જે પત્નીના કરિયર માટે પોતાની સુખ-સુવિધાઓ જતી કરે છે. આપણો પ્રશ્ન એવા લોકો સામે છે જે હજુ પણ વહુને માત્ર એક 'મફતની કામવાળી' કે 'કમાઉ મશીન' સમજે છે.

સમાજને એક પ્રેમાળ વિનંતી

'કુમાર વિદાય' એ માત્ર શબ્દો નથી, પણ એક નવી વિચારધારા છે. આપણે દીકરીઓને એવો વિશ્વાસ અપાવવો પડશે કે સાસરું એ બંધન નહીં પણ નવું આકાશ છે. જો વહુ પગાર લાવીને ઘરની આર્થિક સ્થિતિ સુધારે છે, તો પરિવારના સભ્યોએ તેને ઘરના કામમાં માનસિક નિરાંત આપવી જોઈએ. વહુના પિયરના સભ્યો વિશે મેણાં મારવા એ તેના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. લગ્ન એ 'અધિકાર' ગાજવવાનો સંબંધ નથી, પણ એકબીજાના 'આદર'નું નામ છે. જે દિવસે વહુને એ અહેસાસ થશે કે આ ઘરમાં તે માત્ર 'સેવા' કરવા માટે નહીં પણ 'સન્માન' સાથે જીવવા માટે આવી છે, તે દિવસે દીકરીઓને લગ્નનો ડર નહીં લાગે. ચાલો, વહુને ઘરની 'લક્ષ્મી' માનીને તેના આત્મસન્માનની રક્ષા કરીએ, કારણ કે તો જ કોઈ ઘર સાચા અર્થમાં 'મંદિર' બની શકશે.

**દર્શના પટેલ**
(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

# 18મે :આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

### આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવા અને તેના પ્રચારમાં સંગ્રહાલય ખૂબ જ મહત્ત્વની ભૂમિકા રહી છે, 1977માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શરૂઆત કરી હતી



સાંપ્રત પ્રવાહો
લેખક :દીપક જગતાપ

આજે 18મે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ છે.દર વર્ષે વિશ્વભરમાં દર વર્ષે 18 મેના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ આ ખાસ દિવસ પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરે છે. આ ખાસ દિવસને મનાવવાનો હેતુ સમાજને સંગ્રહાલયના મહત્ત્વ વિશે જાગૃત કરવાનો છે. સંગ્રહાલયો દ્વારા સંગ્રહિત કરવામાં આવતી વસ્તુઓ દુનિયા માટે એક આર્કાઈવ તરીકે ઉપયોગમાં આવે છે.

આપણા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને સુરક્ષિત રાખવા અને તેના પ્રચારમાં સંગ્રહાલય ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. સંગ્રહાલય દ્વારા આપણી આસપાસની ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્ત્વ ધરાવતી વસ્તુઓને એકત્રિત કરીને તેને સુરક્ષિત રાખવામાં આવે છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમે વર્ષ 1977માં આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શરૂઆત કરી હતી. ત્યાર બાદથી દર વર્ષે 18 મેના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવામાં આવે છે. સમગ્ર દુનિયાના સંગ્રહાલય પોત-પોતાના દેશમાં તેનું આયોજન કરે છે. સંગ્રહાલયના મહત્ત્વને લઈને જાગરૂકતા ફેલાવવા માટે કેટલાય પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસમાં ભાગ લેનારા દેશોમાં યુરોપ, ઉત્તર અમેરિકા, લેટિન અમેરિકા, એશિયા, આફ્રિકા અને ઓશનિયાના દેશોનો સમાવેશ થાય છે. ભારતમાં પણ ઘણા સંગ્રહાલયો, જેમ કે નેશનલ મ્યુઝિયમ (દિલ્હી), ઈન્ડિયન મ્યુઝિયમ (કોલકાતા) અને છત્રપતિ શિવાજી મહારાજ વસ્તુ સંગ્રહાલય (મુંબઈ), દર વર્ષે આ દિવસે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરે છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ મનાવવા માટે એક ખાસ થીમ બનાવે છે.2025ના આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ માટે ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યુઝિયમ્સ (ICOM) દ્વારા રાખવામાં આવેલી થીમ હતી : 'The Future of Museums in Rapidly Changing Communities'. 2026 માટે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day) નો થીમ છે: 'Museums Uniting a Divided World' (સંગ્રહાલયો વિભાજિત દુનિયાને એકત્રિત કરે છે). આ થીમ સંગ્રહાલયોને ઝડપથી બદલાતા સમુદાયોમાં તેમની ભૂમિકા, સુસંગતતા અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરે છે, ખાસ કરીને શિક્ષણ, સંશોધન અને સાંસ્કૃતિક વિવિધતાના સંદર્ભમાં છે આ દિવસની ઉજવણીનો હેતુ લોકોમાં મ્યુઝિયમ વિશે જાગૃતિ ફેલાવવાનો અને મ્યુઝિયમની મુલાકાત લઈને તેમના ઈતિહાસથી વાકેફ કરવાનો છે. જો મ્યુઝિયમ ન હોત તો આજે ઈતિહાસ વિસરાઈ ગયો હોત. આપણી સભ્યતા અને સંસ્કૃતિ લુપ્ત થવાના આરે આવી ગઈ હોત. આ મ્યુઝિયમો આપણને આપણા ઈતિહાસને જાણવાની તક તો આપે જ છે સાથે સાથે સભ્યતા અને સંસ્કૃતિનું જ્ઞાન પણ આપે છે ભવ્ય ઐતિહાસિક વારસો સાચવવા માટે મ્યુઝિયમ ઉપયોગી છે. મ્યુઝિયમ ઉપરથી આપણને ખબર પડે છે કે, આપણો ભૂતકાળનો સમય કેવો સુદર હતો. સંગ્રહાલયમાં સોના ચાંદીના ગરેણાના નમૂના તેના ડીઝાઈન, સાળકામ, યુધ્ધ શસ્ત્રોના નમૂના, પુરાતત્વીય ઈતિહાસના નમૂના, પ્રાણીના આવશેષો, અને અન્ય સાધન સામગ્રી ઉપરાંત વાહન વ્યવહાર સાથે જોડાયેલા સંસ્કૃતિ અને સભ્યતાની રજૂઆત કરવામાં આવેલ છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ મ્યૂઝિયમ (આઈકોમ) ઐતિહાસિક, ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વસ્તુઓનો સંગ્રહ કરનાર મુખ્ય સંગઠન છે. સમગ્ર વિશ્વમાં આઈકોમની 31 આંતરરાષ્ટ્રીય સમિતિઓ છે. આ તમામ સમિતિઓ સંગ્રહાલય સાથે સંકળાયેલ અલગ-અલગ ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે. આ સાથે જ આઈકોમ મહત્ત્વની વસ્તુઓની ગેરકાયદેસર ચોરીને રોકવા માટેનું પણ કામ કરે છે અને કટોકટીની પરિસ્થિતિમાં સંગ્રહાલયોને સહાય પણ પૂરી પાડે છે.

# સહન બધું જ પ્રજાએ કરવાનું, રાજાએ તો માત્ર રાજ કરવાનું, તંત્ર મજા કરતું જાય છે

### પાણીના નળ બંધ રાખો, પ્લાસ્ટિકનો ઉપયોગ કરશો નહીં, પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરો, વર્ક ફ્રોમ હોમ કરો, વિદેશ જશો નહીં, સોનું ખરીદશો નહીં, સાઈકલ ચલાવો, ઈવીનો ઉપયોગ કરો, કચરો સળગાવશો નહીં જેવી ઘણી બધી સલાહ અને સુચનો પ્રજા માટે જારી કરવામાં આવે છે. પ્રજા તેનું પાલન કરે છે અને તંત્ર મજા કરે છે : કોરોના સમયે કેટલાય લોકોને તપાસ માટે, રસી માટે, સારવાર માટે લાઈનોમાં ઊભા કરી દેવાયા. છ ફૂટનું અંતર રાખવાનું કહેવામાં આવ્યું. એકપણ નેતા, એકપણ અધિકારી કે પછી તંત્ર સાથે જોડાયેલી વ્યક્તિને સમસ્યા થઈ નહોતી.

પાણીના નળ બંધ રાખો, પ્લાસ્ટિકનો ઉપયોગ કરશો નહીં, પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરો, વર્ક ફ્રોમ હોમ કરો, વિદેશ જશો નહીં, સોનું ખરીદશો નહીં, સાઈકલ ચલાવો, ઈવીનો ઉપયોગ કરો, કચરો સળગાવશો નહીં જેવી ઘણી બધી સલાહ અને સુચનો પ્રજા માટે જારી કરવામાં આવે છે. પ્રજા તેનું પાલન કરે છે અને તંત્ર મજા કરે છે : કોરોના સમયે કેટલાય લોકોને તપાસ માટે, રસી માટે, સારવાર માટે લાઈનોમાં ઊભા કરી દેવાયા. છ ફૂટનું અંતર રાખવાનું કહેવામાં આવ્યું. એકપણ નેતા, એકપણ અધિકારી કે પછી તંત્ર સાથે જોડાયેલી વ્યક્તિને સમસ્યા થઈ નહોતી. નોટબંધીમાં પણ પ્રજા જ લાઈનોમાં ઊભી હતી, નેતાઓ, મંત્રીઓ, અધિકારીઓને ક્યાંય નોટ બદલાવા જવું પડયું નથી. બધાને બધું જ ખબર છે છતાં પાંગળી પ્રજા તેના વિશે કશું જ બોલતી નથી : પ્રજાએ પણ સમજવું પડશે કે દર વખતે બધું જતું કરીને તેમણે હેરાન થવાની જરૂર નથી અને બીજી તરફ સરકારોએ પણ દોષારોપણ બંધ કરીને યોગ્ય માળખા ઊભા કરવા જોઈએ જેથી લોકો નૈતિક રીતે સંસાધનોનો મર્યાદિત ઉપયોગ કરવા માટે સજ્જ બને. બંને પક્ષે સમજૂતી સાથે કામ થશે તો જ સ્થિતિ સુધરશે બાકી તો દર વખત પ્રજાએ જ દોષિત સાબિત થવાનું છે અને તેણે જ સહન કરવાનું છે દેશ અને દુનિયામાં કંઈપણ થાય એટલે સૌથી પહેલાં સહન કરવાનું આવે કે દોષિત ઠેરવવાના આવે એટલે પ્રજાનું નામ લેવાય છે. કોઈપણ બાબતે ખોટું થવા પાછળ આખરે કારણભૂત અને સહન કરનાર પ્રજા જ હોય છે. તંત્ર અને રાજાએ તો માત્ર રાજ કરવાનું, આદેશો આપવાના અને નમાલી પ્રજા, અબોધ પ્રજા તેનો આંધળો અમલ કરવા લાગે. લોકોની આદતોના કારણે સમસ્યા આવી છે તેવું સાબિત કરી દેવાનું અને પછી બે-ચાર કાયદા બતાવી દેવાના એટલે લોકો ભયના માર્યા બધું અમલમાં મુકવા માંડે અને બધું સુપેરે પાર પડી જાય. પોતાને જ દોષિત માનતી પ્રજા પોતે જ પીડિત થઈ જાય અને સરકાર અને તંત્ર તેનો આનંદ માણે. હાલમાં દેશમાં જે પણ થઈ રહ્યું છે તેમાં બધું જતું કરવાનું, બધું સહન કરવાનું અથવા તો એમ કહીએ કે જે કરવાનું છે તે પ્રજાએ જ કરવાનું છે. દેશ જેટલી વખત મુશ્કેલીમાં આવે તેટલી વખત પ્રજાએ એકસાથે મહેનત કરીને તેને બહાર લાવવાનો છે. સરકાર અને તંત્ર તો તેના માટે છે જ નહીં. હાલમાં જો નજર કરીએ તો ક્લાઈમેટ ચેન્જની સમસ્યા છે, પ્રદુષણ વધેલું છે કારણ કે લોકો બેફામ વાહનો વાપરે છે, તેમની ફેક્ટરીઓના ધુમાડા નીકળે છે. પાણીનો વેડફાટ થાય છે તે પણ પ્રજા દ્વારા કરવામાં આવે છે, ગમે ત્યાં કચરો પડયો હોય છે તે પણ લોકો જ કરે છે. સરેરાશ એવું જ સાબિત કરવામાં આવે છે કે, લોકો જો સારી આદતો પાડશે તો બધું સુધરી જશે. ગામડા ગામની અભણ અબોધ પ્રજાથી માંડીને મેટ્રો શહેરોની વધુ પડતી ભણેલી મુરખ પ્રજા પણ આ વાત સ્વીકારી લે છે અને સરકારના આદેશોનું પાલન કરે છે. પાણીના નળ બંધ રાખો, પ્લાસ્ટિકનો ઉપયોગ કરશો નહીં, પેટ્રોલ અને ડીઝલનો ઓછો ઉપયોગ કરો, વર્ક ફ્રોમ હોમ કરો, વિદેશ જશો નહીં, સોનું ખરીદશો નહીં, સાઈકલ ચલાવો, ઈવીનો ઉપયોગ કરો,



કચરો સળગાવશો નહીં જેવી ઘણી બધી સલાહ અને સુચનો પ્રજા માટે જારી કરવામાં આવે છે. પ્રજા તેનું પાલન કરે છે. વ્યક્તિગત સંયમથી દરેક સમસ્યાનો ઉકેલ આવતો નથી. તંત્ર અને સરકાર જે રીતે કામ કરે છે, જે રીતે માળખું ગોઠવાયેલું છે તેનાથી વધારે નુકસાન થઈ રહ્યું છે પણ તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી અને પ્રજા અવાજ ઉઠાવવામાં માનતી નથી. કોરોના સમયે કેટલાય લોકોને તપાસ માટે, રસી માટે, સારવાર માટે લાઈનોમાં ઊભા કરી દેવાયા. છ ફૂટનું અંતર રાખવાનું કહેવામાં આવ્યું. લોકોને વર્ક ફ્રોમ હોમ આપી દેવાયા, હજારો લોકોની નોકરીઓ જતી રહી, લાખો ગરીબો અને મજૂરો વિસ્થાપિત થઈ ગયા. એકપણ નેતા, એકપણ અધિકારી કે પછી તંત્ર સાથે જોડાયેલી એકપણ વ્યક્તિને સમસ્યા થઈ હોય, તેનું દવાના અભાવે મોત થયું હોય, ઓક્સિજનની અછત તેમને નડી હોય તેવું ક્યાંય થયું નથી. આ બધું લોકોને જ થયું હતું કારણ કે સરકારના મતે તેઓ વ્યવસ્થાનું અનુસરણ કરતા નથી. નોટબંધી વખતે લાખો લોકો દરરોજ સવારથી બેન્કોની બહાર લાઈનો કરીને ઊભા રહી જતા હતા. કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને માત્ર બે હજાર કે ચાર હજાર રૂપિયા મળતા હતા. એકપણ નેતા, અધિકારી કે તંત્રની વ્યક્તિ આ દરમિયાન ક્યાંય લાઈનમાં ઊભી રહેલી જોવા મળી હતી. હા જ્યારે જાહેરાતો થાય ત્યારે શરૂઆતના દિવસોમાં ફોટા પડાવવા, મીડિયામાં તસવીરો અને સોશિયલ મીડિયામાં વીડિયો ચલાવવા માટે નેતાઓ, અધિકારીઓ દોડી જતા હોય છે. એક વખત તેમની પ્રસિદ્ધિ થઈ જાય એટલે કામ પૂરું. પ્રજાનું જે થવું હોય તે થાય. પ્રજા આ સમજતી જ નથી. પાણીની સમસ્યાની વાત આવે તો તંત્ર કહે છે કે લોકો ઘરમાં પાણીનો વેડફાટ કરે છે. બ્રશ કરતી વખતે નળ ચાલુ રાખે છે, શેવિંગ કરતી વખતે નળ ચાલુ રાખે છે અને બીજા ઘણા ઉદાહરણો આપશે. રસ્તા ઉપર પાણીની પાઈપલાઈનો દિવસો સુધી તુટેલી રહે છે, સિંચાઈ માટેની નહેરોમાં મોટા મોટા ગાબડા પડે છે, ટાંકીઓ તૂટી પડે છે અને કરોડો લિટર પાણીનો વેડફાટ થાય છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. સ્થિતિ સુધારવાની આવે એટલે તરત જ લોકોને સૌથી પહેલાં ઘરમાં ફેરફાર કરવા, જતું કરવા અને સમજવાનું કહેવામાં આવે છે. તેવી જ રીતે એનર્જીના ઉપયોગની વાત આવે ત્યારે પણ એવું કહેવાય છે કે, શહેરી વિસ્તારોમાં વીજળીનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. સામાન્ય માણસ, મધ્યમવર્ગના માણસને વીજળીનું જે બિલ ભરવું પડે છે તેના કારણે તેના બાકીના બજેટ હાલી જાય છે. આ સંજોગોમાં તે કેવી રીતે વધારે વપરાશ કરવાનો છે. ફેક્ટરીઓમાં, મોટા ઉદ્યોગોમાં, ડેટા સેન્ટરો ચલાવવામાં અને અન્ય ભારે ઉદ્યોગોમાં જે વીજળીનો વપરાશ થાય છે તેના તરફ ધ્યાન જતું નથી. આ ઉપરાંત બજારનું એક એવું માળખું બની ગયું છે કે, લોકોને વિશ્વાસપાત્ર અને ટકાઉ વસ્તુઓ જ મળતી નથી. સોયથી માંડીને સોના સુધી બધામાં ભેળસેળ થાય છે. ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ જે આજથી અઢી ત્રણ દાયકા પહેલાં મળતી હતી તેનું આયુષ્ય ઘણું લાંબું રહેતું હતું. અત્યારે તો બે-ત્રણ વર્ષમાં મોબાઈલ ખરાબ થઈ જાય છે, ચાર વર્ષમાં ટીવી અને એસી ખરાબ થઈ જાય છે. બાકીના સામાનની તો કોઈ ગણતરી જ કરવાની થતી નથી. ચિંતાજનક બાબત એ છે કે, સાધનો રિપેર કરનારા લોકો વધ્યા નથી, તેના માટેની વ્યવસ્થા નથી. બજારમાં ઈકોમર્સના પ્રવેશ બાદ દરેક સામાન અત્યંત સસ્તો મળે છે અને જરાય ટકાઉ નથી તેથી લોકો ખરીદ્યા કરે છે. બગડે એટલે ફેંકી દે છે. તેના કારણે કચરાના પહાડો બના રહ્યા છે. ટકાઉ, રિપેર થાય તેવા અથવા તો લાંબા સમય સુધી ચાલે તેવા સામાન અને વસ્તુઓ જ આવતા નથી તો લોકો કેવી રીતે સમજીવિચારીને કે વિવેકપૂર્ણ ઉપયોગ કરવાના છે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં પેટ્રોલ અને ડીઝલનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનું કહેવાય છે. જરૂર હોય તો જ વાહનનો ઉપયોગ કરવો અથવા તો જાહેર પરિવહનની સેવાનો ઉપયોગ કરવો તેવું કહેવાય છે. નેતાઓ દ્વારા જે રીતે શહેરીકરણને મંજૂરીઓ અપાઈ છે, ભાગીદારીઓ કરાઈ છે અને શહેરોનો બેફામ વિકાસ કરાયો છે ત્યાં એક છેડેથી બીજા છેડે જવામાં ઘણી સમસ્યા થાય છે. આ ઉપરાંત દેશના મોટાભાગના શહેરોમાં જે નવા વિસ્તારો બન્યા ત્યાં બસ, મેટ્રો કે અન્ય જાહેર પરિવહનની સેવાઓ જ નથી. લોકોએ મજબૂરીમાં પોતાના જ વાહનોનો ઉપયોગ કરવો પડે છે. બીજી તરફ નેતાજી અને મંત્રીજી પોતાના ઘરેથી મંત્રાલય જાય તો પણ તેમની પાસે આઠ-દસ ગાડીઓનો કાફલો હોય છે. આ બધું હવાથી ચાલતું હોય છે. તેમાં ક્યાંય કરકસર કરવાની આવતી નથી. તેમના વાહનોમાંથી ધુમાડા નીકળતા નથી, પ્રદુષણ થતું નથી, ગ્લોબલ વોર્મિંગની સ્થિતિ વકરતી નથી. મધ્યમવર્ગનો માણસ ટુ વ્હીલર લઈને કાળી મજૂરી કરવા નોકરીએ જતો હોય તે પેટ્રોલ વેડફે છે, પ્રદુષણ કરે છે, ખોટા ખર્ચા કરે છે. વ્યક્તિગત જ નહીં પણ વ્યાવસ્થાગત જવાબદારીઓ અને સુધારા હોવા જોઈએ ઉલ્લેખનીય છે કે, લોકો ખોટું નથી કરતા, તેમની કોઈ જવાબદારી નથી કે તેમણે કશું જ ન કરવું જોઈએ તેવું કહેવું નથી. અહીંયા લોકોએ સમજવાની જરૂર છે કે, તેમણે જેમ બધું જતું કરવાનું છે તેમ તેમની સરકાર અને વ્યવસ્થાતંત્રએ પણ યોગ્ય સુધારા વધારા કરવાની જરૂર છે. માત્ર જાહેરાતો કરીને, આઠ દસ ફોટા પડાવીને કે મંત્રીઓના વીડિયો મીડિયામાં ફરતા કરીને સરકારની જવાબદારી પૂરી થતી નથી. કોઈપણ સ્થિતિમાં સુધારા માટે પ્રજાની જેટલી જવાબદારી છે તેટલી જ સરકારની અને સરકારી માળખાની છે. વ્યક્તિગત રીતે જો સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની સુચના આપવામાં આવતી હોય તો આ સુચના નેતાઓ અને મંત્રીઓને પણ લાગુ પડવી જ જોઈએ. રિસાઈકલિંગ, રિપેરિંગ અને રિયૂઝની વાતો કરવાના બદલે તેનો માળખાગત વિકાસ

પાક્કો ગુજરાત ન્યુઝના અહેવાલની ધારદાર અસર

# ડભોઇના પલાસવાડા ફાટક પર ઓવરબ્રિજનું કામ 'યુદ્ધના ધોરણે' ફરી શરૂ : વાહનચાલકોમાં આનંદ

ડભોઇ

ડભોઈ તાલુકાના પલાસવાડા ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી છેલ્લા ૧૫ દિવસથી અગમ્ય કારણોસર બંધ પડી હતી. આ અંગે પાક્કો ગુજરાત ન્યૂઝ દ્વારા જનતાની હાલાકીને વાંચા આપતો અહેવાલ પ્રમુખતાથી પ્રસારિત કરવામાં આવતા જ રેલ્વે તંત્ર સફાળું જાગ્યું છે. અહેવાલના ઘેરા પ્રત્યાઘાત પડતા રેલ્વે તંત્રના ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા છે અને બંધ પડેલી કામગીરીને તાબડતોબ યુદ્ધના ધોરણે ફરી શરૂ કરાવી દીધી છે. પાક્કો ગુજરાત ન્યૂઝના અહેવાલના કારણે કામ જોરશોરથી શરૂ થતાં જ સ્થાનિકો અને પ્રવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.




અંદાજે એક મહિના પહેલા પલાસવાડા ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ છેલ્લા ૧૫ દિવસથી કોઈ કારણસર કામ એકાએક અટકાવી દેવામાં આવ્યું હતું. આ અડધે રસ્તે અટકેલા કામના કારણે આ માર્ગ પરથી પસાર થતા હજારો મુસાફરો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા અને જનતા ત્રાહિમામ પોકારી ગઈ હતી. આ રોડ માત્ર સ્થાનિક અવરજવર માટે જ નહીં, પરંતુ ગુજરાતના પ્રવાસન નકશા માટે અત્યંત મહત્વનો છે. આ માર્ગ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો મુખ્ય રસ્તો છે. આ ઉપરાંત આ જ રસ્તાનો ઉપયોગ રાજપીપળા, ચાણોદ-કરનાળી, પોઇચા અને વઢવાણા પક્ષી અભયારણ્ય જેવા લોકપ્રિય ધાર્મિક અને પ્રવાસન સ્થળોએ જવા માટે થાય છે. શનિ-રવિની રજાઓમાં અહીં પ્રવાસીઓનો ભારે ઘસારો રહે છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભ બનતી હતી. જ્યારે પણ રેલવે ફાટક બંધ થતું, ત્યારે રોડની બંને તરફ ૧.૫ કિલોમીટર સુધી લાંબો ટ્રાફિક જામ સર્જાતો હતો.

નઘરૂ અને નફ્ફટ તંત્રના પેટનું પાણી પણ હાલતુ નથી

# રાજપીપળામાં ગેરકાયદેસર પેરેડાઇઝ મરઘા કેન્દ્ર ચાલતું હોઈ રહીશોને બર્ડ ફ્લૂનો ખતરો

રાજપીપળા

કરાઈ રાજપીપળાના રહેણાંક વિસ્તારની અંદર ચાલતા પોલ્ટ્રીફાર્મ તાત્કાલિક ધોરણે બંધ કરાવવાબાબતે રાજપીપળા ખાતે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

રાજપીપલા લાલટાવર કાળકામાતા રોડના રહીશોએ જણાવ્યું હતું કે અમારા રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર પેરેડાઈઝ મરઘા કેન્દ્ર ચાલે છે. અગાઉ અમોએ અવારનવાર આરોગ્ય કચેરી, મ્યુનીસીપાલીટી તેમજ પ્રાંત અધિકારી ને જાણ કરેલ છે. છતાં આ પોલ્ટ્રીફાર્મ પર કોઈ કાર્યવાહી કરતા નથી. અગાઉ અમોએ આ પોલ્ટ્રીફાર્મપોલ્યુશન તેમજ ગંદકી તથા રોગચાળો ફેલાય છે



સરકાર તરફથી પોલ્ટ્રીફાર્મ ને ફકતસાફસફાઈ રાખવા માટેજ નોટિસ ફાળવવામાં આવે છે અને અગાઉ મ્યુનીસીપાલીટીએ રૂા.૨૫,૦૦૦/- નો દંડ ફટકારેલ છે. પણ આ કાર્યવાહી અમારા માટે યોગ્ય નથી.સદર પોલ્ટ્રીફાર્મ દ્વારા થતા પ્રદુષણનો સવાલ અમારા આરોગ્યનો છે. હાલ નવાપુર થીનંદુરબાર સુધી બર્ડ ફ્લૂનો કહેર ચાલતો હોય અમારા વિસ્તારના બર્ડ ફલૂની લોકો દહેશત સેવી રહ્યાં છે. તેથી વહેલી તકે રહેણાંક વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર પોલ્ટ્રીફાર્મને કાયમી ધોરણે બંધ કરવા રજુઆત કરાઈ હતી તેમજ તાત્કાલિક કાર્યવાહી કરી પોલ્ટ્રીફાર્મ કાયમી બંધ કરવાની માંગ કરાઈ છે. આશ્ચર્યની વાત એ છે કે નઘરૂ અને નફ્ફટ તંત્રના પેટનું પાણી પણ હાલતુ નથી. રાજપીપળા માં ચાલતા ગેરકાયદેસર પોલ્ટ્રી ફાર્મ ના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં ઉણા ઉતરેલા તંત્રની સાંઠ ગાંઠ હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે મરઘાં કેન્દ્ર ચલાવતા સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

# લીમડીમાં કિશોર પાસેથી દેશી તમંચો ઝડપાતા અનેક સવાલો ઉભા

## 18 વર્ષથી ઓછી ઉંમરના બાળક સુધી હથિયાર પહોંચ્યું કેવી રીતે?

લીમડી

લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશી બનાવટના તમંચા અને જીવતા કારતૂસ સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર ઝડપાતા માત્ર હથિયારનો મુદ્દો જ નહીં પરંતુ સમાજ માટે ચિંતાજનક અનેક સવાલો ઉભા થયા છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળક સુધી ગેરકાયદેસર હથિયાર પહોંચ્યું કેવી રીતે? તેને આ હથિયાર કોણે આપ્યું? અને આવા હથિયારો પાછળ કાર્યરત ગેરકાયદેસર તત્વો સુધી પોલીસ ક્યારે પહોંચશે? તેવા પ્રશ્નો લોકોમાં ચર્ચાનો વિષય બન્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ લીમડી-ચાકલીયા રોડ ઉપર રણીયાર ગામ તરફ જવાના રસ્તા પાસે આવેલા હનુમાન મંદિર નજીકથી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી હાથ બનાવટનો દેશી તમંચો અને એક જીવતો કારતૂસ કબ્જે કર્યો હતો. પોલીસે રૂ.૫,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે, સમગ્ર ઘટનામાં સૌથી ગંભીર બાબત એ છે કે નાની ઉંમરના બાળકો સુધી આવા ઘાતક હથિયારો કેવી રીતે પહોંચી રહ્યા છે. સમાજમાં કેટલાક અસામાજિક અને નરાધમ તત્વો પોતાના સ્વાર્થ માટે કિશોરોને ગુનાખોરી તરફ ધકેલી રહ્યા હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

આવા તત્વો બાળકોના ભવિષ્ય સાથે ખેલ કરી તેમને ગુનાના માર્ગે દોરી રહ્યા છે, જે સમાજ માટે અત્યંત ચિંતાજનક બાબત છે. કિશોરની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાથી જુવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ તેની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવી છે. કાયદા મુજબ આવા કિસ્સાઓમાં બાળકનું નામ, ફોટો કે ઓળખ જાહેર કરવી ગુનો ગણાય છે. સ્થાનિક લોકોમાં એવી માંગ ઉઠી રહી છે કે માત્ર કિશોરને પકડી કાર્યવાહી કરવી પૂરતી નથી, પરંતુ તેને હથિયાર પૂરું પાડનાર અને બાળકોને બગાડવાનું કામ કરતા ગેરકાયદેસર તત્વોને પણ ઝડપી કડક સજા કરવામાં આવે.

# પોરબંદર ગ્રામ્ય મામલતદારની ટીમ દ્વારા કુણવદર- રોઝડા ગામના રસ્તા પરથી દબાણ હટાવી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો

ગોસા(ઘેડ)

પોરબંદર તાલુકાના બરડા પંથકના કુણવદર-રોઝડા ગામ ખાતે ખેડૂતોના ખેતરો સુધી જવાના સાર્વજનિક માર્ગ પર કેટલાક સ્થાનિક ખાતેદારો દ્વારા ગેરકાયદેસર દબાણ કરી રસ્તાની પહોળાઈ ઘટાડીને માત્ર ૪ થી ૬ ફૂટ જેટલી રાખી દેવામાં આવી હોવાની વ્યાપક ફરિયાદો બાદ વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખેડૂતોની રજૂઆતોના અનુસંધાને વહીવટી તંત્ર દ્વારા દબાણકર્તાઓ ને નિયમ મુજબ નોટિસો પાઠવી સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા પૂરતો સમય આપવામાં આવ્યો હતો. મહેસૂલી જમીનની કલમ-૨૦૨ હેઠળ ૧૫ દિવસની મુદત આપ્યા છતાં દબાણ દૂર ન થતા અંતે જિલ્લા કલેક્ટરની સૂચના મુજબ કાર્યવાહી અમલમાં મૂકવામાં આવી હતી. તા.૧૬/૦૫/૨૦૨૬ના રોજ પોરબંદર ગ્રામ્ય મામલતદાર કે.જે. મારૂ, સર્કલ ઓફિસર નૂતનબેન જલુ, મહેસૂલી તલાટી, સ્થાનિક તલાટી મંત્રી તેમજ ગ્રામજનોની હાજરીમાં મામલતદાર ગ્રામ્યની સીધી દેખરેખ હેઠળ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. વહીવટી તંત્રના જણાવ્યા મુજબ કુણવદર ગામે સ્મશાન તરફથી અંદર જતો અને કુણવદર-રોઝડા જોડતો વર્ષો જૂનો અંદાજે ૩૩ ફૂટ પહોળો માર્ગ કેટલાક ખાતેદારો દ્વારા બંને બાજુ બાંધકામ કરી સંકોચી દેવામાં આવ્યો હતો. રસ્તા પર ઘોડા ધોવાનું સર્વિસ સ્ટેશન, તબેલા, ઘોડા રમાડવા માટેની રિંગ સહિત વિવિધ આડેધડ બાંધકામ ઉભા કરાયા હતા. સામેની બાજુ રહેણાંક મકાનો અને ઢોર બાંધવાના ઢાળીયાઓ ઉભા થતા રસ્તો લગભગ બંધ હાલતમાં પહોંચી ગયો હતો.

પ્રાંત અધિકારી અને ગ્રામ્ય મામલતદાર દ્વારા જુલાઈ મહિનાથી સતત નોટિસો અને મૌખિક સમજાવટ છતાં દબાણકર્તાઓ દ્વારા પેશકદમી વધારાતી રહેતા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ પ્રોટેક્શન, સિંચાઈ વિભાગ અને ગામના આગેવાનોની હાજરીમાં માર્ગ અને મકાન વિભાગના જે.સી.બી. દ્વારા બે દિવસ સુધી કામગીરી હાથ ધરાઈ હતી.

આ કામગીરી દરમિયાન અંદાજે ૧ થી ૧.૫ કિમી વિસ્તારમાં થયેલા દબાણો દૂર કરી આશરે રૂ.૯ લાખ કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. રસ્તો ફરી ખુલ્લો થતા વિસ્તારના ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ હતી અને તેમણે વહીવટી તંત્રની કામગીરીને વખાણી હતી.

વહીવટી તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે સરકારી જમીનમાં જ્યાં ક્યાં દબાણ અથવા પેશકદમી કરવામાં આવી હશે તે સ્વૈચ્છાએ દૂર કરી દેવી, અન્યથા નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# ગ્રાહકોના આર્થિક શોષણ સામે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

## પડતર કિંમતના આધારે ભાવ નક્કી કરવા માટેની માંગણી કરવામાં આવી

રાજપીપળા

અખિલ ભારતીય ગ્રાહક પંચાયત, ગુજરાત પ્રાંત દ્વારા કલેક્ટર નર્મદા તથા ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખના માધ્યમથી વડાપ્રધાન અને નાણામંત્રી શને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. ઉત્પાદકો દ્વારા એમ આર પી ના નામે કરવામાં આવતી છેતપિંડી રોકવા અને સરકાર દ્વારા પડતર કિંમતના આધારે ભાવ નક્કી કરવા માટેની માંગણી કરવામાં આવી છે.

આ પ્રસંગે પ્રવિણસિંહ ગોહિલ (ગુજરાત પ્રાંત કારોબારી સભ્ય) સુજલભાઈ મિસ્ત્રી (અખિલ ભારતીય ગ્રાહક પંચાયત - અધ્યક્ષ), નીતિનભાઈ ભાવસાર (નર્મદા જિલ્લા મહામંત્રી) વગેરે હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

નિર્માતાઓ માટે ત્રણ રૂપિયાની સોય ની કિંમત 12 રૂપિયામાં માર્જિન કે સાથે વેચવામાં આવે છે પરંતુ ટેગ સાથે એની કિંમત 30 રૂપિયા કરીને ગ્રાહકને લૂંટવામાં આવે છે. એ ઉપરાંત 2500 રૂપિયામાં આયાત કરેલી પેસ મેકર ની કિંમત લગભગ 75 હજાર રૂપિયા થાય છે પરંતુ એને બે લાખ રૂપિયામાં વેચવામાં આવે છે. એ ઉપરાંત દેશમાં ચાર લાખ રૂપિયામાં લાવેલો હૃદયનો વાલ 8લાખ મેં વેચવામાં આવે છે એની એમઆરપી કિંમત 26 લાખ રૂપિયા લખવામાં આવે છે. એ ઉપરાંત હોસ્પિટલોમાં ડ્રેસિંગ બેન્ડેજ પ્લાસ્ટર જેવી ઉત્પાદિત વસ્તુઓની કિંમત ફેક્ટરીમાં ચારથી પાંચ ગણા એમઆરપી કરી દેવામાં આવે છે જ્યારે હોસ્પિટલમાં અને 10 થી 20 ગણી કિંમતે વેચે છે આમ ગ્રાહકોને ખોટી એમઆરપી કિંમત બતાવી ગ્રાહકનું આર્થિક શોષણ અટકાવવાની આવેદનપત્ર દ્વારા માંગ કરવામાં આવી હતી.

# ઓલપાડ કાંઠાની કપાસી ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી પસાર

## ગ્રા.પં.ના 08 વોર્ડના તમામ સભ્યોએ અગાઉ સરપંચ વિરૂધ્ધ નિયમોનુસાર અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી

ઓલપાડ

ઓલપાડ તાલુકાની કપાસી ગ્રુપ ગ્રા.પં.માં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી રાજકીય ગરમા-ગરમીનો અંત આવ્યો છે.કોંગ્રેસ જૂથની મનાતી ગામની મહિલા સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ વિરૂધ્ધ અગાઉ રજુ થયેલ અવિશ્વાસની દરખાસ્ત સોમવારે મળેલ ગ્રા.પં.ની ખાસ સભામાં પૂર્ણ બહુમતીથી પસાર થતા તાલુકાના પંચાયતી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. કપાસી ગ્રુપ ગ્રા.પં.ની મહિલા સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ ગામના કુલ ૦૮ વોર્ડ સભ્યો સાથે ગામનો વહીવટ કરી રહી હતી.જો કે મહિલા સરપંચ ના વહીવટ સામે તેમના જૂથના બહુમતી વોર્ડ સભ્યોના અસંતોષને કારણે ઘણા સમયથી ગામમાં વિવાદ જોવા મળી રહ્યો હતો.આ વિવાદ ચરમસીમાએ પહોંચતા ગ્રા.પં.ના કુલ ૦૮ વોર્ડ સભ્યો દ્વારા અગાઉ ગત તા. ૧૭/૦૩/૨૦૨૬ ના રોજ નિયમોનુસાર કાર્યવાહી કરી મહિલા સરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતી સહીથી ઓલપાડ ટીડીઓ સમક્ષ રજુ કર્યો હતો.જો કે ગુ. પં.અધિનિયમની જોગવાઈ મુજબ આ પ્રસ્તાવ રજુ થયા બાદ યોગ્ય નિર્ણય માટે ગ્રા.પં.ના સરપંચે ૧૫ દિવસમાં ખાસ સભા બોલાવવાની જોગવાઈ છે.પરંતુ કપાસી ગ્રુપ ગ્રા.પં. ની મહિલા સરપંચે ગુ.પં.અધિનિયમની અવગણના કરી નિયત સમય મર્યાદામાં ખાસ સભા બોલાવી ન હતી અને હોદ્દા ઉપર ચીપકી રહી હતી.જેથી આ મામલે ઓલપાડ તાલુકા વિકાસ અધિકારીને ગત તા.૦૧/૦૪/૨૦૨૬ ના પત્રથી લેખિત જાણ કરતા ટીડીઓએ આ મામલે કાર્યવાહી કરવા તા.૧૧ મે ના રોજ ગ્રા.પં.ની ખાસ બેઠક બોલાવવા હુકમ કર્યો હતો. જે હુકમનો અમલ કરી આ બાબતનો નિર્ણય કરવા માટે ગામના તલાટી કમ-મંત્રીએ ગ્રા.પં.ની ખાસ સભા આજે સોમવાર,તા.૧૧ ના રોજ બપોરે- ૧૨:૦૦ કલાકે ગ્રા. પં.ઓફિસમાં બોલાવી હતી. ગ્રા. પં.ની આ સભા ઓલપાડ તાલુકાના ઈન્ચાર્જ વિસ્તરણ અધિકારી રાજેશ બોદર્યાના અધ્યક્ષ સ્થાને મળતા આ સભામાં ગામની સરપંચ તેજલબેન વિવેકભાઈ પટેલ સહિત ગ્રા.પં. વોર્ડ ના ૦૮ વોર્ડ સભ્યો તમામે હાજર રહી સરપંચને હોદ્દા પરથી બરતરફ કરવા અવિશ્વાસ પ્રસ્તાવના મતદાન માં ભાગ લીધો હતો.જે સભામાં ૦૮ સભ્યોએ હાથ ઉંચો કરી સરપંચની વિરૂધ્ધમાં મતદાન કર્યું હતું અને સરપંચ તેજલબેન પટેલે પોતાની તરફેણમાં મતદાન કરતા તેમને માત્ર એક મત મળતા સરપંચને હોદ્દા પરથી દુર કરવા અવિશ્વાસનો પ્રસ્તાવ બહુમતીથી પસાર થયો હતો.

# ઝાલોદ પંચાલ સમાજની જનરલ સભામાં સુવર્ણ મહોત્સવ ઉજવણી અંગે મહત્વપૂર્ણ ચર્ચા

દાહોદ

ઝાલોદ ખાતે પંચાલ સમાજની જનરલ સભા તા. ૧૭ મે ૨૦૨૬ના રોજ રવિવારે બપોરે ૪:૩૦ કલાકે શ્રી વિશ્વકર્મા મંદિરના સભાખંડમાં યોજાઈ હતી. સમાજના પ્રમુખ અનિલ પંચાલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆત ગઈ જનરલ સભાના પ્રોસીડીંગ વાંચી બહાલ રાખવાની કાર્યવાહીથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંદિર કારોબારીમાં ખાલી પડેલ સભ્યની જગ્યાએ નવા સભ્યોની કોપ્ટેશનને બહાલ રાખવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સભાનો મુખ્ય એજન્ડો આગામી તા. ૦૯ મે ૨૦૨૭ના રોજ શ્રી વિશ્વકર્મા મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સુવર્ણ મહોત્સવ ઉજવવા અંગેનો રહ્યો હતો. આ અવસરે ભવ્ય અને ઐતિહાસિક ઉજવણી માટે વિવિધ સૂચનો અને આયોજન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમાજના આગેવાનો અને જ્ઞાતિબંધુઓએ ઉત્સાહભેર પોતાના મંતવ્યો રજૂ કરી કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી થવાની તૈયારી દર્શાવી હતી.

અંદાજિત રૂ.14 લાખનું નુકસાન

# ઝાલોદના ધારાડુંગર ગામે મધરાતે બે ભાઈઓના મકાનોમાં લાગી આગ

દાહોદ

ઝાલોદ તાલુકાના ધારાડુંગર ગામે મધરાત બાદ બનેલી આગની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચિંતા ફેલાવી છે. ગામના નીસરતા ફળિયામાં રહેતા બે ભાઈઓ કસુભાઈ પુનાભાઈ નીસરતા અને નકુભાઈ પુનાભાઈ નીસરતા ના રહેણાંક મકાનોમાં અંદાજિત રાત્રિના 12 વાગ્યા પછી અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



પ્રાથમિક માહિતી મુજબ બંને મકાનોમાં આગ ઝડપથી ફેલાતાં સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટનાની જાણ થતાં દાહોદથી ફાયર બ્રિગેડને તાત્કાલિક બોલાવવામાં આવ્યું હતું, પરંતુ ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં બંને મકાનો મોટાભાગે બળીને ખાખ થઈ ગયા હોવાનું જાણવા મળે છે.

આ આગની ઘટનામાં મકાનમાં રહેલા પરિવારજનો સુરક્ષિત હોવાનું સામે આવ્યું છે, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. જોકે આગની લપેટમાં ઘરવખરીનો સામાન, અનાજ, કપડાં, રોકડ રકમ સહિતની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સંપૂર્ણપણે બળી જતાં બંને પરિવારો નિરાધાર બન્યા હોવાનું ગામલોકો જણાવી રહ્યા છે.

સ્થાનિક સ્તરે કરવામાં આવેલા પ્રાથમિક સર્વે મુજબ બંને મકાનોમાં અંદાજિત સાત-સાત લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું જણાવાઈ રહ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે અને સંબંધિત તંત્ર દ્વારા તપાસ હાથ ધરાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નર્મદા જિલ્લા ભાજપા પ્રમુખના રાજીનામાંની વધતી જતી માંગ..!

■ જેની જ્વાળા ઓ ભરૂચ, સુરત, તાપી વલસાડ, પંચમહાલ છોટાઉદેપુર, દાહોદ,અને અન્ય વડોદરા જેવા જિલ્લા ઓમાં આ આગ પ્રસરી રહી છે..-સુરેશ તલાટી

રાજપીપળા

પૂર્વ પ્રદેશ મંત્રી અને નર્મદા ભાજપાના સિનિયર આગેવાન દિનેશ તડવીએ ચૂંટણીની હાર માટે જવાબદાર ઠેરવ્યા પછી હવે વધુ એક ભાજપાના સિનિયર આગેવાન રહી ચૂકેલા અને ટિકિટ ફાળવણી મુદ્દે રાજીનામુ આપનાર સિનિયર આગેવાન સુરેશભાઈ તલાટીએ પણ જિલ્લા પ્રમુખ નીલ રાવના રાજીનામાંની માંગ કરતા ભાજપા છાવણીમાં સન્નાટો વ્યાપી ગયો છે.

સોસીયલ મીડિયામાં સુરેશ તલાટીએ જિલ્લા પ્રમુખ સામે ટિપ્પણી કરતા જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટી ના વરિષ્ઠ સિનીયર કાર્યકર્તા એવા દિનેશભાઈ તડવી પ્રદેશ મા કરેલ રજુઆત ખરેખર દરેક કાર્યકરો સમજવા જાણવા તેમજ વિચાર કરી સજાગ થવાં જેવું છે.અને કાર્યકરોના ભવિષ્યની સાથે સાથે આત્મ મંથન પણ જરૂરી છે....નર્મદા જિલ્લો જ્વાળા મુખી પર બેઠો છે. જેની જ્વાળા ઓ ભરૂચ, સુરત, તાપી વલસાડ, પંચમહાલ છોટાઉદેપુર, દાહોદ,અને અન્ય વડોદરા જેવા જિલ્લા ઓમાં આ આગ પ્રસરી રહી છે.. જવાબદાર કોણ...? સમય છે. નર્મદા જિલ્લા પ્રમુખે જો જવાબદારી હારની સ્વીકારી છે... તો જો તેઓ કાર્યકરો નુ હિત અને પાર્ટીનું હિત સાચેજ ઈચ્છતા હોય તો પાર્ટીના હિતમાં રાજીનામુ આપી દેવું એજ પાર્ટી ના હિત મા છે...કારણે 2022 વિધાનસભા, 2024લોકસભા અને 2026 જિલ્લા /તાલુકા પંચાયત આ પરિણામ સંગઠન ની ચાડી ખાય છે.... વારંવાર આદિવાસી સમાજને દોષિત કરાવો કેટલો યોગ્ય છે.... આદિવાસી ભોળો છે... મૂર્ખ નથી..હજી પણ જિલ્લા પ્રમુખ સામે કાર્યકરો માં ઘણો રોષ છે. હવે એ જોવું રહ્યું કે આ રોષને ખાળવા હવે ભાજપા હવે શું કવાયત કરે છે.

# કડીના બુડાસણ ગામે સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા: રહેણાંક મકાનમાં ચાલતી નકલી વિદેશી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ!

## બુટલેગરોની નવી કારીગરી: બ્રાન્ડેડ કંપનીઓની ખાલી બોટલોમાં કેમિકલ અને કલર ભેળવીને બનાવતા હતા નકલી દારૂ

કડી

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બુડાસણ ગામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં કાયદો અને વ્યવસ્થાની ઐસીતૈસી કરીને એક રહેણાંક મકાનમાં જ ધમધમતી નકલી ઈંગ્લીશ (વિદેશી) દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે બાતમીના આધારે મધરાતે આ દરોડો પાડીને મોટા પાયે ચાલતા આ આંતરરાજ્ય કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે.

ઘરમાં જ ચાલતું હતું ડુપ્લિકેટ દારૂનું નેટવર્ક

મળતી માહિતી મુજબ, કડીના બુડાસણ ગામના એક રહેણાંક મકાનમાં કેટલાક ઈસમો બહારથી લવાતા કેમિકલ અને કલરના મિશ્રણથી આબેહૂબ વિદેશી દારૂ જેવો જ નકલી દારૂ તૈયાર કરતા હતા. બુટલેગરોએ સ્થાનિક પોલીસની આંખમાં ધૂળ નાખવા માટે ગામડાના એક શાંત રહેણાંક મકાનને પોતાની ફેક્ટરી બનાવી દીધું હતું. બાતમીદારો પાસેથી પાકી હકીકત મળતા જ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સ્થાનિક પોલીસને સાથે રાખ્યા વગર જ સીધો દરોડો પાડ્યો હતો, જેથી બુટલેગરોને ભાગવાનો મોકો ન મળે.

પોલીસના દરોડા દરમિયાન મકાનમાંથી જે સામગ્રી મળી આવી તે જોઈને ખુદ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. બુટલેગરો બજારમાં મળતી મોંઘી અને બ્રાન્ડેડ વિદેશી દારૂની કંપનીઓની ખાલી બોટલો એકઠી કરતા હતા. ત્યારબાદ આ બોટલોમાં નકલી કેમિકલ અને ફ્લેવરવાળું પ્રવાહી ભરી, તેના પર ઓરિજિનલ દેખાય તેવા ડુપ્લિકેટ બુચ (Cap) અને સ્ટીકરો લગાવીને પેકિંગ કરતા હતા. આ નકલી દારૂને અસલી ગણાવીને ઊંચી કિંમતે બજારમાં વેચવામાં આવતો હતો, જે લોકોના સ્વાસ્થ્ય માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે તેમ હતો. દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં બ્રાન્ડેડ કંપનીના નકલી સ્ટીકરો, બુચ, ખાલી તેમજ ભરેલી બોટલો, કેમિકલના કેન અને દારૂ બનાવવા માટે વપરાતા અન્ય સાધનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ફેક્ટરી પકડાતા જ કડી પોલીસ અને સ્થાનિક લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની કામગીરી સામે પણ મોટા સવાલો ઉભા થયા છે કે, આટલા સમયથી રહેણાંક વિસ્તારમાં નકલી દારૂની ફેક્ટરી ચાલતી હતી છતાં સ્થાનિક પોલીસ કેમ અજ્ઞાન હતી? હાલમાં પોલીસે આ ગુનામાં સંડોવાયેલા શખ્સોની અટકાયત કરીને આ નેટવર્કના તાર ક્યાં સુધી જોડાયેલા છે અને કેમિકલ ક્યાંથી લાવવામાં આવતું હતું તે દિશામાં સઘન પૂછપરછ હાથ ધરી છે.



કિયારાએ દીકરીને આપનારી સલાહ વિશે વાત કરતા કહ્યું કે, તે સારાયાહને પોતાની ભૂલોમાંથી શીખવાની આઝાદી આપશે.



### પેરેન્ટિંગ અંગે પણ આપી સલાહ

# જેને ડેટ કરો તેની સાથે જ લગ્ન જરૂરી નથી: કિયારા અડવાણી

મુંબઈ

બોલિવૂડની પાવરફુલ એક્ટ્રેસ અને ન્યૂ મોમ કિયારા અડવાણીએ તાજેતરમાં મોર્ડન રિલેશનશિપ, પેરેન્ટિંગ અને પોતાની નાની દીકરી સારાયાહ મલ્હોત્રાના ભવિષ્યને લઈને એવું નિવેદન આપ્યું છે જેની સોશિયલ મીડિયામાં ખૂબ ચર્ચા થઈ રહી છે. એક પોડકાસ્ટમાં કિયારાએ જણાવ્યું કે, તે પોતાની દીકરી પર ક્યારેય કોઈ પરંપરાગત દબાણ લાવવા નથી માંગતી. તે ઈચ્છે છે કે તેની દીકરી પોતાની જિંદગી મુક્તપણે જીવે અને પોતાની પસંદગી જાતે કરે. હું મારી દીકરી પર દબાણ નહીં કરું: કિયારા કિયારાએ ડેટિંગ અને લગ્ન જેવા સેન્સિટિવ મુદ્દા પર વાત કરતા કહ્યું કે, તે ક્યારેય પોતાની દીકરીને એવું નહીં કહી શકે કે તારે માત્ર એક જ વ્યક્તિને ડેટ કરવાનો છે કે તેની સાથે જ ફરજિયાત લગ્ન કરવાના છે.

પોતાના જીવનના અનુભવો શેર કરતા કિયારા અડવાણીએ કહ્યું કે, જ્યારે હું મોટી થઈ રહી હતી, ત્યારે મેં જે પણ વ્યક્તિને ડેટ કર્યો, મને હંમેશા એવું જ લાગતું કે હું આ જ વ્યક્તિ સાથે લગ્ન કરીશ. પણ જિંદગી આપણે જેવું વિચારીએ છીએ તેવી નથી હોતી. આજે હું ભગવાનનો આભાર માનું છું કે એવું ન થયું! કારણ કે ભગવાન જેને મારા જીવનસાથી તરીકે પસંદ કર્યો છે, તેની સાથે હું અત્યારે મારી લાઈફમાં ખૂબ જ ખુશ છું.

કિયારાએ ઉમેર્યું કે, જીવનમાં તમે જેટલા પણ સંબંધો બનાવો છો, તે બધા તમને કંઈક ને કંઈક નવું શીખવે છે અને તમને આજે જે વ્યક્તિ છો તે બનાવવામાં મદદ કરે છે. કિયારા અને સિદ્ધાર્થ મલ્હોત્રાના ઘરે 15 જુલાઈ 2025 ના રોજ દીકરી સારાયાહનો જન્મ થયો હતો. કિયારાએ દીકરીને આપનારી સલાહ વિશે વાત કરતા કહ્યું કે, તે સારાયાહને પોતાની ભૂલોમાંથી શીખવાની આઝાદી આપશે.

# મૌની રોય-સૂરજ વચ્ચે સૌ સારાં વાનાં થઈ ગયાં, સોશિયલ મીડિયા પર એકબીજાને ફોલો કર્યાં

### એક્ટર મોહનલાલ સાથે ફિલ્મમાં મીના, અંસિબા હસન અને એસ્થર અનિલ જોવા મળશે

મુંબઈ

એક્ટ્રેસ મૌની રોય હાલમાં તેના પતિ અને બિઝનેસમેન સૂરજ નાંબિયાર સાથે છૂટાછેડાને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં બંનેએ એકબીજાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પરથી અનફોલો કરીને અલગ થઈ રહ્યા હોવાની પુષ્ટિ કરી હતી. હવે મૌની અને સૂરજે ફરીથી શનિવારે એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરવાનું શરૂ કરી દીધું છે.



પહેલાં નોંધવામાં આવ્યું હતું કે મૌની અને સૂરજ ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને ફોલો કરી રહ્યા ન હતા. જોકે, હવે બંને ફરીથી એકબીજાની ફોલોઈંગ લિસ્ટમાં દેખાઈ રહ્યા છે. મૌનીએ તેના લગ્નની તસવીરો અને સૂરજ સાથેની જૂની પોસ્ટ્સ પણ એકાઉન્ટમાંથી હટાવી નથી. એક્ટ્રેસના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર હજુ પણ લગ્ન અને જૂની પળોની ઘણી તસવીરો હાજર છે. જ્યારે, સૂરજના પ્રોફાઈલ પર મૌની સાથે જોડાયેલી માત્ર એક તસવીર દેખાઈ રહી છે, જેમાં તેનો ચહેરો દેખાતો નથી. ગુરુવારે મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એક સંયુક્ત નોટ જાહેર કરીને જણાવ્યું હતું કે તેઓ તેમના લગ્ન સમાપ્ત કરી રહ્યા છે. મૌની રોય અને સૂરજ નાંબિયારે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'અમે મીડિયાના કેટલાક વર્ગો દ્વારા અમારા અંગત જીવનમાં બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન પર નિરાશા વ્યક્ત કરીએ છીએ. અમે જણાવવા માંગીએ છીએ કે અમે અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ બાબતોને ખાનગી રીતે અને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે જરૂરી સમય લઈ રહ્યા છીએ.'


# ચોધાર આંસુએ રડ્યા તમિલ સુપરસ્ટાર જયમ રવિ

### માનસિક તણાવ અને સાયબર બુલિંગનો ભોગ બન્યા, ત્રીજી વ્યક્તિની એન્ટ્રી અને સિંગર કેનિશાનો વિવાદ

મુંબઈ

તમિલ સિનેમા (કોલીવુડ) ના લોકપ્રિય અભિનેતા રવિ મોહન, જેઓ 'જયમ રવિ' તરીકે જાણીતા છે, તેઓ શનિવારે ચેન્નાઈમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પોતાના અંગત જીવનની પીડા રજૂ કરતા ચોધાર આંસુએ રડી પડ્યા હતા. છેલ્લા બે વર્ષથી પત્ની આરતી રવિ સાથે ચાલી રહેલા છૂટાછેડાના વિવાદ, સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ અને સિંગર કેનિશા ફ્રાન્સિસ સાથે જોડાતા નામથી કંટાળીને તેમણે એક ચોંકાવનારી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, જ્યાં સુધી કોર્ટ દ્વારા તેમના છૂટાછેડા કાયદેસર રીતે મંજૂર નહીં થાય, ત્યાં સુધી તેઓ અભિનયની દુનિયાથી સંપૂર્ણપણે દૂર રહેશે. જયમ રવિએ પત્રકારો સામે ભાવુક થતા કહ્યું કે, 'જ્યાં સુધી મારા ડિવોર્સ નહીં થાય, ત્યાં સુધી હું એક્ટિંગ નહીં કરી શકું, મારામાં હવે તાકાત નથી રહી. જ્યારે મને છૂટાછેડા મળશે અને આ સાયબર બુલિંગ બંધ થશે, ત્યારે જ મારું જીવન સામાન્ય બનશે અને હું કેમેરા સામે પરત ફરીશ.'

તેમણે પોતાની પત્ની અને સાસરિયા પક્ષ પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે તેમને વર્ષો સુધી 'ગુલામ' ની જેમ રાખવામાં આવ્યા હતા. તેમણે વધુમાં એક ચોંકાવનારો દાવો કર્યો કે આરતીએ કાંડાની નસ કાપીને આત્મહત્યા કરવાની ધમકી આપી બ્લેકમેલ કર્યો હોવાથી તેઓ આ લગ્નજીવનમાં 'ડેથ વિશ' (મરવાની ઈચ્છા) સાથે જોડાયા હતા. આ વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે જયમ રવિની મિત્ર અને સ્પિરિચ્યુઅલ થેરાપિસ્ટ કેનિશા ફ્રાન્સિસે સોશિયલ મીડિયા પર એક રહસ્યમય પોસ્ટ શેર કરીને આ સંબંધ અને ચેન્નાઈ છોડવાના સંકેત આપ્યા. રવિએ આ અંગે કહ્યું કે, લોકોએ સતત ટ્રોલિંગ કરીને કેનિશાને દૂર જવા મજબૂર કરી દીધી છે. આ ઉપરાંત, રવિએ કોઈનું નામ લીધા વિના એક વરિષ્ઠ અભિનેત્રીને 'ઇડલી નડીગાઈ' કહીને સંબોધ્યા હતા, જેને સોશિયલ મીડિયા પર તમિલનાડુની જાણીતી અભિનેત્રી અને રાજનેતા ખુશ્બુ સુંદર સાથે જોડવામાં આવી રહ્યું છે, કારણ કે ખુશ્બુ આરતીના પરિવારની ખૂબ નજીક માનવામાં આવે છે.



# વિકીના બર્થ-ડે પર કેટરિનાએ પહેલો ફેમિલી ફોટો શેર કર્યો

### બગીચામાં સાદગીથી 'વિહાનના પપ્પા'ની કેક કાપી, VICKETની પરફેક્ટ લાઇફનું સિક્રેટ ખોલ્યું

મુંબઈ

બોલિવૂડના 'છાવા' એટલે કે વિકી કૌશલે 16 મેના રોજ પોતાનો 38મો જન્મદિવસ ઉજવ્યો. આ દિવસને વધુ ખાસ બનાવવા માટે પત્ની કેટરિના કૈફે કોઈ બાંધછોડ કરી નહોતી. આ સાથે જ પતિના બર્થ ડે પર કેટરિનાએ ચાહકોને પણ સરપ્રાઈઝ આપ્યું હતું. તેણે પહેલો ફેમિલી ફોટો શેર કર્યો હતો અને વિકી માટે પ્રેમભર્યો મેસેજ પણ લખ્યો. કેટરિનાએ વિકીને 'સંત' ગણાવ્યો કેટરિનાએ ફોટોની સાથે કેપ્શનમાં લખ્યું, 'જન્મદિવસ મુબારક... એ જ જગ્યા, 2 વર્ષ પછી અને કેટલું બધું બદલાઈ ગયું છે. પ્રાર્થના, ધીરજ અને શ્રદ્ધા . અને આજે આપણે આપણા નાનકડા દેવદૂત સાથે ખૂબ જ આનંદપૂર્વક તારો જન્મદિવસ ઉજવી રહ્યા છીએ. મારું હૃદય આનંદથી ભરેલું અને કૃતજ્ઞ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તું 99% સમય (ઠીક છે, કદાચ 98%) એક સંત જેવી ધીરજ સાથે શક્તિ, પ્રેમ અને પ્રકાશના સ્તંભ સમાન રહ્યો છે. કેટરિનાએ આગળ લખ્યું, 'હું તને માત્ર એટલા માટે પ્રેમ નથી કરતી કે તું જે વ્યક્તિ છે (એક અનુકરણીય માણસ જેના જેવી પ્રમાણિકતા મળવી મુશ્કેલ છે), પરંતુ એટલા માટે પણ કરું છું કારણ કે હું તને જે અગણિત પ્રશ્નો પૂછું છું, તેને તું રસપૂર્વક સાંભળે છે, તું મને એ બાબતોના જવાબો આપે છે જેના વિશે કદાચ તને પણ ખબર નહીં હોય... (હા, હવે તું પૌરાણિક કથાઓ, AI, વોટરપ્રૂફિંગ, મેકઅપ, સ્વાસ્થ્ય, બિઝનેસ અને સામાન્ય રીતે બધી જ 'જો આવું થાય તો' વાળી પરિસ્થિતિઓ અને તેની વચ્ચેની દરેક બાબતોનો નિષ્ણાત બની ગયો છે.)' કેટરિનાએ વિકીના જન્મદિવસ માટે પ્રાર્થના કરતા કહ્યું કે, 'હું પ્રાર્થના કરું છું કે, તું સવારે જાગે અને મારા પ્રશ્નો શરૂ થાય તે વચ્ચેના સમયમાં તને એક બ્લેક કોફી (કદાચ 2) પીવા માટે થોડી વધારાની પળો અને સમય મળી રહે.' દીકરા વિહાનની ઝલક દેખાડી કેટરિના કૈફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કરીને પતિ વિકી કૌશલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી. આ દરમિયાન તેણે દીકરા વિહાનની ઝલક દેખાડી. કેટરિનાએ પોસ્ટ કરેલા ફોટોમાં વિહાન ગ્રે રંગનું જેકેટ પહેરેલો જોવા મળી રહ્યો છે. તેની ક્યુટ હરકતો જોઈને વિકી કૌશલ અને કેટરિના કૈફ પણ ખડખડાટ હસી રહ્યા છે.





# લોકો ફક્ત સનસનાટી ફેલાવવા પ્રશ્નો પૂછે છે: માલવિકા મોહનન

### 'બિનજરૂરી પ્રશ્નો પૂછ્યા' માલવિકાએ X પર લખ્યું, 'હું ગઈકાલે એક ઈવેન્ટમાં ગઈ હતી

મુંબઈ | તા.06

એક્ટ્રેસ માલવિકા મોહનનને તાજેતરમાં એક ઈવેન્ટ દરમિયાન સાઉથ સુપરસ્ટાર અને તમિલનાડુના મુખ્યમંત્રી થલાપતિ વિજય અને સાઉથ સ્ટાર ત્રિશા કૃષ્ણન વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો. આના પર માલવિકા નારાજ થઈ ગઈ. બાદમાં તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર ટ્વીટ કરીને કહ્યું કે, 'કેટલાક પ્રશ્નો માત્ર સનસનાટી ફેલાવવાના ઉદ્દેશ્યથી પૂછવામાં આવ્યા હતા.' 'બિનજરૂરી પ્રશ્નો પૂછ્યા' માલવિકાએ X પર લખ્યું, 'હું ગઈકાલે એક ઈવેન્ટમાં ગઈ હતી. ત્યાં હાજર તમિલનાડુ મીડિયા અને તમામ પત્રકારો માટે મારા મનમાં પૂરો આદર છે, પરંતુ કેટલાક લોકોએ વારંવાર એવા પ્રશ્નો પૂછ્યા, જે બિલકુલ જરૂરી નહોતા અને માત્ર સનસનાટી ફેલાવનારા હતા.' એક્ટ્રેસે આગળ લખ્યું, 'થલાપતિ વિજયને હું છેલ્લા સાત વર્ષથી ઓળખું છું. હું તેમનો ખૂબ આદર કરું છું અને તેમને મારા મિત્ર માનીને પોતાને ભાગ્યશાળી સમજું છું. તેમની સફર ખરેખર ખૂબ જ શાનદાર રહી છે. હું ઈચ્છીશ કે આગળથી મીડિયા વાતચીત દરમિયાન બધા લોકો આદર અને સમજદારી જાળવી રાખે, જેથી કોઈને અસ્વસ્થતા અનુભવાય નહીં. આભાર.' ખરેખર, ચેન્નઈમાં આયોજિત એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન માલવિકાને પૂછવામાં આવ્યું હતું કે, એક્ટ્રેસ ત્રિશા કૃષ્ણન અવારનવાર વિજય સાથે ઘણી જગ્યાએ જોવા મળે છે, તો શું તેમને પણ તેમની સાથે મુસાફરી કરવાની કોઈ રીત ખબર છે? આ પ્રશ્ન પર માલવિકા નારાજ થઈ ગઈ અને તેણે જવાબ આપ્યો, 'તમે મને કેવા-કેવા પ્રશ્નો પૂછી રહ્યા છો?' ત્રિશા અને વિજયની ડેટિંગ ચર્ચા નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ત્રિશાને અભિનેતા અને તમિલનાડુના મુખ્યમંત્રી વિજય સાથે જોડવામાં આવી રહી છે. જોકે, વિજય અને ત્રિશાએ અત્યાર સુધી તેમના સંબંધો વિશે જાહેરમાં કોઈ નિવેદન આપ્યું નથી. ત્રિશા શુક્રવારે ચેન્નઈમાં પોતાની નવી રિલીઝ થયેલી ફિલ્મ 'કરુપ્પુ'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી.

# હોરર ફ્રેન્ચાઇઝ 'તુમ્બાડ'માં આલિયા ભટ્ટની ધમાકેદાર એન્ટ્રી: 'તુમ્બાડ 3' માં ભજવશે મુખ્ય ભૂમિકા

મુંબઈ

બોલિવૂડની સૌથી પ્રતિભાશાળી અને સફળ અભિનેત્રીઓમાંની એક આલિયા ભટ્ટ હાલમાં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં પોતાના શાનદાર લુકને લઈને વૈશ્વિક સ્તરે ચર્ચામાં છે. આ દરમિયાન સિનેમા જગતમાંથી આલિયાને લઈને એક આશ્ચર્યજનક અને ઉત્સાહિત કરનારા સમાચાર સામે આવ્યા છે. અહેવાલો અનુસાર, સોહમ શાહની સુપરહિટ હોરર-થ્રિલર ફ્રેન્ચાઈઝી 'તુમ્બાડ'ના આગામી ભાગમાં આલિયા ભટ્ટની એન્ટ્રી કન્ફર્મ થઈ ગઈ છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચાઓ મુજબ, આલિયાએ ખૂબ જ ગુપ્ત રીતે આ ફિલ્મના શૂટિંગનો પ્રારંભ પણ કરી દીધો છે. મીડિયા રિપોર્ટ્સ અને સૂત્રોના જણાવ્યા અનુસાર, આલિયા ભટ્ટ હાલમાં સોહમ શાહની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'તુમ્બાડ 2' માટે શૂટિંગ કરી રહી છે. આ ફિલ્મમાં તે 15 દિવસના એક ખાસ અને લંબાયેલા કેમિયોમાં જોવા મળશે. જોકે આ રોલ નાનો હોવા છતાં ફિલ્મની એકંદર વાર્તાને આગળ વધારવા માટે અત્યંત મહત્વપૂર્ણ અને વ્યુહાત્મક સાબિત થશે. 'તુમ્બાડ 2' માં આલિયા મુખ્ય અભિનેતા સોહમ શાહ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે, જેને લઈને ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. 'તુમ્બાડ 2' હજુ રિલીઝ થવાની બાકી છે, ત્યારે મેકર્સ દ્વારા આ સુપરહિટ ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગ એટલે કે 'તુમ્બાડ 3' ને લઈને પણ મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. 'તુમ્બાડ' ટ્રાયોલોજીના આ અંતિમ અને ત્રીજા હપ્તામાં આલિયા ભટ્ટ માત્ર કેમિયો પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ તે મુખ્ય અભિનેત્રી તરીકે લીડ રોલ ભજવશે. બીજા ભાગમાં આલિયાનું જે પાત્ર રજૂ કરવામાં આવશે, તે જ વાર્તા અને પાત્ર ત્રીજા ભાગમાં મુખ્ય ભૂમિકા તરીકે આગળ ધપાવવામાં આવશે. આલિયા ભટ્ટ આગામી મે મહિનાના અંત સુધીમાં 'તુમ્બાડ 2' નું પોતાનું શૂટિંગ પૂર્ણ કરી લેશે તેવી શક્યતા છે. ત્યારબાદ, જૂન 2026 થી તે સંજય લીલા ભણસાલીની મહત્વાકાંક્ષી ફિલ્મ "લવ એન્ડ વોર" ના અંતિમ તબક્કાનું શૂટિંગ શરૂ કરશે, જે ઓગસ્ટ 2026 સુધીમાં પૂરું થઈ જશે. રણબીર કપૂર અને વિકી કૌશલ સ્ટારર આ ફિલ્મ 2027 ના પ્રજાસત્તાક દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.



પાક્કો ગુજરાત
સોમવાર | 18 મે 2026 | અમદાવાદ

## સિનિયર ખેલાડીઓ પર કરાય છે અસહ્ય દબાણ: અશ્વિન

# મારી સાથે પણ આવું જ કર્યું હતું, કોહલી પર દબાણ અંગે અશ્વિનનું દર્દ છલકાયું

નવી દિલ્હી

વનડે વર્લ્ડકપ પહેલા સ્પોર્ટ્સ જગતમાં વિરાટ કોહલીના નિવેદનની ખૂબ ચર્ચા થઈ રહી છે. કિંગ કોહલીએ હાલમાં જ એક પોડકાસ્ટમાં સ્વીકાર્યું હતું કે, ભારતની ઓસ્ટ્રેલિયા ટૂર પછી ટેસ્ટ ફોર્મેટને અલવિદા કહેવા પાછળનું સૌથી મોટું કારણ એ હતું કે, દરેક મેચ પછી તેમણે ટીમમાં પોતાના સ્થાનની યોગ્યતા સાબિત કરવી પડતી હતી. વિરાટના આ ચોંકાવનારા નિવેદન બાદ ભારતના પૂર્વ સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિને સમર્થન કર્યું છે. અશ્વિને 2024ની ઓસ્ટ્રેલિયા ટૂર દરમિયાન અચાનક ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. પોતાની યુટ્યુબ ચેનલ પર વાત કરતા રવિચંદ્રન અશ્વિને વિરાટ કોહલીના નિવેદનને સો ટકા સાચું ગણાવ્યું છે. અશ્વિને ભાવુક થતા કહ્યું કે સિનિયર ખેલાડીઓ પર જે પ્રકારનું દબાણ બનાવવામાં આવે છે તે અસહ્ય હોય છે. વિરાટે કહ્યું કે 'મારે કોઈની સામે મારું કામ સાબિત કરવાની જરૂર નથી', અને તે બિલકુલ સાચું છે. મેં પણ મારા કરિયરના અંતમાં આવું જ અનુભવ્યું હતું. આટલા વર્ષો સુધી રમ્યા પછી અને ભારતને આટલી બધી મેચો જીતાડ્યા પછી હવે તેણે કોની સામે પોતાની જાતને સાબિત કરવાની જરૂર છે?

– રવિચંદ્રન અશ્વિન, પૂર્વ ભારતીય સ્પિનર અશ્વિને ઉમેર્યું કે જ્યારે તમે યુવાન હોવ ત્યારે લોકોની ટીકાઓનો જવાબ આપવાની અને તેમને ખોટા સાબિત કરવાની તીવ્ર ઈચ્છા હોય છે. પરંતુ પરિપક્વતા ત્યારે આવે છે જ્યારે તમને સમજાય છે કે લડાઈ બહારના લોકો સાથે નહીં પણ તમારી પોતાની સાથે છે. વિરાટ અત્યારે એવા સ્થાને પહોંચી ગયો છે જ્યાં તેને કોઈના સર્ટિફિકેટની જરૂર નથી.

અશ્વિને ઉમેર્યું કે જ્યારે તમે યુવાન હોવ ત્યારે લોકોની ટીકાઓનો જવાબ આપવાની અને તેમને ખોટા સાબિત કરવાની તીવ્ર ઈચ્છા હોય છે. પરંતુ પરિપક્વતા ત્યારે આવે છે જ્યારે તમને સમજાય છે કે લડાઈ બહારના લોકો સાથે નહીં પણ તમારી પોતાની સાથે છે. વિરાટ અત્યારે એવા સ્થાને પહોંચી ગયો છે જ્યાં તેને કોઈના સર્ટિફિકેટની જરૂર નથી. કોહલીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, વારંવાર એવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવે જ્યાં તમારે તમારી કિંમત અને વેલ્યુ સાબિત કરવી પડે, તે સ્પેસમાં રહેવું હવે તેના માટે શક્ય નથી. વિરાટે કહ્યું હતું કે, 'મને પહેલા જ દિવસે કહી દો કે હું ટીમ માટે યોગ્ય નથી અથવા મારી જરૂર નથી. પરંતુ જો મને સતત એવું ફીલ કરાવવામાં આવે કે મારે મારી યોગ્યતા સાબિત કરતા રહેવું પડશે, તો હું ત્યાં રહેવા માંગતો નથી.' નોંધનીય છે કે વનડે વર્લ્ડકપ પહેલા સ્પોર્ટ્સ જગતમાં વિરાટ કોહલીના નિવેદનની ખૂબ ચર્ચા થઈ રહી છે. કિંગ કોહલીએ હાલમાં જ એક પોડકાસ્ટમાં સ્વીકાર્યું હતું કે, ભારતની ઓસ્ટ્રેલિયા ટૂર પછી ટેસ્ટ ફોર્મેટને અલવિદા કહેવા પાછળનું સૌથી મોટું કારણ એ હતું કે, દરેક મેચ પછી તેમણે ટીમમાં પોતાના સ્થાનની યોગ્યતા સાબિત કરવી પડતી હતી. વિરાટના આ ચોંકાવનારા નિવેદન બાદ ભારતના પૂર્વ સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિને સમર્થન કર્યું છે.



## તેલુગુ એક્ટ્રેસને ડેટ કરી રહ્યો છે ક્રિકેટર તિલક વર્મા?

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને ટીમ ઈન્ડિયાના યુવા સ્ટાર બેટ્સમેન તિલક વર્મા હાલમાં IPL 2026 માં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ આ દરમિયાન તેઓ પોતાની પર્સનલ લાઈફને લઈને અચાનક સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચામાં આવી ગયા છે. આ ચર્ચા પાછળનું કારણ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન સૂર્યકુમાર યાદવનો એક વાયરલ વીડિયો છે, જેમાં તેઓ મજાકિયા અંદાજમાં તતિલક વર્માને ખીજવતા જોવા મળે છે. ફેન્સે આ વીડિયોને તેલુગુ સિનેમાની જાણીતી અભિનેત્રી શ્રીલીલા (Sreeleela) સાથે જોડી દીધો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી એક ક્લિપમાં તિલક વર્મા હોટેલની લોબીમાં હેડફોન લગાવીને ચાલતા જોવા મળે છે. આ દરમિયાન પાછળથી સૂર્યકુમાર યાદવ તેમને કેમેરા સામે 'ઈન લવ' (પ્રેમમાં હોવું) કહીને ચિડાવતા સંભળાય છે. જોકે સૂર્યાએ વીડિયોમાં કોઈ યુવતીનું નામ લીધું નથી, પરંતુ નેટીઝન્સે તુરંત જ તેનું કનેક્શન સાઉથની બ્યુટી શ્રીલીલા સાથે જોડીને બંનેના ડેટિંગના સમાચારો વહેતા કરી દીધા છે. તિલક વર્મા અને શ્રીલીલાના અફેરની ચર્ચાઓ સોશિયલ મીડિયા પર લાંબા સમયથી ચાલી રહી છે, જેના પાછળ ફેન્સ કેટલાક પુરાવા પણ આપી રહ્યા છે:

મંદિર કનેક્શન: થોડા સમય પહેલા શ્રીલીલા તેની માતા ડૉ. સ્વર્ણલતા સાથે તિરૂમાલા તિરૂપતિ મંદિરે દર્શન કરવા ગઈ હતી, તે જ સમયે તિલક વર્મા પણ પોતાના પરિવાર સાથે ત્યાં જોવા મળ્યા હતા.

ઈપીએલ મેચમાં હાજરી: ગત 14 મે 2026ના રોજ ધર્મશાલામાં પંજાબ કિંગ્સ સામે રમાયેલી મુંબઈ ઈન્ડિયન્સની મેચમાં શ્રીલીલાની માતા સ્ટેડિયમમાં હાજર રહી મેચ નિહાળતી જોવા મળી હતી. આ એ જ મેચ હતી જેમાં તિલકે અણનમ ૭૫ રન ફટકારી મુંબઈને જીત અપાવી હતી.

### પંજાબ પર 23 રનથી જીત મેળવી

## RCB પ્લેઓફમાં ક્વોલિફાય થનારી પહેલી ટીમ બની

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ IPLમાં રવિવારની પહેલી મેચમાં પંજાબ કિંગ્સને 23 રનથી હરાવી દીધું છે. ધર્મશાલામાં બેંગલુરુએ ટૉસ હારીને પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 4 વિકેટના નુકસાન પર 222 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમ 8 વિકેટ ગુમાવીને 199 રન જ બનાવી શકી હતી. આ જીત સાથે જ બેંગલુરુના 18 પોઈન્ટ્સ થઈ ગયા છે અને ટીમ આ સીઝનમાં પ્લેઓફમાં પહોંચનારી પહેલી ટીમ બની ગઈ છે. બીજી તરફ, પંજાબની આ સતત છઠ્ઠી હાર છે. શશાંકની ફિફ્ટી કામ ન લાગી પંજાબની ટીમ 223 રનના ટાર્ગેટનો પીછો કરતા 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 199 રન જ બનાવી શકી હતી. ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ



રહી હતી અને તેણે 19 રન સુધીમાં જ 3 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારપછી કૂપર કોનોલી, માર્કસ સ્ટોઈનિસ અને શશાંક સિંહે સંઘર્ષ જરૂર કર્યો, પરંતુ ટીમ ટાર્ગેટથી 23 રન દૂર રહી ગઈ હતી. શશાંકે 27 બોલમાં 56 રનની તોફાની ઈનિંગ રમી હતી. બોલિંગમાં રાસિખ સલામે 3 વિકેટ ઝડપી હતી, જ્યારે ભુવનેશ્વર કુમારે શરૂઆતની બે મહત્વની વિકેટો લીધી હતી. આ સિવાય જોશ હેઝલવુડ, સુયશ શર્મા અને રોમારિયો શેફર્ડને 1-1 વિકેટ મળી હતી. બેંગલુરુ માટે વિરાટ કોહલીએ 37 બોલમાં 58 રનની ઈનિંગ રમી હતી, જ્યારે દેવદત્ત પડિક્કલે 25 બોલમાં 45 રન બનાવીને તેજ શરૂઆત અપાવી હતી. અંતમાં વેંકટેશ અય્યરે અણનમ 73 રન બનાવ્યા, તો વળી ટિમ ડેવિડે 12 બોલમાં 28 રન બનાવીને ટીમને 220ને પાર પહોંચાડી દીધી હતી.

## 10 સિક્સ, 4 ફોર, 21 બોલમાં ફિફ્ટી, ફિન એલનની વિસ્ફોટ બેટિંગ

### વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્માના રેકોર્ડની બરાબરી

મુંબઈ

આઈપીએલ-2026માં આજે (16 મે) ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ફિન એલનનું બેટ જોરદાર ચાલ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના ઓપનિંગ બેટ્સમેન ફિન એલને માત્ર 35 બોલમાં 10 સિક્સ, 4 ફોર ફટકારીને 93 રન ફટકારી દીધા છે. તેણે માત્ર 21 બોલમાં ફિફ્ટી પુરી કરીને ચાહકોને ખુશખુશાલ કરી દીધા છે. આ ઉપરાંત એલને વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્માના રેકોર્ડની પણ બારબરી કરી લીધી છે. ફિન એલનની તોફાની બેટિંગના કારણે કોલકાતાએ 2 વિકેટે 247 રન બનાવ્યા હતા. એલન પાસે આ સીઝનમાં બીજી વખત સદી ફટકારવાની તક હતી, પરંતુ તે સ્પિનર આર. સાઈ કિશોરના બોલ પર મોટો શોટ રમવાના પ્રયાસમાં લોંગ ઓન પર રાશિદ ખાનના હાથે કેચ આઉટ થયો હતો. એલને આઈપીએલમાં બીજી વખત એક ઈનિંગમાં 10 સિક્સર ફટકારી છે. આ પહેલા ફિન એલને દિલ્હી કેપિટલ્સ (DC) સામે 47 બોલમાં અણનમ 100 રન બનાવ્યા હતા, જેમાં 10 સિક્સર અને 5 ફોર સામેલ હતી. આઈપીએલની એક ઈનિંગમાં સૌથી વધુ વખત 10 કે તેથી વધુ સિક્સર ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં એલન બીજા ક્રમાંકે આવી ગયો છે. વૈભવ સૂર્યવંશી અને અભિષેક શર્મા પણ બે-બે વખત 10 સિક્સ ફટકારી ચૂક્યા છે. આ રેકોર્ડ મામલે ક્રિસ ગેલ પ્રથમ સ્થાને છે, જેણે આઈપીએલની ચાર વખત 10 કે તેથી વધુ સિક્સર ફટકારી હતી.

IPL ઈનિંગમાં સૌથી વધુ વખત 10 કે તેથી વધુ સિક્સર

4 - ક્રિસ ગેલ, 2 - અભિષેક શર્મા, 2 - વૈભવ સૂર્યવંશી, 2 - ફિન એલન, બ્રેન્ડન મેક્કુલમની એક મેચમાં 13 સિક્સ કોલકાતા નાઈટ રાઈડર્સ માટે એક આઈપીએલ ઈનિંગમાં સૌથી વધુ સિક્સર ફટકારવાના મામલામાં ફિન એલન ત્રીજા સ્થાને છે. બ્રેન્ડન મેક્કુલમે આઈપીએલની ઓપનિંગ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે 13 સિક્સર ફટકારી હતી. જ્યારે 2018ની સીઝનમાં આન્દ્રે રસેલે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામે 11 સિક્સર ફટકારી હતી. KKR તરફથી IPLની એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સર ફટકારના બેટરો 13 - બ્રેન્ડન મેક્કુલમ વિરુદ્ધ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, બેંગલુરુ, 2008 11 - આન્દ્રે રસેલ વિરુદ્ધ ચેન્નાઈ સુપર કિંગ્સ, ચેન્નાઈ, 2018 10 - ફિન એલન વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ, દિલ્હી, 2026 10 - ફિન એલન વિરુદ્ધ ગુજરાત ટાઈટન્સ, કોલકાતા, 2026. આઈપીએલ-2026માં આજે (16 મે) ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ફિન એલનનું બેટ જોરદાર ચાલ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ના ઓપનિંગ બેટ્સમેન ફિન એલને માત્ર 35 બોલમાં 10 સિક્સ, 4 ફોર ફટકારીને 93 રન ફટકારી દીધા છે. તેણે માત્ર 21 બોલમાં ફિફ્ટી પુરી કરીને ચાહકોને ખુશખુશાલ કરી દીધા છે.





### ઇ-કોમર્સ અને ક્વિક-કોમર્સ ક્ષેત્રની કંપનીઓના ચાર્જીસમાં તથા ટ્રક ઓપરેટરો દ્વારા નૂર દર વધારશે

## ઇંધણ મોંઘું થતા પ્રજા પર તોળાઇ રહેલો ભાવવધારો

મુંબઈ

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂ.૩ સુધીનો વધારો થતા ભારતીય રાઇડ-કંપનીઓ, ઇ-કોમર્સ અને ક્વિક-કોમર્સ ક્ષેત્રની કંપનીઓ વધતા લોજિસ્ટિક્સ અને ડિલિવરી ખર્ચ વધારવા માટે તૈયારી કરી રહી છે. નફાના માર્જિન પર અસર પડવાની ચિંતા ઊભી થતા ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓએ નૂર દરમાં વધારો કરવાની હિલચાલ શરૂ કરી છે. દેશભરના ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓ દ્વારા ભાડાંના દરમાં ૩થી ૪ ટકા વધારો થવાની સંભાવના છે. સીએનજીના ભાવમાં પણ પ્રતિ કિલોગ્રામ રૂ. ૨ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે ઇંધણના ભાવમાં વધારો થવાથી ઓપરેશનલ ખર્ચમાં વધારો થઈ શકે છે અને પરિવહન,



ડિલિવરી અને ઓનલાઈન માલના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. આની સીધી અસર બાઇક-ટેક્સી અને ડિલિવરી ભાગીદારો પર પડશે, જેમના મોટાભાગના વાહનો પેટ્રોલ પર ચાલે છે. જો ઇંધણના ભાવ ઊંચા રહેશે તો ભાડામાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. ઓછામાં ઓછું આ વધારાનો થોડો ભાગ ગ્રાહકો પર લાદી શકાય છે. રાઇડ-હેઈલિંગ અને ઇ-કોમર્સ કંપનીઓ માટે ઈલેક્ટ્રિક વાહનો લાંબા સમયથી એક વ્યવહારુ વિકલ્પ રહ્યા છે. જોકે, તે ઝડપથી અપનાવવું મુશ્કેલ છે કારણ કે ઉદ્યોગમાં વપરાતી મોટાભાગની બાઇકો હજુ પણ પેટ્રોલ પર ચાલે છે. તૈયાર ભોજન, કરિયાણા અને પેકેજ્ડ ફૂડ જેવી શ્રેણીઓમાં તાત્કાલિક દબાણ અનુભવાય તેવી શક્યતા છે, જ્યાં ઇંધણના ઊંચા ખર્ચ ઓર્ડર અને ડિલિવરીના ખર્ચ પર સીધી અસર કરે છે. ટ્રક ઓપરેટરો તથા લોજિસ્ટિક કંપનીઓ આ અગાઉથી જ કાર્યકારી ખર્ચમાં વધારાથી બોજ હેઠળ આવી ગયા છે ત્યારે હવે પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવથી તેમના માર્જિન પર દબાણ આવશે. ક્રુડ તેલના ઊંચા ભાવને પગલે સરકારી ઓઈલ રિફાઈનરીઓની ખોટમાં સતત વધારો થઈ રહ્યો હોવાનું ધ્યાનમાં રાખી તેમને રાહત પૂરી પાડવા સરકારે પેટ્રોલ તથા ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા ૩નો વધારો કર્યો છે.

### વેલ્યુ ₹1.34 લાખ કરોડ ઘટી; SBI-TCSનું માર્કેટ કેપ પણ ઘટ્યું

## ટોપ-10 કંપનીઓમાંથી 9ની વેલ્યુ ₹3.12 લાખ કરોડ ઘટી:રિલાયન્સ ટોપ લૂઝર રહી

મુંબઈ

માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 9નું મૂલ્ય ગયા અઠવાડિયાના કારોબારમાં 3.12 લાખ કરોડ રૂપિયા ઘટ્યું. આ સમયગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટ વેલ્યુ સૌથી વધુ ઘટ્યું છે.

રિલાયન્સનું માર્કેટ વેલ્યુ 1.34 લાખ કરોડ ઘટીને 18.08 લાખ કરોડ પર આવી ગયું. જ્યારે SBIનું માર્કેટ વેલ્યુ 52,245 કરોડ ઘટીને 8.89 લાખ કરોડ પર આવી ગયું.

આ ઉપરાંત TCS, બજાજ ફાઈનાન્સ, HDFC બેંક, ICICI બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, HUL અને LICનું માર્કેટ વેલ્યુ પણ ઘટ્યું છે. જ્યારે ગયા અઠવાડિયે માત્ર ભારતીય એરટેલનું માર્કેટ વેલ્યુ વધ્યું છે. ગયા અઠવાડિયે સેન્સેક્સ 2,090 (2.7%) પોઈન્ટ અને નિફ્ટી 532 (2.2%) પોઈન્ટ ઘટ્યો





હતો. જ્યારે, ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે, સેન્સેક્સ 516 પોઈન્ટના ઘટાડા સાથે 77,328 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,176 પર આવી ગયો. માર્કેટ કેપિટલાઈઝેશન શું છે? માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેરનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપની હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તેમજ, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

### આ નવા નિયમો આગામી 1 જુલાઈથી અમલમાં આવશે

## નાની NBFCને નોંધણીમાં મુક્તિથી ઇક્વિટી બજારોમાં રોકાણને વેગ મળશે

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંક એ કેટલીક નાની નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) માટે નોંધણીની જરૂરિયાતમાંથી મુક્તિની જાહેરાત કરી છે. નિષ્ણાતોને આશા છે કે આનાથી ઈક્વિટી બજારોમાં તેમની ભાગીદારી વધશે તેમજ મૂડી બજાર ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે અને ભાગીદારી સ્તર માટે સકારાત્મક માળખું પૂરું પાડશે.

બજારના સહભાગીઓ અને બ્રોકર્સ કહે છે કે ઘણી કંપનીઓ અને સંસ્થાઓ ભૂલથી એનબીએફસી તરીકે વર્ગીકૃત થવાના જોખમને કારણે ઈક્વિટી બજારોમાં જવાનું ટાળી રહી હતી. પરંતુ હવે તેઓ બજારમાં વધુ સક્રિય થઈ શકે છે. આ સંસ્થાઓ નાણાકીય સંપત્તિઓ સંબંધિત આવક મર્યાદાને ઓળંગવાનો ડર રાખતી હતી, જેના કારણે તેમની નોંધણી જરૂરી બની હતી.

જાણકારોએ જણાવ્યું હતું કે, આ પગલાથી એવી કંપનીઓ અને સંસ્થાઓને નોંધપાત્ર રાહત મળશે જે નિયમ પાલન પ્રત્યે સભાન છે અને અગાઉ મૂડી બજારોમાં સંપૂર્ણપણે ભાગ લેવામાં ખચકાટ અનુભવતી હતી. તેમને ડર હતો કે તેઓ અજાણતા એનબીએફસી વર્ગીકરણ નિયમો હેઠળ



આવી શકે છે.

બ્રોકિંગ ઉદ્યોગમાં ઘણા કાયદેસર વ્યવસાયો છે જે અજાણતા એનબીએફસી શ્રેણીમાં આવી ગયા છે કારણ કે તેઓ નાણાકીય સંપત્તિ અને આવક સંબંધિત કેટલીક તકનીકી મર્યાદાઓમાં આવી ગયા છે, ભલે તેઓ ધિરાણ કે ગ્રાહક-સંબંધિત નાણાકીય પ્રવૃત્તિઓમાં સામેલ ન હોય.

એપ્રિલમાં, રિઝર્વ બેંક એ એનબીએફસી માટે નોંધણીમાંથી મુક્તિની જાહેરાત કરી હતી જે જાહેર ભંડોળ એકત્ર કરતી નથી, ગ્રાહક વ્યવહારો કરતી નથી અને રૂ. ૧,૦૦૦ કરોડથી ઓછી સંપત્તિ ધરાવે છે. આ સંસ્થાઓને નોંધાયેલ ન હોય તેવી પ્રકાર ૧ એનબીએફસી તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. આ નિયમો ૧ જુલાઈથી અમલમાં આવશે. ઘણી એન્ટિટીઓ, ખાસ કરીને પ્રમોટર ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ, ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રક્ચર્સ, ટ્રેઝરી ફર્મ્સ અને પેસિવ હોલ્ડિંગ કંપનીઓ, અગાઉ ઈક્વિટી માર્કેટમાં તેમના રોકાણો વધારવા અંગે સાવચેત હતી. તેમને ડર હતો કે તેઓ અજાણતામાં એનબીએફસી વર્ગીકરણ નિયમોને આધીન થઈ શકે છે. રિઝર્વ બેંકના આ પગલાથી નિયમો અંગે વધુ સ્પષ્ટતા મળી છે.

આનાથી તેઓ લિસ્ટેડ ઈક્વિટી અને અન્ય માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં તેમની વધારાની મૂડીનું રોકાણ કરવામાં વધુ આરામદાયક બનશે. ભારતીય રિઝર્વ બેંક એ કેટલીક નાની નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) માટે નોંધણીની જરૂરિયાતમાંથી મુક્તિની જાહેરાત કરી છે. નિષ્ણાતોને આશા છે કે આનાથી ઈક્વિટી બજારોમાં તેમની ભાગીદારી વધશે તેમજ મૂડી બજાર ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે અને ભાગીદારી સ્તર માટે સકારાત્મક માળખું પૂરું પાડશે.

## JCB માલિકનો ચોંકાવનારો નિર્ણય, નાના પુત્રને સોપી કંપનીની કમાન

■ JCB માં નેતૃત્વ ઉત્તરાધિકાર અંગે લાંબા સમયથી ચાલી આવતી અટકળોનો આખરે અંત આવ્યો

મુંબઈ

વિશ્વ વિખ્યાત બાંધકામ સાધનો ઉત્પાદક JCB માં નેતૃત્વ ઉત્તરાધિકાર અંગે લાંબા સમયથી ચાલી આવતી અટકળોનો આખરે અંત આવ્યો છે. કંપનીના માલિક, લોર્ડ એન્થોની બેમફોર્ડે સ્પષ્ટ કર્યું છે કે તેમના કાર્યકાળ પછી, તેમના નાના પુત્ર જ્યોર્જ બેમફોર્ડ વ્યવસાયની બાગડોર સંભાળશે. આ નિર્ણયથી વ્યવસાય જગતમાં ખળભળાટ મચી ગયો છે, કારણ કે મોટા પુત્ર જો બેમફોર્ડ, અત્યાર સુધી કંપનીના કુદરતી ઉત્તરાધિકારી માનવામાં આવતા હતા. પરિવાર અને વ્યવસાય વચ્ચેનું આંતરિક ઘર્ષણ પણ હવે ખુલ્લેઆમ સપાટી પર આવવા લાગ્યું છે. બ્રિટિશ મશીનરી ઉત્પાદન દિગ્ગજ JCB માં ઉત્તરાધિકારમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. કંપનીના ચેરમેન, લોર્ડ બેમફોર્ડે, તેમના નાના પુત્ર, જ્યોર્જ બેમફોર્ડને પેઢીના ભાવિ વડા તરીકે નિયુક્ત કર્યા છે. આ નિર્ણય ખાસ કરીને આશ્ચર્યજનક માનવામાં આવે છે કારણ કે, ઘણા સમયથી, મોટા પુત્ર, જો બેમફોર્ડને કંપનીનો સંભવિત ચહેરો માનવામાં આવતો હતો. JCBનું સુકાન કોણ સંભાળશે તે અંગે ઉદ્યોગમાં ઘણા સમયથી ઘણી ચર્ચા ચાલી રહી હતી. જોકે, લોર્ડ બેમફોર્ડે હવે વ્યક્તિગત રીતે પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. અહેવાલો અનુસાર, મોટા પુત્ર જો બેમફોર્ડે વિનંતી કરી હતી કે તેમના પિતા તેમની કોર્પોરેટ જવાબદારીઓમાંથી વહેલા રાજીનામું આપે. એવું માનવામાં આવે છે કે લોર્ડ બેમફોર્ડે આને નેતૃત્વમાં પરિવર્તન લાવવાના પ્રયાસ તરીકે જોયું. પરિણામે, પરિવારમાં તણાવ વધ્યો. આ વચ્ચે, જ્યોર્જ બેમફોર્ડને કંપનીના ડેપ્યુટી ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

### ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા ખાડે ગઈ

# 2,936 શાળાઓ માત્ર 1 શિક્ષકના ભરોસે : 42,000 વર્ગખંડોની અછત



- નીતિ આયોગના અહેવાલે ભાજપ સરકારના 'શિક્ષણ મોડલ'ની પોલ ખોલી: ડૉ. મનીષ દોશી
- રાજ્યની 63 શાળાઓમાં 'શૂન્ય' વિદ્યાર્થીઓ, છતાં 78 શિક્ષકો કાર્યરત!
- ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો ડ્રોપઆઉટ રેટ 16.9%, જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણો વધારે

**અમદાવાદ**

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના અહેવાલે ગુજરાતના શિક્ષણ વિભાગની અને કહેવાતા 'શિક્ષણ મોડલ'ની પોલ ખોલી દીધી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, સરકારની ભ્રષ્ટ અને દિશાવિહીન નીતિઓને કારણે રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા તદ્દન ખાડે ગઈ છે. ૬૩,૧૩૪ કરોડ જેટલા મોટા બજેટની જોગવાઈ છતાં આ કરોડો રૂપિયા ક્યાં વપરાય છે તે એક મોટો તપાસનો વિષય છે.

નીતિ આયોગના "સ્કુલ એજ્યુકેશન સીસ્ટમ ઈન ઈન્ડિયા: ટેમ્પરલ એનાલિસિસ એન્ડ પોલીસી રોડમેપ ફોર ક્વોલિટી એન્હાસમેન્ટ" અહેવાલ મુજબ, ગુજરાતમાં ૨,૯૩૬ શાળાઓ એવી છે જે માત્ર ૧ જ શિક્ષક દ્વારા ચલાવવામાં આવી રહી છે. આ શાળાઓમાં ભણતા ૧,૦૫,૧૩૪ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. બીજી તરફ, રાજ્યની ૬૩ શાળાઓમાં એક પણ વિદ્યાર્થી નથી, તેમ છતાં ત્યાં ૭૮ શિક્ષકો કાર્યરત છે, જે વહીવટી તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે.

અહેવાલના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં વિદ્યાર્થીઓ દીઠ શિક્ષકોની સંખ્યા દેશના અન્ય રાજ્યો કરતાં ઓછી છે.

ડૉ. મનીષ દોશીએ જણાવ્યું કે, રાજ્યમાં મોટા પાયે વર્ગખંડોની અછત છે. હાલમાં ૪૨,૦૦૦ વર્ગખંડોની ઘટ છે અને અનેક શાળાઓ જર્જરિત મકાનોમાં ચાલે છે. શાળાઓમાં છતમાંથી પાણી ટપકવું, લેબોરેટરી અને બિનકાર્યક્ષમ શૌચાલયો જેવી સ્થિતિને કારણે વિદ્યાર્થીઓ ધોરણ ૬, ૯ અને ૧૧ પછી શાળા છોડવા (ડ્રોપઆઉટ) મજબૂર બને છે.

સમગ્ર દેશમાં ૯૩,૦૦૦થી વધુ શાળાઓ બંધ કરવામાં આવી છે, જેમાં એકલા ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા ૫,૬૧૨ શાળાઓને તાળા મારવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. તેના કારણે ગ્રામીણ વિસ્તારોના ગરીબ બાળકોનો શિક્ષણનો મૂળભૂત અધિકાર છીનવાઈ રહ્યો છે અને ખાનગીકરણને પ્રોત્સાહન મળી રહ્યું છે. અનેક ખાનગી શાળાઓ RTE (રાઈટ ટુ એજ્યુકેશન)ના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરે છે, પરંતુ સરકાર તેમની સામે પગલાં ભરવામાં ઉદાસીન છે.

અહેવાલ મુજબ, ગુજરાતમાં માધ્યમિક સ્તરે ડ્રોપઆઉટ રેટ ૧૬.૯% છે, જે રાષ્ટ્રીય સરેરાશ (૧૧.૫%) કરતા ઘણો વધારે છે. વર્ષ ૨૦ Screen૨૫-૨૬માં આઉટ-ઓફ-સ્કૂલ બાળકોની સંખ્યામાં ૩૪૧% નો તોતિંગ વધારો થયો છે, જેના કારણે ૫૪,૫૪૧થી વધીને ૨.૪ લાખ વિદ્યાર્થીઓ શાળાની બહાર થઈ ગયા છે, જેમાં ૧.૧ લાખ કિશોરીઓ છે. આ વર્ષે ૬.૪ લાખ બાળકો 'અનટ્રેક્ડ' છે.

કોંગ્રેસ પ્રવક્તાએ અંતમાં ઉમેર્યું કે, 'સમગ્ર શિક્ષા ગુજરાત'ના વાર્ષિક અહેવાલોમાં માત્ર કાગળ પર જ મોટા-મોટા સુધારાના દાવા કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત તદ્દન અલગ અને ચિંતાજનક છે.

## 'હરિયાળી લોકસભા' બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી શાહ લાલઘૂમ

### AMCના બગીચા ખાતાના અધિકારીઓ પર આકરા સવાલોનો મારો

**અમદાવાદ**

ગાંધીનગર લોકસભા મતક્ષેત્રને દેશનું સૌથી ગ્રીન મોડેલ બનાવવાના હેતુથી યોજાયેલી 'હરિયાળી લોકસભા' અંતર્ગતની એક મહત્ત્વની સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અને સ્થાનિક સાંસદ અમિત શાહનો મિજાજ અત્યંત આકરો જોવા મળ્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી અત્યંત ભરોસાપાત્ર વિગતો અનુસાર, બેઠક દરમિયાન અમિત શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના બગીચા ખાતાના ઉચ્ચ અધિકારીઓની કામગીરી સામે ગંભીર નારાજગી વ્યક્ત કરી આકરા સવાલોની ઝડી વરસાવી દીધી હતી, જેના કારણે મ્યુનિસિપલના બાબુઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સાઉથ વેસ્ટ ઝોન ઓફિસ ખાતે યોજાયેલી આ હાઈ-લેવલ બેઠકમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ગ્રીન કવર વધારવા અને તળાવોના નવીનીકરણ સહિતના મુદ્દાઓ પર ગહન સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. ચાલુ નાણાકીય વર્ષમાં આ વિસ્તારમાં ૧ કરોડથી વધુ વૃક્ષો વાવવાનો મોટો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે અંતર્ગત એકલા AMCને જ ૨૫ લાખ જેટલાં વૃક્ષો વાવવાનો ટાર્ગેટ અપાયો છે. બેઠકની અંદરની વિગતો મુજબ, કેન્દ્રીય મંત્રીએ બગીચા ખાતાના અધિકારીઓને સીધો સવાલ કર્યો હતો કે અત્યાર સુધી કરાયેલા વૃક્ષારોપણના ચોક્કસ પરિણામો ક્યાં છે? માત્ર કાગળ પર આંકડા દર્શાવવાના બદલે જમીની



હકીકત શું છે અને વાવેલા છોડના ઉછેર માટે શું નક્કર આયોજન કરાયું છે? અમિત શાહે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે હવે વૃક્ષારોપણના નામે કોઈ પણ પ્રકારની શિથિલતા ચલાવી લેવામાં નહીં આવે.

રોડના ડિવાઈડર, નાના ઓપન પ્લોટ, ડમ્પ સાઈટ અને ખાસ કરીને જીઆઈડીસી (GIDC) વિસ્તારોમાં સઘન વૃક્ષારોપણ કેમ નથી થતું તે મુદ્દે તેમણે અધિકારીઓની આકરી કાપલી કાઢી હતી.

### માફિયાઓ અને બેદરકાર અધિકારીઓને કડક ચેતવણી!

# 'મારા વિસ્તારમાં ખનીજ ચોરી થઈ, તો કોઈને નહીં છોડું' : IPS નિર્લિપ્ત



**અમદાવાદ**

પોતાની કડક છાપ, ઈમાનદારી અને ગુનેગારોમાં ફફડાટ ફેલાવવા માટે જાણીતા નીડર આઈપીએસ (IPS) અધિકારી નિર્લિપ્ત રાય ફરી એકવાર જોરદાર એક્શન મૂડમાં જોવા મળ્યા છે. ખનીજ ચોરી અને ગેરકાયદેસર ખનન કરતા માફિયાઓ તેમજ તેમની સાથે મિલીભગત રાખતા ભ્રષ્ટ તત્વોને ખુલ્લી ચેતવણી આપતા તેમણે સિંહગર્જના કરી છે કે, 'મારા કાર્યક્ષેત્ર કે વિસ્તારમાં જો ક્યાંય પણ ખનીજ ચોરી થઈ, તો જવાબદાર કોઈ પણ હોય... તેને બક્ષવામાં નહીં આવે.' આ આદેશ છૂટતાની સાથે જ સરકારી બાબુઓ અને ખનીજ માફિયાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. રાજ્યમાં કુદરતી સંપત્તિની ગેરકાયદેસર લૂંટ ચલાવતા તત્વો સામે નિર્લિપ્ત રાયે હવે સીધો મોરચો માંડ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો છે કે નદીઓ, સરકારી જમીનો કે ગ્રામીણ વિસ્તારોમાંથી રેતી, પથ્થર કે અન્ય કિંમતી ખનીજોની ગેરકાયદે હેરાફેરી તાત્કાલિક ધોરણે બંધ થવી જોઈએ. આ માટે તેમણે સ્ક્વોડ અને પેટ્રોલિંગ વધારીને આકરા એક્શન પ્લાનની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી લીધી છે. 'રાય સ્ટાઈલ' તરીકે ઓળખાતી તેમની વિશિષ્ટ કામગીરી હેઠળ હવે રાઉન્ડ ધ ક્લોક બાજ નજર રાખવામાં આવશે. નિર્લિપ્ત રાયનો આ આદેશ માત્ર બુટલેગરો કે ખનીજ માફિયાઓ પૂરતો સીમિત નથી, પરંતુ સિસ્ટમમાં બેસીને કાળી કમાણી કરતા અને માફિયાઓને છાવરતા અધિકારીઓ માટે પણ એક મોટો આંચકો છે. તેમણે પોતાના તાબાના પોલીસ અને સરકારી તંત્રને સ્પષ્ટ કરી દીધું છે કે જો કોઈ અધિકારીની બેદરકારી કે આંખ આડા કાન કરવાની નીતિ સામે આવી, તો તેમની સામે પણ ખાતાકીય અને કાયદાકીય રીતે એટલા જ આકરા પગલાં લેવાશે. સત્તા કે લાગવગનો કોઈ પણ કીમિયો હવે આ વિસ્તારમાં ચાલવાનો નથી. IPS નિર્લિપ્ત રાય જ્યાં પણ મૂકાય છે ત્યાં ગુનાખોરીનો ગ્રાફ સીધો નીચે આવી જાય છે તે ઈતિહાસ રહ્યો છે. આ ગંભીર આદેશ બાદ સોશિયલ મીડિયાથી લઈને સામાન્ય જનતામાં તેમના આ વલણના ભારે વખાણ થઈ રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે જો આવા નીડર અધિકારીઓ દરેક ક્ષેત્રમાં હોય, તો સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા અને પર્યાવરણને રોળતા ભૂમાફિયાઓ ક્યારેય માથું ઊંચું ન કરી શકે.

## મોંઘવારીનો વધુ એક ઘાતક માર : હવે ગરીબો અને મધ્યમ વર્ગના ઘરમાં અંધારપટ કરવાના ખેલ?

### સરકાર મહિનાનું લાઈટ બિલ વધારવાની તૈયારીમાં, વીજ કંપનીઓની નવી દરખાસ્તથી પ્રજામાં ભારે હોબાળો

**અમદાવાદ**

શાકભાજી, તેલ, ગેસ સિલિન્ડર અને અનાજના ભાવ આસમાને પહોંચતા જનતા પહેલેથી જ લોહીના આંસુ રોઈ રહી છે, ત્યાં હવે મોંઘવારીનો વધુ એક ઘાતક અને કમરતોડ ફટકો મારવાની પૂરતી તૈયારીઓ થઈ ચૂકી છે. સામાન્ય નાગરિકોના ખિસ્સા ખંખેરવા માટે વીજ કંપનીઓ અને સરકાર મળીને હવે મહિનાનું લાઈટ બિલ વધારવા જઈ રહી હોવાના પાકા અહેવાલ મળી રહ્યા છે. વીજ કંપનીઓ દ્વારા ઝીંકવામાં આવેલી ટેરિફ વધારાની નવી દરખાસ્તને કારણે સમગ્ર રાજ્યમાં ભારે હોબાળો મચી ગયો છે. પ્રજા પૂછી રહી છે કે શું સરકાર હવે ગરીબોના ઘરમાં પંખા અને લાઈટ પણ બંધ કરાવીને જ જંપશે? સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, સરકારી અને ખાનગી વીજ કંપનીઓએ પોતાના ખોટના ખાડા પૂરવા માટે ગ્રાહકો પર આર્થિક બોજ નાખવાનો નવો કારસો ઘડ્યો છે. ફિક્સ ચાર્જ, એનર્જી ચાર્જ અને ફ્યુઅલ સરચાર્જના નામે દર મહિને બિલમાં મોટો વધારો કરવાની સત્તાવાર દરખાસ્ત નિયમનકારી પંચ સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ નવી દરખાસ્ત જો મંજૂર થશે તો આગામી દિવસોમાં સામાન્ય પરિવારનું લાઈટ બિલ આંચકો આપે તે હદે વધી જશે. એટલે કે, જે સામાન્ય માણસ માંડ-માંડ બજેટ સેટ કરીને જીવે છે, તેના પર દર મહિને સેંકડો રૂપિયાનો સીધો વધારાનો બોજ ઝીંકી દેવામાં આવશે. વીજ કંપનીઓની આ લૂંટ નીતિ સામે જનતામાં અત્યારે તીવ્ર આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયાથી લઈને ગલી-મહોલ્લામાં સરકારની આ નીતિની આકરી ઝાટકણી કાઢી રહ્યા છે. ગ્રાહકોનું કહેવું છે કે એક તરફ ઉનાળાની કાળઝાળ ગરમીમાં વીજળીનો વપરાશ અનિવાર્ય બને છે, ત્યારે જ બરાબર મોકો જોઈને ભાવવધારો થોપવો એ પ્રજાના પડ્યા પર પાટું મારવા સમાન છે. મધ્યમ વર્ગના પરિવારો આક્રોશ સાથે કહી રહ્યા છે કે પગાર વધતા નથી, ધંધા-રોજગારમાં મંદી છે, છતાં સરકાર ટેક્સ અને બિલના નામે માત્ર સામાન્ય જનતાને જ કેમ નિશાન બનાવે છે? આ નવી દરખાસ્ત સામે વિવિધ ગ્રાહક સુરક્ષા મંડળો અને વિપક્ષોએ પણ મોરચો માંડ્યો છે અને તેને તાત્કાલિક અસરથી ફગાવી દેવાની માંગ કરી છે. જો આ ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. હવે જોવાનું એ રહે છે કે ચૂંટણી ટાણે મોટા-મોટા વાયદા કરતી સરકાર મોંઘવારીથી ત્રાહિમામ પોકારેલી જનતા પર રહેમ નજર રાખીને આ દરખાસ્ત રદ કરે છે, કે પછી વીજ કંપનીઓના ઈશારે પ્રજાના ખિસ્સા પર વધુ એક મોટો ધાડ મારવાની મંજૂરી આપી દે છે!

## સ્માર્ટ સિટી અમદાવાદના વહીવટદારોની 'ટૂંકી દ્રષ્ટિ'

### ચાની કીટલીએ પણ EVની ચર્ચા, પણ AMCના બાબુઓને પેટ્રોલ-ડીઝલ ફૂંકવામાં જ રસ!

**અમદાવાદ**

આજે સામાન્ય નાગરિક પણ મોંઘા પેટ્રોલ-ડીઝલથી બચવા અને પર્યાવરણને બચાવવા માટે ઈલેક્ટ્રિક વાહન (EV) ખરીદવા તરફ વળ્યો છે. કોઈ પાનના ગલ્લે કે ચાની કીટલી પર ઊભા રહો તો પણ ઈલેક્ટ્રિક વાહનોની જ ચર્ચા ચાલતી હોય છે. પરંતુ સ્માર્ટ સિટી હોવાનો દાવો કરતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના અધિકારીઓ અને પદાધિકારીઓની ટૂંકી દ્રષ્ટિના લીધે, પોતાના વાહનોના કાફલામાં પેટ્રોલ-ડીઝલના બદલે ઈવી સામેલ કરવાનો સ્માર્ટ વિચાર ક્યારેય આવ્યો જ નહીં! અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે હાલ અધિકારીઓ અને પદાધિકારીઓને અપાતી વૈભવી ગાડીઓથી લઈને ફિલ્ડમાં જવા માટે વપરાતી વાન સહિત કુલ ત્રણેક હજાર વાહનોનો મોટો કાફલો છે. આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે, આ વાહનો પાછળ છેલ્લાં પાંચ વર્ષમાં જ અંદાજે એક કરોડ લિટર ફ્યૂઅલ અને પ્રજાની




પરસેવાની કમાણીના 110 કરોડ રૂપિયાનો ધુમાડો કરી નાખવામાં આવ્યો છે. જનતાના ટેક્સના પૈસે વહીવટદારો માટે વૈભવની છોળો ઉડી રહી છે. અમદાવાદના મેયર, ડેપ્યુટી મેયર, પક્ષના નેતા, વિપક્ષના નેતા, વિવિધ સમિતિઓના ચેરમેન સહિતના પદાધિકારીઓ તેમજ મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, આસિસ્ટન્ટ કમિશનર, ઈજનેર અને આરોગ્ય સહિતના વિવિધ વિભાગોના વડાઓને ઈનોવા અને અર્ટિગા જેવી વૈભવી કાર આપવામાં આવે છે. આવા લક્ઝુરિયસ વાહનોની સંખ્યા જ આશરે 600 થી 700 જેટલી છે. આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ વાન અને ડોર-ટુ-ડોર વાન સહિત શહેરમાં મ્યુનિસિપલના ત્રણેક હજાર વાહનો રોજ રસ્તા પર દોડી રહ્યા છે. જેમાં મ્યુનિસિપલની પોતાની માલિકીના, કોન્ટ્રાક્ટર આધારિત એજન્સીઓના અને ભાડે લેવાયેલા વાહનોનો સમાવેશ થાય છે. ગ્રીન સિટી અને સ્માર્ટ સિટીના નામે મોટી-મોટી વાતો કરતા આ અધિકારીઓ અને પદાધિકારીઓમાંથી કોઈને પણ આજ દિન સુધી ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ કરીને કોર્પોરેશનના કરોડો રૂપિયા બચાવવાનો વિચાર કેમ ન આવ્યો તે એક મોટો સવાલ છે. એક તરફ સામાન્ય જનતા મોંઘવારીમાં પીસાઈને પણ ઈવી અપનાવી રહી છે, ત્યારે બીજી તરફ પ્રજાના પૈસે જલસા કરતા તંત્રને પેટ્રોલ-ડીઝલના ધુમાડા ઉડાડવામાંથી નવરાશ મળતી નથી. જો કોર્પોરેશને સમયસર ઈવી વાહનો અપનાવ્યા હોત તો આ કરોડો રૂપિયા બચાવીને શહેરના વિકાસ કાર્યોમાં વાપરી શકાયા હોત. હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ AMCના સત્તાધીશોની ઊંઘ ઉડે છે કે પછી પ્રજાના પૈસાનો ધુમાડો આમ જ ચાલુ રહે છે!

### સોશિયલ મીડિયા પર રાજકીય કડીઓ જોડતી સ્ફોટક પોસ્ટ વાયરલ

# ગોધરાકાંડથી લઈને અજીત પવાર સુધીના ઘટનાક્રમને 'ષડયંત્ર' ગણાવતો દાવો!

**અમદાવાદ**

ગુજરાત અને દેશના રાજકારણમાં છેલ્લા બેથી અઢી દાયકામાં બનેલી કેટલીક મોટી અને ચકચારી ઘટનાઓને એક તાંતણે બાંધીને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી એક પોસ્ટ અત્યારે ભારે ચર્ચાનો વિષય બની છે. આ પોસ્ટમાં ગોધરાકાંડથી શરૂ કરીને તાજેતરના રાજકીય પ્રવાહો સુધીની ઘટનાઓને તાર્કિક રીતે જોડીને તેને એક મોટા 'રાજકીય ષડયંત્ર' તરીકે રજૂ કરવાનો દાવો કરવામાં આવ્યો છે. નેટીઝન્સ અને રાજકીય વર્તુળોમાં આ વિશ્લેષણ ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.

વાયરલ થઈ રહેલી આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, સત્તા મેળવવાની અને તેને ટકાવી રાખવાની લાલસાના મૂળ ગોધરાકાંડના સમયથી જ નખાઈ ગયા હતા. પોસ્ટના લેખક મુજબ, ગુજરાતની જનતા જે-તે સમયે બનેલી ઘટનાઓને માત્ર એક 'સંયોગ' સમજતી રહી, પરંતુ હકીકતમાં તે એક ચોક્કસ 'પ્રયોગ' હતો. ત્યારબાદ ગુજરાત બંધ દરમિયાન થયેલા હિંસક રમખાણો અને નૃશંસ હત્યાકાંડને દેશના બહુમતી સમુદાયના માનસને પ્રભાવિત કરવાના બીજા પ્રયોગ તરીકે દર્શાવવામાં આવ્યો છે.

આ વિશ્લેષણાત્મક પોસ્ટમાં કેટલાક હાઈ-પ્રોફાઈલ મૃત્યુ અને કાનૂની વિવાદોનો ક્રમબદ્ધ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં લખાયું છે કે:

પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા અને ત્યારબાદ તે કેસ સાથે જોડાયેલા પાત્રોના કથિત નકલી એન્કાઉન્ટર આ સિલસિલાનો પ્રથમ હિસ્સો હતા.

ભૂતકાળમાં સત્તા પક્ષ સામે મોરચો માંડનાર પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટના કાનૂની વિવાદો.

ચકચારી સોહરાબુદ્દીન કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ લોયાનું રહસ્યમય સંજોગોમાં થયેલું અવસાન.

આ તમામ સ્ફોટક મુદ્દાઓ તરફ ઈશારો કરીને સામાન્ય નાગરિકોને આ તમામ ઘટનાઓ પાછળના કથિત રાજકીય તાર મેળવવા માટે 'કડીઓ જોડવાની' અપીલ કરવામાં આવી છે.

પોસ્ટમાં માત્ર ગુજરાત પૂરતી જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરની ઘટનાઓને પણ સાંકળવામાં આવી છે. દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટર ક્રેશની દુર્ઘટનાને પણ આ જ કડી સાથે જોડવાનો વિવાદાસ્પદ દાવો કરાયો છે.

આ ઉપરાંત, સત્તાવાર રાજકારણમાં અચાનક લેવાયેલા નિર્ણયો જેવા કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને અચાનક પદ પરથી હટાવવા અને મહારાષ્ટ્રના રાજકારણમાં અજીત પવારના નાટ્યાત્મક પક્ષપલટા અને સત્તા ભાગીદારીને આ કથિત સ્ક્રિપ્ટના અંતિમ ચરણ તરીકે દર્શાવવામાં આવ્યા છે. 'જય શ્રી રામ' ના નારા સાથે પૂર્ણ થતી આ સોશિયલ મીડિયા પોસ્ટ અત્યારે વાહનોના વોટ્સએપ ગ્રૂપો અને ફેસબુક પર ભારે ચર્ચા જગાવી રહી છે. કેટલાક યુઝર્સ આને માત્ર એક 'કોન્સ્પિરેસી થિયરી' (કાલ્પનિક અહેવાલ) ગણાવી રહ્યા છે, જ્યારે રાજકીય બાબતોમાં રસ ધરાવતો એક વર્ગ આ આંકડા અને નામોના ક્રમ પર પોતાના મંતવ્યો રજૂ કરી રહ્યો છે. લોકશાહીમાં ઘટનાઓની પાછળ છુપાયેલા રાજકીય ગણિતને સમજવા માટે આ પ્રકારના જનતાના પક્ષે થતા વિશ્લેષણો હંમેશા કુતૂહલનો વિષય બનતા હોય છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI